સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
જૂન, ૨૦૧૯



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી
મહારાજના દિવ્ય
આશીર્વાદથી સુરતમાં
બી.એ.પી.એસ. સત્સંગના
વિકાસનું શાનદાર શિખર

પ્રેરણામૂર્તિ પ્રગટ
બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી
મહારાજનાં કરકમળો દ્વારા
થયો નૂતન મંદિરનો
વેદોક્ત શિલાન્યાસ



સુરતની ધરતી પર નૂતન કલામંડિત શિખરબદ્ધ
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો

## શિલાન્યાસ મહોત્સવ






## સુરતમાં મહંત સ્વામી મહારાજે કર્યો નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

તા. ૭-૫-૨૦૧૯ના રોજ સુરતના ઉપનગર કણાદ ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ત્રિમંજિલા કલામંડિત શિખરબદ્ધ મંદિરનો વેદોક્ત વિધિપૂર્વક શિલાન્યાસ વિધિ કર્યો છે. પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીના સંકલ્પે નિર્માણ પામનારું આ વિશાળ પરિસર સુરતમાં વિરલ નજરાણા સમું એક અનોખું સંસ્કૃતિધામ બનશે. આ શિલાન્યાસની વિશેષ વિગતો વાંચો આગામી અંકે...

(મુખપૃષ્ઠ પર મંદિરની છબિ કોમ્પ્યુટરની મદદથી તૈયાર કરાયેલ માનચિત્ર છે.)



1819-2019 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

# યોગીરાજને કોટિ કોટિ વંદન...



## ક્રમિકા


૪. યજ્ઞપુરુષ પ્રવર્તિત...
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૬. વચનામૃત નિદિધ્યાસન
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૯. વચનામૃત ચિંતન
– હર્ષદરાય ટી. દવે

૧૧. વચનામૃતમાં શ્રીહરિએ કરેલું ભક્તિનું નિરૂપણ
– સાધુ ભક્તિસાગરદાસ

૧૬. વચનામૃતના આધારે પરમહંસોનું વ્યક્તિત્વ : સદ્. ગોપાળાનંદ સ્વામી
– સાધુ મધુરવદનદાસ

૨૦. વચનામૃતના ઉદ્ગાતા ભગવાન સ્વામિનારાયણની સાધના
– સાધુ જ્ઞાનાનંદદાસ

૨૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૫. દુબઈમાં યોજાયા ભક્તિમય કાર્યક્રમો

૪૨. નૂતન મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૪૭. બુટવલનગરમાં નીલકંઠવર્ણીના પ્રાસાદિક સ્મૃતિસ્થાનનું ઉદ્ઘાટન

૪૯. બી.એ.પી.એસ. સંસ્થાનાં કેન્દ્રોમાં વિવિધ કાર્યક્રમોનાં વૃત્ત


બપોરના ત્રણેક વાગ્યા હશે. અમદાવાદનું અક્ષરપુરુષોત્તમ મંદિર સૂમસામ હતું. બબુભાઈ કોઠારી પોતાનું ઓફિસકાર્ય પૂરું કરીને બે ઘડી આરામ માટે જઈ રહ્યા હતા. એવામાં વાસણ ખખડવાનો ધીમો અવાજ તેમના કાને અથડાયો. પાણીની ટાંકીવાળી ઓરડીમાંથી એ અવાજ આવી રહ્યો હતો. લાગ્યું કે કોઈ વાસણ ઊટકી રહ્યું છે. અત્યારે ભર બપોરે કોણ વાસણ ઊટકતું હશે? આ આશ્ચર્ય અને જિજ્ઞાસા સાથે બબુભાઈ પાણીની ટાંકીવાળી ઓરડી તરફ વળ્યા.

બારણું અંદરથી બંધ હતું. બારણાની તિરાડમાંથી તેમણે નજર નાખી ને આશ્ચર્યચકિત થઈ ગયા. એઠાં વાસણોનો ઢગ અને વચ્ચે કછોટો વાળીને ખુલ્લા ડિલે વાસણ માંજવામાં તલ્લીન યોગીજી મહારાજ!

સેવા મળી ગયાનો આનંદ એમના રોમેરોમમાં છલકાતો હતો. લાખોના જીવનપ્રાણ ગુરુદેવ, આ રીતે પોતાના શિષ્યોનાં એઠાં વાસણ માંજે!

બબુભાઈથી રહેવાયું નહીં. એમણે તિરાડમાંથી બૂમ પાડી: ‘સ્વામી! આપ રહેવા દો... આપથી આવું ન કરાય... અમે કરી નાખીશું...’

અંદરથી અવાજ આવ્યો: ‘ના, ના ગુરુ! આજે તો સેવાનો ખરેખરો લાભ મળ્યો છે. મને કરવા દો. સેવા કરનારા બધા થાકીને સૂઈ ગયા છે એટલે આ લાભ મળી ગયો છે. આજે ‘ના’ પાડશો નહીં...’ અંદરના એ સ્વરમાં આજીજી હતી.

બહાર બબુભાઈ ના પાડતા રહ્યા ને અંદર વાસણ ઊટકાતાં રહ્યાં...

જીવનના છેલ્લા શ્વાસ સુધી ભક્તોની આવી નાનામાં નાની સેવા કરવાની તેમની તમન્ના, સૌને આશ્ચર્ય પમાડતી રહી. સૌને અતિ આશ્ચર્ય તો ત્યારે થયું કે એક વખત ૭૯ વર્ષની ઉંમરે માંદગીના બિછાનેથીય એમણે સૌને આજીજી કરી: ‘મને વાસણ ઊટકવાની સેવા કરવા જાવા દો... મને વાસણ ઊટકવાનું બહુ મન થાય છે...’

એવા વિરલ ગુણાતીત ગુરુહરિ સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને ૧૨૭મા જન્મદિને કોટિ કોટિ વંદન...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૬,**

**જૂન, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

**બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને ભાવવંદના...**



# યજ્ઞપુરુષ પ્રવર્તિત...

■ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

આરતીમાં આપણે સૌ સવાર-સાંજ રોજ ગાઈએ છીએ:

*'યજ્ઞપુરુષ પ્રવર્તિત સિદ્ધાન્તં સુખદમ્...'*

આ સુખદ સિદ્ધાંત પ્રવર્તાવનાર શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી કેવા અલૌકિક મહાપુરુષ હતા? તે માટે તેઓએ કેવાં કેવાં કષ્ટ સહન કર્યાં? તેઓની ભાવનાઓ કેવી ઉદાત્ત હતી? તે અંગે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે કરેલા ચિંતનમાં ગત અંકમાં શાસ્ત્રીજી મહારાજનો અપરિમિત મહિમા માણ્યો હતો. એ જ શૃંખલામાં, તેઓના મુખેથી સરેલું વધુ મહિમા-અમૃત માણીએ...

'શાસ્ત્રીજી મહારાજના મનમાં અક્ષરપુરુષોત્તમ, સિવાય બીજું કાંઈ નહોતું. એટલે ગાડી સડસડાટ ચાલી. છ મહિનામાં બોચાસણમાં મંદિર કરી દીધું. શાસ્ત્રીજી મહારાજે એક પૂરું થયું નથી ને બીજું, ત્રીજું મંદિર ઉપાડ્યું. તેઓના મનમાં ધ્યેય સ્પષ્ટ હતું કે 'આ બધું કાર્ય શ્રીજીમહારાજને કરવાનું છે, એટલે પૈસા મળી રહેશે ને બધું થશે.' શાસ્ત્રીજી મહારાજની શૂરવીરતાનો પાર પમાય એમ નથી. આ તો બધું કાર્યમાં દેખાયું, તેઓના અંતરમાં તો કેવું હશે! શું હશે! કેટલી બધી તમન્ના! કેટલી બધી ધગશ! જેટલી સુવિધા હતી, સગવડ હતી એટલું કાર્ય તો તેઓએ કરી જ નાંખ્યું કે 'બીજી વાત પછી થશે.' સારંગપુરનું મંદિર, ગોંડલનું મંદિર તેમણે કેવા સંજોગોમાં કર્યું છે!

અને છતાં શાસ્ત્રીજી મહારાજનું મન કેવું હતું! બે વાતોથી સમજીએ:

(૧) કોઈ હોય તો પોતાના દીકરાને કહે: 'આ બધી કમાણી મેં કરી છે, તું શાનો વાપરે?' અથવા બોલે નહીં તો મનમાં તો એવું હોય જ. પણ શાસ્ત્રીજી મહારાજને એવું કાંઈ નહીં. બધાને કહ્યું: 'લહેર કરો!' લહેર કરો એટલે કે 'આ સત્સંગ કરો,

ભગવાન ભજો!' આ જ એમના મનમાં હતું.

(૨) બોચાસણમાં એક ઈંટવાળા પાસેથી આપણે ઈંટો વેચાતી લીધી પણ તે કાચી હોવાથી બંગલો બેસી ગયો. ૪૦૦-૫૦૦ રૂપિયાની ઈંટો લીધેલી, તેમાં ૧૦-૧૫ રૂપિયા બાકી હતા, તો તે ઉઘરાણીએ આવ્યો. શાસ્ત્રીજી મહારાજે તેને સમજાવ્યુંઃ 'કાચી ઈંટોથી અમારે હજારનું નુકસાન ગયું. તો ૧૦-૧૫ રૂા. છૂટ મૂકી દો તો સારું.' પણ પેલાએ તો ઊલટી ૧૦-૧૫ ગાળો દીધી. શાસ્ત્રીજી મહારાજ સહન કરી ગયા અને રૂપિયા અપાવી દીધા.

પછીના દિવસોમાં તે વાંકમાં આવ્યો કે તેણે પાડેલી ઈંટ કોઈને વેચાય નહીં એવું હતું, પણ તે વેચતો હતો. તપાસ ચાલી. તેને ૫૦૦-૭૦૦ રૂપિયાનો સરકારી દંડ થાય તેમ હતો. શાસ્ત્રીજી મહારાજને આ વાતની ખબર પડી. તો તેમણે સાક્ષી પૂરવાની ના પાડી. કેવી દયા કરી! બીજો હોત તો? 'બરાબર લાગ આવ્યો છે, બરાબર ફસાવી દઉં.' એવું વિચારે. કેટલાક હરિભક્તોના મનમાં તો એવું જ હતું, પણ શાસ્ત્રીજી મહારાજ કહેઃ 'બચારો મરી જશે!' હવે તે સત્સંગી નહીં તોય દયા લાવી! કે 'એને દંડ થશે તો એનાં બૈરાં-છોકરાં રખડી પડશે.' એ સ્વામીને વિચાર આવ્યો. આપણને આવો વિચાર આવે જ નહીં. આપણે તો 'બરાબર છે, અને ભગવાને જ કર્યું છે' એવું વિચારીએ.

બીજી વાત, આપણે તો દેહભાવમાં રાચીએ છીએ, તોય આનંદ આવે છે; તો શાસ્ત્રીજી મહારાજ તો દેહભાવથી પર હતા અને આ સાચી વસ્તુમાં, શ્રીજીમહારાજમાં તેઓને કેટલો વિશ્વાસ હતો! તો તેઓને તો કેટલો આનંદ હશે!

શાસ્ત્રીજી મહારાજ આ શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે જ જન્મ્યા હતા. બીજું કોઈ કરી શકે જ નહીં, બીજા કોઈનું કામ નહીં. આ ખૂણિયું જ્ઞાન કહેવાતું. ટૂચ-ટૂચ-ટૂચ-ટૂચ ચાલતું'તું. એમાં ક્યાં પાર આવે? અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન આટલું જબરજસ્ત, શાસ્ત્રીજી મહારાજ નીકળી પડ્યા એને લીધે આ જબરજસ્ત કાર્ય થયું. અને સ્વામીને ગર્વ નહોતો પણ સિદ્ધાંતની દૃઢતા હતી કે 'આ થવું જ જોઈએ, નહીં તો લાખો માણસોનો, ને ઉત્તરોત્તર બધાનો મોક્ષ અટકશે.' ખરેખર મોક્ષ અટકી જાત. પણ શ્રીજીમહારાજ *'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'*માં કહે છેઃ 'સિદ્ધાંત કદી ફરે નહીં. ફરે તે સિદ્ધાંત નહીં.' એટલે શ્રીજીમહારાજ એવા મહાપુરુષને જ મોકલે કે બધું ચાલુ જ રહે. સમયે સમયે એવા મહાપુરુષ પૃથ્વી પર મોકલે. બધી મહારાજની જ ગોઠવણી હોય, ને આપણને આશ્ચર્ય આશ્ચર્ય લાગે. પણ બધું એકનું એક! શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ... લાગે બધા જુદા, પણ બધું એક જ. બધી શ્રીજીમહારાજની ગોઠવણી હોય. જેમ દડો નાખે ને ખૂલતું, ખૂલતું, ખૂલતું અંતે બધું ખૂલી જાય એવું છે. એક જ દડો શ્રીજીમહારાજે નાખ્યો છે તે ખૂલતાં વાર લાગશે. કેમ કે, સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી. તો દડો ક્યારે ખૂલશે? એ રહેવાનો જ છે.

આ બધું જ કાર્ય નિષ્ઠાના પ્રવર્તન માટે. એ જ શાસ્ત્રીજી મહારાજનું કાર્ય હતું અને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થઈ એનું કામ થઈ ગયું. એ બધા મોક્ષના અધિકારી થઈ ગયા. એ હરિભક્તના ઘરે બાળક જન્મે એનુંય કામ થઈ ગયું. એને ખબર નથી, પણ એ પણ મોક્ષનો અધિકારી જ છે. મોટા સ્વામી (યજ્ઞપ્રિય સ્વામી) શાસ્ત્રીજી મહારાજની કહેલી એક સરસ વાત કરતાઃ 'તમે અક્ષરપુરુષોત્તમની આવી નિષ્ઠા ધરાવો છો તો શ્રીજીમહારાજ તમને સામેથી ભેટવા આવશે, અને તમને બાળક બનાવી પોતાના ખોળામાં પધરાવશે.'

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા છે એ બધી વાત સાચી છે. આપણને લાગે કે 'એમ ને એમ બોલી ગયા', પણ એમ ને એમ નથી બોલ્યા, તેઓ બધું જાણે છે, પણ ધીરજ રાખે. જેમ નાના બાળક આગળ આઈનસ્ટાઈન શું વાત કરે? $E=mc^2$ કહે? એનો પૌત્ર હોય તેની આગળ તો ગલ્લાં-તલ્લાં જ કરે. ત્રીજો કોઈક આવે ને આ જુએ તો તેને આશ્ચર્ય થાય કે 'આ આઈનસ્ટાઈન?' એવું છે. શાસ્ત્રીજી મહારાજે આપણને બધાને બાળક બનાવીને આ જ્ઞાન રેડ્યું છે... હવે એમનો સંગ કરીએ; બસ, એટલું જ! તો ઓટોમેટિક જ્ઞાન આવે, નિષ્ઠા દૃઢ થાય, કેફ ચઢે... *'યજ્ઞપુરુષનાં દર્શન કરતાં, ચડે છે ચોગણો રંગ'* એ શબ્દો એકદમ સાચા છે. આણંદમાં એક વૃદ્ધ માંદા હતા, હૉસ્પિટલમાં દાખલ કરેલા. ચલાય એવી કોઈ પરિસ્થિતિ નહોતી, એક મહિનાથી એક ડગલું પણ ચાલ્યા નહોતા, પણ અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજની જન્મજયંતીની વાત સાંભળી તો ઊભા થઈને કેફથી ૧૦૦ ડગલાં ચાલી ગયા. આવો કેફ આવવો જોઈએ.

આવા યુગપુરુષ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્તિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને આપણે પણ જીવમાં ઉતારીએ, દૃઢ કરીએ ને અક્ષરધામમાં શ્રીજીના ખોળે ખેલીએ એ જ પ્રાર્થના.

(તા. ૨૫-૩-૨૦૧૯ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે આપેલા ગોષ્ઠિલાભમાંથી સંકલિત) ◆

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.**

# આધ્યાત્મિક સવળો વિચાર



સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને
અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે.
એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે, તેને વિવેક છે.

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૬)




વિચાર એટલે શું?

સવળો વિચાર એટલે શું?

આધ્યાત્મિક વિચાર એટલે શું? અને એની જરૂર શું?

પ્રાણીમાત્રને સુખી થવું છે. આપણા જે કાંઈ પ્રયત્નો છે, જે કાંઈ દોડાદોડ છે, તે પણ સુખને અર્થે જ છે. સુખી થવા ઉપર જ બધાને તાન છે. પશુ જાતિમાં પણ ભરણ-પોષણ, મમતા, સુખ-સગવડની શોધખોળ જે કહો તે એને માટે જ છે! ઇંગ્લિશમાં એને 'ઇન્સ્ટીંક્ટ'(વૃત્તિ) કહે છે. પરંતુ પશુઓમાં એની વિચારશક્તિ નથી. જ્યારે માણસને વિચાર શક્તિની બક્ષિસ મળેલી છે.

સુગરીનું એક જ દૃષ્ટાંત આપણે લઈએ. એ જે માળો બનાવે છે તેમાં ભલભલાની મતિ મૂંઝાઈ જાય એવું છે. વિજ્ઞાનીઓને વિચાર થાય કે સુગરી એની બુદ્ધિથી કરે છે? શીખીને કરે છે? કેવી રીતે કરે છે? એ જાણવા એક પ્રયોગ કરવામાં આવ્યો. એવી વ્યવસ્થા કરવામાં આવી કે ચાર સુગરીની પેઢીને એક ઘાસનું તરણું પણ ન મળે. ખાવા-પીવાનું બધું મળે પણ માળો બનાવવા માટે કોઈ સાધન મળે નહીં. ચાર પેઢી સુધી એને વંચિત રાખ્યાં. પાંચમી પેઢીને આ સાધન આપ્યાં તો એણે એવો જ માળો બનાવ્યો! આ કોણે શિખવાડ્યું? કેવી રીતે કર્યું? તો આ પ્રાકૃતિક સ્ફુરણા કહેવાય. એટલે આ રીતે પ્રાણીમાત્ર હજારો લાખો વરસથી જે રીતે હતાં એવાં ને એવાં આજે પણ છે. એમાં કાંઈક થોડો ફેરફાર થયો હશે તો પ્રાકૃતિકના નિયમ પ્રમાણે થયો છે. બાકી વિચારશક્તિને લીધે નથી. પશુ-પંખીને બુદ્ધિ હોય છે, પણ મન નથી હોતું. એટલે માણસને 'માનવ' એ મન ઉપરથી પણ કહી શકાય છે. આપણને મન છે એટલે આપણે જુદા પડીએ છીએ. દર વર્ષે નવા મોડેલની કેટલી શોધ થઈ રહી છે! આપણે ચંદ્ર સુધી પહોંચ્યા! આ વિચાર સિંહ, હાથી, ડોલ્ફીન, ગોરીલા કે બીજા પશુ-પંખીને આવે જ નહીં. એને ખાવું-પીવું વગેરે પોતાના દેહની જરૂરિયાત પૂરતો જ વિચાર આવે. જ્યારે માણસ પાસે મન છે. અને આ મન છે એ જ સુખ-દુઃખનું કારણ છે અને વિચારોનું ઉત્પત્તિ સ્થાન પણ છે. મનને આપણે વિચાર તરીકે લઈએ તો એમ પણ કહેવાય કે કેટલાક વિચારોથી આપણે સુખી પણ થઈ શકીએ અને કેટલાક વિચારોથી દુઃખી પણ થઈ શકીએ. બીજી રીતે એમ પણ કહી શકીએ કે સુખ-દુઃખના વિચાર છે એ સુખ-દુઃખનું કારણ છે. વિચારો જ આપણને સુખ-દુઃખ કરાવે છે, પદાર્થો નહીં. પદાર્થો તો પછી. પદાર્થની જરૂર નથી એવુંય નથી, પરંતુ સુખ-દુઃખમાં મનના વિચાર જ બહુ મોટો ભાગ ભજવે છે.



અમે ૧૯૬૦માં નૈરોબીમાં એક જગ્યાએ પધરામણીએ ગયેલા. તે બહુ મોટા માણસ હતા. તેમની પાસે લાખો રૂપિયાની સંપત્તિ, મોટાં મકાન બધું હતું. એનો એકનો એક છોકરો. એ છોકરો ગાંડો હતો. એને પાંજરામાં પૂરી રાખવો પડતો હતો! એને ખાવાનો વખત થાય એટલે બારી ખોલીને આપી દે. બાકી ચોવીસ કલાક એ ને એ જ સ્થાન. એને બહાર કાઢે તો ગમે એને બચકું ભરવા લાગે. નાખોરિયાં ભરે! પશુની જેવી ક્રિયા કરે! મોટો બંગલો છે, લાખો કરોડો રૂપિયા છે, મોટી કંપની ફેક્ટરી છે. પણ એ છોકરાને એવું છે કાંઈ સુખ? એને માટે આ બધો વૈભવ કામનો ખરો? એ છોકરાને વિચારશક્તિ જ નથી! એટલે પહેલાં માણસ વિચારથી સુખી થાય કે દુઃખી થાય છે, પદાર્થથી પછી. આપણને મળેલી અમૂલી ભેટ સમા આ વિચારને આપણે વ્યવસ્થિત કરીએ એ જ આધ્યાત્મિક સવળો વિચાર!

લૌકિક સુખ મેળવવા માટે જે આપણે પ્રયત્નો કરીએ છીએ, એ સવળો વિચાર નથી. પરંતુ પચાસ-સાઠ વરસની જિંદગીમાં પરલોકની કમાણી કરી લઈએ એને સવળો વિચાર કહેવાય. આ જ દેહે કરીને નિર્વાસનિક થવું છે, બ્રહ્મરૂપ થવું છે એમ વિચારી મંડી પડે એ આધ્યાત્મિક સવળો વિચાર! શાશ્વત, અવિનાશી, અખંડ, અચળ, અટલ સુખ માટેનો વિચાર એ

સાર્થક વિચાર છે. આધ્યાત્મિક વિચારો તો ઘણા જ છે પણ અક્ષરરૂપ થવાનો વિચાર શ્રેષ્ઠ છે. એ કરનાર બહુ થોડા. આધ્યાત્મિક વિચાર અવળો નથી હોતો. પણ આપણા કામમાં આવે, આપણે પ્રગતિ કરી શકીએ એને આપણા માટે સવળો વિચાર કહીએ.

ઘણા વિચારો આપણને સ્થગિત કરી નાંખે, આપણને ત્યાં ને ત્યાં જ મૂકી રાખે, આપણે આગળ વધી ન શકીએ. એટલા માટે જે આપણને પ્રગતિ કરાવે, નિરાશા-હતાશા વખતે પણ આપણને એ વિચારો કામ આવે, એને આધ્યાત્મિક સવળો વિચાર કહી શકીએ.

**વિચારોના અન્ય પ્રકાર:**

વિચારોને ત્રણ વિભાગમાં વહેંચી શકાયઃ વિચાર, સદ્‌વિચાર, અસદ્‌વિચાર. વરસાદ પડે છે ત્યારે મોટે ભાગે તો બધું પાણી દરિયા ભેગું થઈ જાય છે. એ રીતે ઘણા વિચારો ચેરાપૂંજીના વરસાદ જેવા છે. એ ચાલ્યા જ કરે છે. વિચારોને અટકાયત છે જ નહીં. ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે. જેમ હૃદય ધબકે છે, તેમ વિચારો ચાલ્યા જ કરે છે. સ્વપ્ન અવસ્થામાંય ચાલે છે ને સુષુપ્તિમાંય ચાલે છે. સ્વામિનારાયણ ભગવાન તેને માટે 'ઘાટ', 'સંકલ્પ-વિકલ્પ' શબ્દ વાપરે છે. ક્યારેક આપણને સુષુપ્તિમાંય ઘાટ લાગે છે. સવારે ઊઠીને આપણે ક્યારેક નથી કહેતા કે આજ તો ગાઢ નિદ્રા આવી! શું મજા આવી! આ સુષુપ્તિ અવસ્થા છે પણ તોય એની અંદર વિચારો તો ચાલ્યા જ કરે છે! આપણને ખબર ન પડે એટલું જ! સ્વપ્નાવસ્થામાં આપણને ખબર પડે છે કે એ વંટોળિયાની જેમ ઘુમરડી લેતા ક્યાંના ક્યાંય ફરી વળે છે! આપણે એકાદ વિચાર પણ પકડી શકતા નથી, કારણ કે ઊંઘમાં છીએ. પણ જાગ્રતમાં આપણને થોડી વિશેષ ખબર પડે છે. છતાંય શ્રીજીમહારાજે વચનામૃતમાં મુક્તાનંદ સ્વામી જેવાને કહ્યું કે મુક્તાનંદ સ્વામી! તમારા જેવા કોઈ હોય એને દિવસના હજારો ઘાટમાંથી બે-ચાર સ્થૂળ ઘાટ થાય એય પકડી ન શકે. બાકી સૂક્ષ્મ ઘાટ, અત્યંત સૂક્ષ્મ ઘાટ, સેલ્ફ કોન્સિયસ(આંતરચેતના)માં થાય છે એ તો કોઈનાય હાથમાં ન આવે!

આપણે પ્રવચન સાંભળતા હોઈએ, એમાં ઝોલું આવી જાય. એ ઝોલામાં નાનું સ્વપ્નું આવી જાય. પછી આપણે જાગીએ ત્યારે ખબર પડે છે કે પ્રવચનના વિષયને ને આપણને આવેલા ઝોલાના સ્વપ્નને કાંઈ સંબંધ હોતો નથી. ઝોલાની અંદર તમને જે કાંઈ બે-ચાર વિચાર આવ્યા હશે, સ્વપ્નું આવ્યું હશે, એને જાગ્રત અવસ્થામાં આજુબાજુ કોઈ સાથે કનેક્શન હોતું જ નથી. અત્યારેય અંતરમાં તો કાંઈ જુદું ચાલતું જ હશે એનો આપણને ખ્યાલ જ નથી. એને 'સેલ્ફ કોન્શિયસ' કહેવાય. એનો ખ્યાલ ક્યારે આવે કે જ્યારે આપણું ખૂબ ઘડતર થયેલું હોય. કસરત-આસનો કરીને શરીર બરાબર ઘડેલું હોય તો માણસ વ્યવસ્થિત ઊઠી-બેસી શકે, થાક વિના બધું કરી શકે. એમ જો મનનું ઘડતર કર્યું હોય, તો વિચારની ભૂમિકા, તેનું સ્વરૂપ ઓળખી શકે અને આધ્યાત્મિક ઘડતર થયેલું હોય તો એ ગમે એવી અવસ્થામાં પણ સુખી રહી શકે.

એ ઘડતર મોટા સંતોના સત્સંગથી પ્રાપ્ત થાય છે. પણ એ સત્સંગ કરવામાં ફેર પડી જાય છે. એટલે આપણે જે ગ્રહણ કરવું હોય એ નથી થતું. વરસાદ ખૂબ ધોધમાર પડ્યો પણ મોટા ભાગનું પાણી તો દરિયા ભેગું થઈ ગયું. એમ વિચારનું પણ એવું જ છે. વિચારો તો ઘણા આવે પણ એને વળગી રહીએ એવો વિચાર એક પણ ન હોય. મોટા ભાગના વિચાર તો વગર કામના જ થયા કરે છે. એનો કોઈ અર્થ જ નથી હોતો. દુઃખેય નથી થતું, સુખેય નથી ઊપજતું, પણ એમ ને એમ થયા જ કરે. એ આપણો સમય બગાડ્યા કરે છે.

જે વિચારથી પોતાને, સમાજને ને સમુદાયને નુકસાન થાય એને અસદ્‌વિચાર કહે છે. ઘણા તો અસદ્‌વિચાર એવા હોય કે વારંવાર નુકસાન અનુભવવા છતાં તેને છોડી ન શકીએ! કોઈને મારવાના કે કોઈનું અહિત કરવાના વિચારો ચાલતા હોય તેને ઓળખીએ. આપણે એવી ક્રિયા કરીએ કે ન કરીએ, પણ આપણને તો એવા અસદ્‌વિચારથી નુકસાન થાય છે જ. આ વાત વૈજ્ઞાનિકો પણ કહે છે. શોધ કરીને એમણે પુરવાર પણ કરેલું છે કે આવા વિચારો ચાલતા રહે તો આપણા શરીરની અંદરની પ્રક્રિયાઓ બદલાતી રહે છે.

એકવાર એવા ઘણા માણસોને ગુસ્સે કરવામાં આવ્યા. પછી એનો પરસેવો લેવામાં આવ્યો અને સામાન્ય સંજોગોમાં પરસેવો લેવામાં આવ્યો. બેમાં ફેર જણાયો. એટલે શરીરની અંદર પણ વિચારોના આધારે પ્રક્રિયાઓ ચાલતી હોય છે. એટલે ખરાબ વિચાર આવે તો ખરેખર નુકસાન થાય. આપણને પોતાને જ પહેલાં નુકસાન થાય, બીજાને તો પછી! એ રીતે સારા વિચાર છે એ આપણને સુખ ઉપજાવે છે. એ લાભદાયક હોય છે. આમ, વિચાર, અસદ્‌વિચાર અને સદ્‌વિચાર એમ ત્રણ વિભાગ છે.

પણ આધ્યાત્મિક વિચાર એ ત્રણે કરતાં જુદો છે. એ જીવની ઉન્નતિ માટે છે, મુક્તિ માટે છે. એ આપણું કલેવર બદલી નાખે છે. શ્રીજીમહારાજે આના ઉપર ખૂબ ભાર મૂકેલો છે.

◆

# વચનામૃત
દ્વિ શ તા બ્દી મ હો ત્સ વ



## ઈર્ષ્યા કરવી હોય તો
# નારદજીના જેવી કરવી...

**વચનામૃત ચિંતન: વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪**

■ **શ્રી હર્ષદરાય ટી. દવે**

અક્ષરનિવાસી ભક્તરાજ હર્ષદરાય ત્રિભોવનદાસ દવે એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું વિપુલ ઐતિહાસિક સાહિત્ય સર્જનાર સંપ્રદાયના અભિનવ વ્યાસ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર હર્ષદભાઈ સંપ્રદાયના રહસ્ય ગ્રંથોના એક નિરાળા મર્મજ્ઞ હતા. એક પ્રખર વિદ્વાન તરીકે જ નહીં, પરંતુ ભગવાન સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક રહસ્યોના ઊંડા અભ્યાસી તરીકે તેઓ સૌના દિલમાં સ્થાન પામ્યા હતા. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષો સુધી સંતોએ તેમના મુખેથી મુંબઈમાં નિત્ય વચનામૃતનું ચિંતન-મનન-નિરૂપણ સાંભળવાનો લહાવો લીધો છે.
ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો પરનું તેમનું મનનીય ચિંતન 'સ્વામિનારાયણ પ્રકાશ'માં ૧૯૬૦-૭૦ના દાયકામાં શ્રેણીબદ્ધ રીતે પ્રકાશિત થતું રહ્યું હતું. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે તેમની રોચક કલમે લખાયેલા વચનામૃતના એ ચિંતનાત્મક લેખોની શ્રેણીને પુનઃ 'સ્વામિનારાયણ પ્રકાશ'ના પૃષ્ઠપટ પર માણતા રહીશું...

વીજળીના દીવાનું ફિટિંગ સંપૂર્ણ હોય, સ્વિચ ચાલુ કરી હોય, બલ્બ પણ સારી હાલતમાં હોય, પાવર હાઉસ સાથેનું જોડાણ પણ થયેલું હોય છતાં ઘણી વખત બલ્બમાં પ્રકાશ થતો નથી.

તેનું કારણ છે - પેલો નાનો સરખો ફ્યૂઝનો તાર બળી ગયો છે તે.

ટેલિફોનના આંકડાઓમાંથી બધા બરાબર ફેરવીએ પણ એકમાં જરા સરખી ભૂલ થઈ એટલે જેનો સંપર્ક ટેલિફોન પર સાધવો હોય તે બની શકતું નથી અને ક્યાંનો ક્યાંય નંબર જોડાય છે.

રેડિયોનું મીટર ફેરવતાં સહેજ વધુ કે ઓછું ફરે તો જે સ્ટેશનને સાંભળવું હોય તે સ્ટેશનને બદલે બીજા સ્ટેશનનો અવાજ સંભળાવા માંડે છે.

મુંબઈથી આફ્રિકા જવા સ્ટીમર ઊપડે, પણ દિશાસૂચક યંત્રનો કાંટો જરાક ફરી જાય તો જે સ્થળે પહોંચવાનું હોય ત્યાંથી સેંકડો માઈલ દૂર સ્ટીમર જતી રહે.

આવું જ કંઈ આપણા જીવનમાં પણ બને છે.

તપ, ત્યાગ, સેવા, ભજન વગેરે અનેક સાધનો કરવા છતાં ક્યારેક ભગવાનની પ્રસન્નતા થતી નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગઢડા પ્રથમ

પ્રકરણના જથા વચનામૃતમાં નારદજીના દૃષ્ટાંતથી આપણી ક્યાં ભૂલ થાય છે તે સચોટપણે, સાદી સરળ રીતે સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યું છે.

તુંબરુજીએ લક્ષ્મીનારાયણ આગળ વૈકુંઠલોકમાં ગાન કર્યું. તેથી લક્ષ્મી અને નારાયણે પ્રસન્ન થઈ તુંબરુજીને પોતાનાં વસ્ત્રો આપ્યાં. આ જોઈને નારદજીને તુંબરુજી ઉપર ઈર્ષ્યા આવી અને તુંબરુજી જેવી ગાનવિદ્યા શીખી ભગવાનને પ્રસન્ન કરવાનો નિર્ણય કર્યો.

નારદજી ગાનવિદ્યા તો શીખ્યા પણ ભગવાન પ્રસન્ન ન થયા. શિવ થકી વરદાન પામીને ગાનવિદ્યા શીખ્યા તો પણ ભગવાન પ્રસન્ન ન થયા. છતાં નારદજી હિંમત ન હાર્યા. ફરીથી સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા પણ ભગવાન રાજી ન થયા. પછી વિનમ્રભાવે તુંબરુજી પાસે ગયા અને તેમની પાસેથી જ ગાનવિદ્યા શીખ્યા અને તરત જ ભગવાન રાજી થઈ ગયા.

અત્યાર સુધી નારદજીએ અનેક પ્રકારે ગાનવિદ્યા તો સિદ્ધ કરી હતી પણ ભગવાનના ભક્ત આગળ માન મૂકી શકતા ન હતા અને ઈર્ષ્યા રહ્યા કરતી હતી. તે ઈર્ષ્યા ને માન મૂક્યાં અને તુંબરુ પાસે શીખ્યા ત્યારે ભગવાન પ્રસન્ન થયા.

આમ, આપણે અનેક પ્રકારનાં સાધનો તો કરીએ છીએ પણ ભગવાનના ભક્તનો મહિમા સમજી, ઈર્ષ્યા અને માનનો ત્યાગ કરીએ તો જ ભગવાન રાજી થાય.

મુક્તાનંદ સ્વામીએ યથાર્થ જ ગાયું છે :

*'સાધન સર્વે માન બગાડે પળ વિષે,*
*જેમ ભળિયું પયસાકરમાં અહિ-ઝેર જો...'*

દૂધમાં સાકર, કેસર, બદામ, પિસ્તા, ચારોળી વગેરે નાખી તૈયાર કરીએ પણ જરા સરખું ઝેર તેમાં ભળે તો આખા દૂધના કટોરાને ઝેર બનાવી દે છે. એમ બધાં સાધનો કરવા છતાં જ્યાં સુધી ઈર્ષ્યા હૃદયમાંથી ન ટળે ત્યાં સુધી ભગવાનનો રાજીપો થતો નથી. એ ઈર્ષ્યા માનને આશરીને રહેલી હોય છે. એટલે એ માન-અભિમાન-અહંતા દૂર થતાં પરમાત્મા હૃદયમાં પ્રગટ થાય છે.

ફ્યૂઝનો તાર જોડાતાં પ્રકાશ થાય તેમ હૃદયમાં આત્મા-પરમાત્માનો જ્ઞાનરૂપી પ્રકાશ થાય છે. પરમાત્મા સાથે અખંડ સંબંધ બંધાય છે અને અક્ષરધામનું સુખ દેહ છતાં જ અનુભવાય છે. તેથી જ મુક્તાનંદ સ્વામીએ ગાયું છે કે –

*'હું ટળે હરિ ઢૂંકડા તે ટળાય દાસે રે...'*

આપણા હૃદયમાં રહેલ ઈર્ષ્યાને સ્થાને નારદજી જેવી ઈર્ષ્યા પ્રગટે અને દરેકમાંથી ગુણ ગ્રહણ કરી આપણું જીવન ઉન્નત કરવાની બુદ્ધિ આપણને સહુને શ્રીહરિ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સંતો આપે એ જ અભ્યર્થના.

◆


**હવે, સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ સામયિકોનું લવાજમ આપ ઓનલાઈન ભરી શકશો...**

magazines.baps.org

નૂતન પ્રેરણાથી છલકાવતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં સામયિકોનું
**હવે ઓનલાઈન લવાજમ ભરીએ અને પવિત્ર પ્રેરણાઓની ભાગીરથીને માણતા રહીએ...**

**આ વેબસાઈટ પર નીચે મુજબની સુવિધાઓ પ્રાપ્ત થશેઃ**

• લવાજમ રિન્યૂ કરી શકાશે, • લવાજમનું સરનામું બદલી શકાશે, • સંસ્થાના તમામ સામયિકોનું લવાજમ ભરી શકાશે,
• મિત્રો-સગાસંબંધીઓનાં લવાજમ ભરીને તેમને ભેટ આપી શકાશે.



## વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે કરેલું

# ભક્તિનું નિરૂપણ



ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગ્રંથમાં ભક્તિનું અદ્‌ભુત નિરૂપણ કર્યું છે. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા વચનામૃતનાં વિવિધ પાસાંઓ પર પ્રકાશિત થનાર મનનીય પુસ્તિકાઓ પૈકી, વિદ્વાન સંત પૂજ્ય ભક્તિસાગરદાસ સ્વામીએ લખેલી પુસ્તિકામાંથી આચમન રૂપે માણીએ ભક્તિનું નિરૂપણ...

■ સાધુ ભક્તિસાગરદાસ

કારિયાણી ગામ એટલે સૌરાષ્ટ્ર ભૂમિનું પ્રવેશદ્વાર.

સંવત ૧૮૭૭ આસો વદિ અમાસ, દીપોત્સવ પર્વ.[1]

સંધ્યા સમય. ક્ષત્રિય ભક્ત વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદા દ્વારના ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી.

તે દીપમાળાની વચ્ચે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ માટે મંચ બાંધ્યો હતો અને તે મંચ ઉપર સુરતના હરિભક્ત જાદવજીભાઈ જે છપ્પર પલંગ લાવ્યા હતા તે ગોઠવ્યો હતો. સૌ હરિભક્તોને પ્રસન્ન કરવા આજે શ્રીહરિએ શણગાર પણ અલૌકિક ધારણ કર્યા હતા. સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો, તે ઉપર ‘નરનારાયણ’ ‘સ્વામિનારાયણ’ શબ્દોથી અંકિત કાળા

૧. તા. ૫-૧૧-૧૮૨૦.

કિનખાબની ડગલી પહેરી હતી અને માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ બાંધી હતી અને આસમાની રંગનો રેંટો કમરે કસીને બાંધ્યો હતો. કંઠમાં ભક્તોએ ધરાવેલાં પીળાં પુષ્પના હાર ધારણ કર્યા હતા. શ્રીહરિના મુખારવિંદની શોભા અલૌકિક દેખાતી હતી. સૌ હરિભક્તો શ્રીહરિના સ્વરૂપનાં દર્શન કરી જાણે મૂર્તિમાં લીન થઈ ગયા હોય તેમ શ્રીહરિની સન્મુખ ચિત્રવત્ બેઠા હતા.

તે સમયે સભામાં દીવ બંદરથી આવેલાં હરિભક્ત પ્રેમીબાઈ ત્યાં સ્ત્રીઓની સભામાં બેઠાં હતાં. તેમણે પ્રાર્થના કરીઃ 'પ્રભુ! આપનું પૂજન કરવાની મારી ઇચ્છા છે.'

શ્રીહરિએ આ પ્રાર્થના સાંભળી. તેઓ તરત જ સિંહાસન પરથી ઊભા થયા અને મંચ પરથી નીચે સભામાં આવવા લાગ્યા. શ્રીહરિ સીધા સભામાં પાછળ પધાર્યા, જ્યાં બહેનો બેઠી હતી.

પ્રેમીબાઈ સામું જોઈને શ્રીહરિ બોલ્યાઃ 'બહેન! તારે અમારું પૂજન કરવું છે ને?' પછી બાજુમાં મૂકેલા પોટલા તરફ અંગુલિ નિર્દેશ કરી પૂછ્યુંઃ 'આ શું છે?'

'પ્રભુ! આપના માટે વસ્ત્રો અને અલંકાર!'

પ્રસન્ન પ્રેમીબાઈએ તરત જ પોતાની પાસે પોટલું હતું તે હાથમાં લીધું ને તરત જ ઊભા થઈ ગયાં. હાથ જોડીને શ્રીહરિને કહ્યુંઃ 'પ્રભુ! આ વસ્ત્રો અને અલંકાર જીવની જેમ જતન કરીને લાવી છું. આપને અર્પણ કરવા અધીરી થઈ હતી. સંકલ્પો થતા હતા કે આપની પાસે કેમ પહોંચવું. ત્યાં દયાળુ! આપ સામેથી પધાર્યા. લ્યો સ્વીકારો આ ભક્તની ભેટ!''

શ્રીહરિએ તેમના હાથમાંથી પોટલું લઈ લીધું. પછી પ્રેમીબાઈ તરફ અમીભરી દૃષ્ટિ કરી મંચ ઉપર આવી પલંગમાં બિરાજી ગયા. શ્રીહરિએ તરત જ આ અલંકાર ધારણ કર્યા. સભામાં સૌ સ્તબ્ધ બની તેઓની આ અલૌકિક લીલા જોઈ રહ્યા. પ્રેમીબાઈના ભાવનાં પણ સૌને દર્શન થયાં. પણ કોઈનેય સમજાયું નહીં કે પ્રેમીબાઈ કેવા ભાવથી આ ભેટ લાવ્યાં હશે કે શ્રીહરિ ઊભા થઈને તેની ભેટ લેવા પધાર્યા!

એટલામાં શ્રીહરિનો મધુર અવાજ સંભળાયોઃ 'સાંભળો, સંતો! હરિભક્તો! આટઆટલાં વર્ષ થયાં, તેમાં અમારે અર્થે કેટલાય હરિભક્તો વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે, પણ અમે આવી રીતે કોઈની સામા જઈને લેતા નથી. અને આવી રીતે કોઈનાં વસ્ત્ર, અલંકારો પહેરીને અમે રાજી પણ થયા નથી. આજે તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો.' પછી એ ભારે ભારે વસ્ત્રાલંકારો શ્રીહરિએ દીનાનાથ ભટ્ટને આપી દીધાં. શ્રીહરિની નિઃસ્પૃહિતાનાં દર્શન સૌએ અનેક વખત કર્યાં હતાં, પરંતુ આજે સૌને તેનાં વિશેષ દર્શન થયાં. સૌ કૃતાર્થ થયા. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્નો પૂછ્યા.

ત્યારબાદ શ્રીહરિએ મત્સરને ટાળવાની વાત કરતાં કહ્યુંઃ ''સર્વે વિકારમાત્રનો આધાર મત્સર છે. એટલે જ શ્રીમદ્ભાગવતમાં નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે... જે મત્સરવાળો હશે તેને તો અમે આ ભટ્ટને વસ્ત્ર આપ્યાં તેમાં પણ મત્સર આવ્યો હશે, પણ મત્સરવાળાને એવો વિચાર ન આવે જે, 'વસ્ત્ર લાવ્યાં હતાં તેને ધન્ય છે જે, આવાં ભારે વસ્ત્ર મહારાજને પહેરાવ્યાં' અને મહારાજને પણ ધન્ય છે જે, 'તરત બ્રાહ્મણને દઈ દીધાં.' કોઈક લે અને દે તોપણ મત્સરવાળો હોય તે ઠાલો ઠાલો વચમાં બળી મરે, પરંતુ અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે, પણ પંચવિષયમાંથી એકેને વિશે લેશમાત્ર ભાવ થતો નથી અને જેટલું કાંઈક અન્ન-વસ્ત્રાદિકનું ગ્રહણ કરતાં હઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતાં હઈશું, પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા. અમારે જે ખાવું-પીવું, ઓઢવું-પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે અને જો એમને અર્થે ન જણાય ને પોતાને અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ. અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ, પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી...

અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રખલા જેવી છે.'' (વચનામૃત કારિયાણી પ્રકરણ ૬)

શ્રીહરિને શુદ્ધ ભક્તિ અતિશય પ્રિય છે. એવું સૌને અનુભવાયું. શ્રીહરિ જીવોને ભક્તિ કરાવવા માટે જ પૃથ્વી પર પધારે છે. વચનામૃતમાં તેઓ કહે છેઃ

'તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને... મનુષ્ય જેવા થાય છે.' (વચનામૃત પંચાળા પ્રકરણ ૭)

## ભક્તિની વ્યાખ્યા

ભક્તિ એટલે શું?

મન, કર્મ અને વચનથી સ્નેહપૂર્વક ભગવાનમાં જોડાવું તેનું નામ ભક્તિ. શ્રીહરિ વચનામૃત ગ્રંથમાં ભક્તિની વિવિધ વ્યાખ્યાઓ દર્શાવે છે.

(૧) ભક્તિ એટલે પરમેશ્વરનો **દૃઢ આશ્રય**. ભક્તિ એટલે સર્વોપરી, પ્રત્યક્ષ ભગવત્સ્વરૂપને વરમાળા પહેરાવવી.

શ્રીહરિએ પુરાણકથાનો ઉલ્લેખ કરીને આ રીતે ભક્તિની વ્યાખ્યા આપીઃ 'જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં. પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, 'વરવા યોગ્ય કોણ છે? તેને હું વરું.' પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહીં ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહીં. એવી રીતે ઘણાકને વિષે મોટાં મોટાં કલંક દીઠાં. પછી દેવતામાત્ર તથા દૈત્યમાત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વ ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દૃઢ ભક્તિ થઈ. પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં. માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.' (ગઢડા મધ્ય પ્રકરણ ૧૦)

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ પુરાણકથાનો મર્મ સમજાવતાં કહ્યુંઃ 'ભક્તિનું સ્વરૂપ ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં કહ્યુ છે, તે મુજબ આપણે પણ સંસારરૂપી સમુદ્રમાંથી નીસરીને વિચાર કરવોઃ 'હું આત્મા છું. માટે મારે વરવા યોગ્ય કોણ છે?' પછી ઈશ્વરકોટિ, અવતારકોટિ અને પુરુષકોટિ એ આદિ પ્રકૃતિપુરુષપર્યંત સર્વેને કાળમાયાના સંબંધે યુક્ત જાણી, એ સર્વથી પર, સર્વના પ્રેરક, નિયંતા, સ્વામી અને અક્ષરધામના ધામી પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીના સ્વરૂપને સર્વપ્રકારે સુખરાશિ સમજી તેમને વરમાળા પહેરાવવી, એ ભક્તિનું અતિ ઉત્તમસ્વરૂપ સમજવું.' (સ્વામીની વાતોઃ ૮-૧૯)

(૨) ભક્તિ એટલે ભગવાનનાં પ્રાકૃત ચરિત્રને વિષે પણ **દિવ્યભાવ**. પ્રભુનાં દિવ્ય ચરિત્રો અને મનુષ્યચરિત્રો પણ કલ્યાણકારી જ છે - એવો વિશુદ્ધ ભાવ. ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં તેની સ્પષ્ટતા કરતાં કહે છેઃ

> “
>
> અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રખલા જેવી છે.
>
> **– ભગવાન શ્રી સ્વામિનારાયણ**
>
> ”

'ભગવાન જ્યારે જીવોનાં કલ્યાણ અર્થે મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વીને વિષે વિચરે છે ત્યારે ભગવાનનાં કેટલાંક ચરિત્ર તો દિવ્ય હોય ને કેટલાંક ચરિત્ર તો માયિક જેવાં હોય. તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે દેવકી-વસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું તથા ગોવર્ધન તોળ્યો તથા કાલિયનાગને કાઢીને યમુનાજીનું જળ નિર્વિષ કર્યું તથા બ્રહ્માનો મોહ નિવારણ કર્યો તથા અક્રૂરજીને યમુનાના જળમાં દર્શન દીધું તથા મલ્લ, હસ્તી, કંસાદિક દુષ્ટને મારીને સર્વ યાદવનું કષ્ટનિવારણ કર્યું; તેમજ રામાવતારને વિષે ધનુષ ભાંગ્યું તથા રાવણાદિક દુષ્ટને મારીને સર્વ દેવતાનું કષ્ટનિવારણ કર્યું ઈત્યાદિક જે પરાક્રમ તે ભગવાનનાં દિવ્ય ચરિત્ર કહેવાય... સીતાહરણ થયું ત્યારે રઘુનાથજી રોતાં રોતાં ઘેલા જેવા થઈ ગયા તથા કૃષ્ણાવતારમાં કાળયવનની આગળ ભાગ્યા તથા જરાસંધની આગળ હાર્યા ને પોતાની રાજધાની જે મથુરા તેને તજીને સમુદ્રના બેટમાં જઈ વસ્યા ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તે પ્રાકૃત જેવાં જણાય છે. માટે દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો.

ભગવાને ગીતામાં કહ્યું છે જે,

*'જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ।*
*ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન!॥'*

એ શ્લોકનો એમ અર્થ છે જે, 'હે અર્જુન! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.' માટે ભગવાન જે દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તોપણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય.' (ગઢડા મધ્ય પ્રકરણ ૧૦)

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ ગઢડા

મધ્ય ૧૦ વચનામૃત વંચાવી વાત કરી: 'દિવ્યભાવ અને મનુષ્યભાવ કલ્યાણકારી સમજાય તે ભક્તિ કહેવાય.' (સ્વામીની વાતો: ૫-૨૨૧)

(૩) ભક્તિ એટલે ભગવાનની **રુચિ અનુસાર વર્તવું** અને ભગવાન સંબંધી ક્રિયાઓ-પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું. શ્રીહરિ વચનામૃતમાં કહે છે:

'આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી બીજી વાત કોઈ મોટી નથી ને એ જ ભક્તિ છે ને એણે કરીને જ ભગવાનને પમાય છે.' (જેતલપુર પ્રકરણ ૩)

'ભગવાન અને ભગવાનના ભક્તના અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે.' (વરતાલ પ્રકરણ ૧૭)

(૪) ભક્તિ એટલે ભગવત્સ્વરૂપમાં **માહાત્મ્ય જ્ઞાને સહિત ઘણો સ્નેહ.** શ્રીહરિ કહે છે –

માહાત્મ્યજ્ઞાનયુગ્ભૂરિસ્નેહો ભક્તિશ્ચ માધવે।

(શિક્ષાપત્રી-૧૦૩)

ભક્તિ એટલે ભગવાનમાં પ્રેમનું પરમ શિખર.

## ભક્તિના પ્રકાર

અનુભવી સંત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ કહે છે:

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતગ્રંથમાં ત્રણ પ્રકારની ભક્તિ પ્રબોધી છે: (૧) સ્થૂળ ભક્તિ, (૨) સૂક્ષ્મ ભક્તિ અને (૩) હૃદયની ભક્તિ.

### (૧) સ્થૂળ ભક્તિ:

સ્થૂળ ભક્તિ એટલે દેહે કરીને ભગવાનને ભજવા તે. આ સ્થૂળ ભક્તિના નવ પ્રકાર છે.

શ્રીહરિ કહે છે:

*'શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ ।*
*અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્ ॥*

એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ.' (ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦)

ભગવાનની ભક્તિ નવલક્ષણા છે. તેના નવ ભેદ અહીં દર્શાવ્યા છે.

૧.૧ **શ્રવણભક્તિ:** ભગવાનનાં નામ, અલૌકિક ચરિત્રો, મહિમા અને કલ્યાણકારી ગુણોની કથાઓનું પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવું તે શ્રવણભક્તિ છે.

૧.૨ **કીર્તનભક્તિ:** ભગવાનનાં નામ, લીલાચરિત્રો અને ગુણો વગેરેનું ઉચ્ચ સ્વરથી ઉચ્ચારણ કરવું તે કીર્તનભક્તિ છે. તેમજ જેમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું વર્ણન હોય, ભગવાનનાં શણગાર, વસ્ત્રાલંકાર અને ભગવાનની દિવ્ય શોભા કે ભગવાનના અસાધારણ મહિમાનું વર્ણન હોય તેવાં ભજનો, પદો કે કીર્તનનું ગાન કરવું એ પણ કીર્તનભક્તિ છે.

૧.૩ **સ્મરણભક્તિ:** મન દ્વારા કોઈપણ પ્રકારે કરવામાં આવતી ભગવાનની સ્મૃતિને સ્મરણભક્તિ કહે છે. ભગવાનનાં પ્રભાવશાળી અને કલ્યાણકારી નામ, લીલાચરિત્રો અને દિવ્ય ગુણો વગેરેના કરેલા શ્રવણ અને કીર્તનનું મનન કરવું અને ભગવાનની લોકોત્તર લાવણ્યમયી દિવ્ય મૂર્તિનું ધ્યાન-ચિંતન કરવું એ સ્મરણભક્તિ છે. સ્મરણભક્તિના મુખ્ય ચાર પ્રકાર છે. ૧. ભગવાનનાં લીલાચરિત્રો, ૨. નામ સ્મરણ, ૩. અખંડ સ્મૃતિ, ૪. ધ્યાન.

૧.૪ **પાદસેવનભક્તિ:** ભગવાનનાં ચરણની સેવા. પ્રત્યક્ષ ભગવાન હોય ત્યારે પગચંપી કરવી, ન હોય તો માનસિક પગચંપી કરવી, ભગવાનની મૂર્તિનાં ચરણનો સ્પર્શ ભાવથી કરવો તે પાદસેવનભક્તિ છે.

૧.૫ **અર્ચનભક્તિ:** ભગવાનનું તથા ભગવાનની અષ્ટ પ્રકારની પ્રતિમાનું મંત્ર, પુષ્પ, ગંધાદિક ઉપચારોથી પૂજન કરવું તે અર્ચનભક્તિ છે.

૧.૬ **વંદનભક્તિ:** ભગવાનનાં ચરણોમાં મહિમા, શ્રદ્ધા અને ભક્તિપૂર્વક અનન્ય ભાવથી પ્રણામ કરવા તે વંદનભક્તિ છે.

૧.૭ **દાસ્યભક્તિ:** ભગવાનને પોતાનાં સર્વ કર્મો સમર્પિત કરવાં તથા સર્વ પ્રકારે ભગવાનની દાસભાવથી સેવા કરવી તે દાસ્યભક્તિ છે. મન, કર્મ, વચને કરીને ભગવાન અને સંતની આજ્ઞા અનુસાર એમની શ્રદ્ધા અને પ્રેમપૂર્વક દાસ્યભાવથી સેવા કરવી તે દાસ્યભક્તિ છે.

૧.૮ **સખ્યભક્તિ:** ભગવાનમાં અટલ વિશ્વાસ અને એમની સાથે મિત્રભાવે પ્રેમ કરવો, નિખાલસભાવે વર્તવું તે સખ્યભક્તિ કહેવાય છે.

૧.૯ **આત્મનિવેદનભક્તિ:** અહંકારરહિત પોતાનાં તન, મન, ધન અને પરિવારજન સહિત પોતાનું સર્વસ્વ શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ભગવાનને સમર્પણ કરવું એ આત્મનિવેદનભક્તિ છે.

આ નવવિધભક્તિનો ઉલ્લેખ શ્રીહરિએ વચનામૃતમાં અનેકવાર કર્યો છે. શ્રીહરિ ઉચ્ચારે છે:

'આ સત્સંગને વિષે પોતાના આત્યંતિક કલ્યાણને ઇચ્છતો એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને

પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી; તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચારે ગુણ તે સિદ્ધ કરવા.' (ગઢડા પ્રથમ પ્રકરણ ૧૯)

'...તેને વિષે (ભગવાનને વિષે) જે નવ પ્રકારની ભક્તિને કરે છે તેનું કલ્યાણ થાય છે.' (ગઢડા પ્રથમ પ્રકરણ ૫૨)

'અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધાભક્તિ તે અચળ રહે.' (ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)

'શાંતને ચંચળ થવું હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણવું; ને માહાત્મ્ય જાણે ત્યારે ભગવાનની નવ પ્રકારે ભક્તિ કરે તથા ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે, તેણે કરીને એનો ચંચળ સ્વભાવ થાય છે.' (લોયા પ્રકરણ ૮)

'ભગવાન પોતાના ઐશ્વર્યનો સંકોચ કરીને મનુષ્ય જેવા જ થઈને દર્શન આપે છે અને પોતે પોતાના ધામમાં પણ વિરાજમાન છે; ત્યારે તે મનુષ્યને દર્શનમાં, સ્પર્શમાં તથા નવ પ્રકારની ભક્તિ કર્યામાં આવે છે.' (પંચાળા પ્રકરણ ૪)

'તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણ અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે.' (પંચાળા પ્રકરણ ૭)

'ભગવાન તેની હેતે કરીને માનસી પૂજા કરવી તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી.' (ગઢડા મધ્ય પ્રકરણ ૧૯)

'નિષ્કામવ્રતપાલનમાં... ત્રણ ઉપાય છે તે તો અતિશય મુખ્ય છે. તેમાં એક તો મનને વશ કરવું જે, મનને વિષે અખંડ એવું મનન કરવું જે, 'હું આત્મા છું, દેહ નથી;' ને ભગવાનની કથા-શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહીં.' (ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)

'જેનો જીવ નિર્બળ હોય, તેને તો... બળ પામવાનો એક અતિશય મોટો ઉપાય છે જે, ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, તે ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે.' (ગઢડા મધ્ય પ્રકરણ ૬૩)

'શ્રીજીમહારાજ સર્વ હરિભક્ત ઉપર કૃપાદૃષ્ટિ કરીને બોલતા હવા જે, ભગવાનનો ભક્ત હોય ને ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને જો હરિભક્ત ઉપર ઈર્ષ્યાએ કરીને કરે તો તે ભક્તિએ કરીને ભગવાન અતિશય રાજી થતા નથી અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને કેવળ પોતાના કલ્યાણને અર્થે ભક્તિ કરે પણ લોકને દેખાડ્યા સારુ ન કરે, તો તે ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે. માટે જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો લોક રિઝાવવાને અર્થે તથા કોઈકની ઈર્ષ્યાએ કરીને ભક્તિ ન કરવી, કેવળ પોતાના કલ્યાણને અર્થે જ કરવી.' (ગઢડા અંત્ય પ્રકરણ ૬)

'ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૧૧)

'નવધા ભક્તિમાંથી જેને જે ભક્તિએ કરીને ભગવાનમાં દૃઢ સ્નેહ થાય તે જ ભક્તિ તેને શ્રેષ્ઠ છે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૧૪)

'ભૂંડાં દેશ, કાળ, સંગ અને ક્રિયા તેને યોગે કરીને જીવને પંચવિષયના જે ઘા લાગ્યા છે, તે જ્યારે નવધા ભક્તિ માંહેલી જે ભક્તિ કરતાં થકાં એ પંચવિષયના ઘાની પીડા ન રહે ને પંચવિષયનું સ્મરણ ન થાય એ જ એને પાટો ગોઠ્યો જાણવો.' (ગઢડા અંત્ય પ્રકરણ ૧૫)

'નવધા ભક્તિમાંથી જે ભક્તિ કરતે થકે પોતાનું મન ભગવાનમાં ચોંટે અને ભગવાન વિના બીજો ઘાટ કરે નહીં ત્યારે તે હરિભક્તને એમ જાણવું જે, મારું તો એ જ અંગ છે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૧૫)

'શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૨૪)

'ભગવાનનો જે સાચો ભક્ત... એક ભગવાનને વિષે જ પ્રીતિ કરે ને નવ પ્રકારની ભક્તિને કરે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૩૨)

'પોતાના મનને ભગવાનની નવ પ્રકારની ભક્તિને વિષે રુચિ સહિત રાખે ને ભક્તિમાં પ્રીતિ રાખે, એ બે પ્રકારે એ વર્તે તો એનો સત્સંગ પાર પડે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૩૨)

'ભગવાનની કથા સાંભળે, ઈત્યાદિક નવ પ્રકારની ભક્તિ સંબંધી જે નિયમ તેને પાળે, ત્યારે એના મનમાં પણ શુભ સંકલ્પ થવા લાગે.' (ગઢડા અંત્ય પ્રકરણ ૩૪)

'માહાત્મ્યે સહિત ને ધર્મે સહિત ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે, ત્યારે ભગવાન તેના હૃદામાં નિવાસ કરીને દુર્વાસનાને નાશ પમાડે છે.' (જેતલપુર પ્રકરણ ૩)

આમ, નવધા ભક્તિની વાતો ઘણાં વચનામૃતમાં પ્રતિબિંબિત થઈ છે. (અનુસંધાન પૃષ્ઠ ૪૬ પર)

વચનામૃતઃ
એક અદ્વિતીય ગ્રંથ

## વચનામૃતના આધારે પરમહંસોનું વ્યક્તિત્વઃ

# સદ્. ગોપાળાનંદ સ્વામી



ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉચ્ચારેલા વચનામૃત ગ્રંથમાં તેઓના અદ્વિતીય ઉપદેશની સાથે સાથે વરિષ્ઠ પરમહંસોનું વ્યક્તિત્વ પણ નીખરી ઊઠે છે. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી વગેરે પરમહંસ સંતોના વચનામૃતમાં નીખરી ઊઠેલા વ્યક્તિત્વને રજૂ કરતી પ્રકાશિત થનાર પુસ્તિકામાંથી એક આચમન રૂપે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનું વ્યક્તિત્વ-દર્શન અહીં પ્રસ્તુત છે...

■ સાધુ મધુરવદનદાસ

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી એટલે મહાસમર્થ પ્રતાપી યોગીવર્ય. નાનપણમાં તેમના જન્મસ્થળ ટોડલાથી થોડે દૂર આવેલ પ્રસિદ્ધ તીર્થ શામળાજી મંદિરની મૂર્તિ નિત્ય તેઓ સાથે રમવા આવતી. તેઓના હસ્તે યજ્ઞમાં આહુતિ અપાતી ત્યારે યજ્ઞનારાયણ દર્શન દેતા. તેઓ ગ્રહોની ગતિ ફેરવી શકે તેવા સમર્થ અને મહાવિદ્વાન હતા. તેઓની વિદ્વત્તા અને સાધુતાથી પ્રભાવિત થઈને સયાજીરાવ ગાયકવાડ સહિતના ધુરંધરો ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. અતિ સમર્થ હોવા છતાં તેઓ અત્યંત નમ્ર હતા. પોતાનું અપમાન કરનારાને પણ ઉદાર દિલે ક્ષમા આપતા. વિદ્વત્તા અને સાધુતા ઉભયનો મણિકાંચન-સંયોગ તેમના જીવનમાં દૃશ્યમાન થાય છે. તેમના વિશે શ્રીહરિચરિત્રામૃતસાગરમાં

લખાયું છે: 'તેઓ સત્સંગ વિના બ્રહ્માંડનાં મોટાં સુખ અંતે કાકવિષ્ટા સમાન દેખતા. તેમનું અંતર જેવું શુદ્ધ હતું તેને શ્રીહરિ યથાર્થ જાણતા હતા. તેઓમાં સંતનાં બધાં લક્ષણ સહેજે વર્તતાં હતાં. પણ તેનો લેશમાત્ર છક નહોતો.' તેઓ પણ વચનામૃતના ચાર સંપાદક સંતોમાં એક હતા.

## સત્સંગમાં મોટેરા

સ્વયં શ્રીહરિએ સમગ્ર સત્સંગ સમુદાયના મોટેરા તેમને કર્યા હતા. વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં પણ તેમની આ મોટપ સ્પષ્ટ નિયુક્ત થાય છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૧૭માં શ્રીહરિને આજ્ઞાપાલન અને વર્તમાન-ધર્મપાલનમાં કોઈ હિંમત વિનાની વાત ન કરે એવું નવું પ્રકરણ ચલાવવું હતું, ત્યારે મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી આદિક સાધુને તેડાવીને આ વાત કરી. કારણ કે મોટેરા જો આ વાત અપનાવી પ્રવર્તન કરે તો સર્વ સત્સંગસમાજ એને અનુસરે.

લોયા પ્રકરણ ૧૩માં શ્રીહરિએ આજ્ઞા કરી કે મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો.

ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં શ્રીહરિએ મોટેરા સંતોમાં તેમને ગણ્યા. ત્યાં શ્રીહરિ એમ બોલ્યા, 'અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલો ખાચર, દાદો ખાચર એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવાં રૂડી રીતે વર્તો છો...'

તેમની આ મોટપ પણ કેવળ વ્યાવહારિક જ નહીં, પરંતુ ગુણોની પણ મોટપ હતી, જેનું પ્રમાણ સ્વયં શ્રીહરિએ કર્યું છે. ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં દાસત્વભક્તિની ઉત્તમ સ્થિતિનું વર્ણન કરી શ્રીહરિએ કહ્યું કે એવા દાસત્વ-ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે.

ગઢડા અંત્ય પ્રકરણ ૩૩માં શ્રીહરિએ એમ વાર્તા કરી, 'ધન-દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહીં અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહીં, એવા તો આ સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહીં.' એમ કહીને વળી બોલ્યા જે, 'એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહીં.'

ગઢડા મધ્ય પ્રકરણ ૫૬માં પણ શ્રીહરિ વાત કરે છે, 'આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો આત્મા વિચારમાં જતો રહ્યો. પછી તેમાં એમ જણાયું જે, 'ભગવાનને વિશે જે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે.' પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે ભગવાનને વિશે પ્રીતિવાળા હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા...' આમ, ભગવાનને વિશે પ્રીતિવાળા ભક્તોમાં પણ શ્રીહરિને પ્રથમ ગોપાળાનંદ સ્વામી યાદ આવે છે, જે બતાવે છે કે શ્રીહરિને પણ તેઓ કેટલા પ્રિય હશે!

આમ, સ્વયં શ્રીહરિએ જ તેમની સદ્‌ગુણોની મોટપ પ્રમાણિત કરી છે. તેથી જ કોઈ વાતની ગંભીરતા બતાવવા શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની જેમ તેમનું પણ નામ લઈને વાત કરતા.

ગઢડા અંત્ય ૩૩માં જ આગળ શ્રીહરિએ વાત કરી કે એ એવા મોટા છે તો પણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહીં. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે, એમાં પણ સંશય છે.'

આમ, આવા સત્સંગમાં મોટેરાની પણ કુસંગથી આવી સ્થિતિ થાય, તો બીજાની તો શી હાલત થાય?! માટે તેમના મિષે શ્રીહરિ સર્વને વાતની ગંભીરતા સમજાવતા.

## મુમુક્ષુતાજન્ય પ્રશ્નો

શ્રીહરિને ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતમાં પૂછેલા પ્રશ્નો પર દૃષ્ટિ કરતાં તે બુદ્ધિ નહીં, પણ હૃદયમાંથી જન્મેલા લાગે. અર્થાત્ મુમુક્ષુતામાંથી જન્મેલા લાગે. એમની સાધનાના પરિપાકરૂપે એમણે પૂછ્યા હોય, તેમ અનુભવાય. જેમ કે —

- ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯માં તેમણે પૂછ્યું છે, 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમ પામે?'
- લોયા પ્રકરણ ૧૬માં શ્રીહરિએ વાસના કુંઠિત થઈ ન હોય, કુંઠિત થઈ હોય અને નિર્મૂળ થઈ હોય, તેનાં લક્ષણો કહ્યાં, ત્યારે તેમણે પૂછ્યું, 'વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જતી તેનું શું કારણ છે?'
- કારિયાણી પ્રકરણ ૧૦માં મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નોમાં જ્યારે શ્રીહરિએ ભગવાનના રાજીપા માટે તપ અને ત્યાગનું ભારપૂર્વક પ્રતિપાદન કર્યું, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું, 'હે મહારાજ, ત્યાગનો ને તપ કરવાનો મનમાં ઇશક તો હોય અને ત્યાગ કે તપ કરતાં વચમાં કોઈક વિઘ્ન આવી પડે તો

તેનું કેમ કરવું?' આ પ્રશ્નમાં જ તેમનો ત્યાગ અને તપનો ઈશક છલકાય છે.

જ્યારે તેમને એક હરિભક્ત બાપુ શિવરામે રેશમી ધોતિયું પહેરવા આપ્યું અને જ્યાં સુધી ફાટે નહીં ત્યાં સુધી પહેરવા આગ્રહ કર્યો, ત્યારે તેમણે એવું કસોકસ તાણીને પહેર્યું કે બેસતાંવેંત જ ફાટી ગયું!

- કારિયાણી પ્રકરણ ૧૦માં શ્રીહરિએ ઉત્તર આપ્યો, 'જેને જે વાતનો ઈશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહીં ત્યારે તેનો સાચો ઈશક જાણવો.

તો શ્રીહરિના આ વચન પ્રમાણે ખરેખર તેવો ત્યાગનો સાચો ઈશક ગોપાળાનંદ સ્વામીના જીવનમાં જોવા મળે છે.

## ઉત્તર જાણતા હોવા છતાં શ્રીહરિના મુખે જાણવાની ઇચ્છા

વચનામૃતમાં શ્રીહરિ સાથેના ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોત્તરમાં સ્પષ્ટ જાણવા મળે છે કે તેઓ શ્રીહરિનાં રુચિ-અભિપ્રાયને સારી રીતે જાણતા હતા. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૨૫માં વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહી બે જણ જ્યારે દેહ મૂકશે ત્યારે શી ગતિ પામશે? એ પ્રશ્ન શ્રીહરિએ પૂછ્યો, ત્યારે એનો ગોપાળાનંદ સ્વામીએ જે ઉત્તર કર્યો તે શ્રીહરિએ માન્ય રાખ્યો છે.
- ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં શ્રીહરિએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો કે 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે અતિ તીવ્રપણે વર્તતાં હોય તો પણ ધર્મમાં કાંઈક સંકરપણું થાય ને વૈરાગ્યમાં કોઈક ઠેકાણે રાગ રહી જાય ને ભક્તિમાં પણ કાંઈક શિથિલપણું થઈ જાય અને જ્ઞાનમાં પણ કાંઈક દેહઆસક્તિ રહી જાય તેનું શું કારણ હશે?' ત્યારે તેનો જે ઉત્તર ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ આપ્યો છે, તે પણ શ્રીહરિએ માન્ય રાખ્યો છે. આમ, તેઓ શ્રીહરિનાં રુચિ-અભિપ્રાય સુપેરે જાણતા હોવા છતાં, ઘણીવાર શ્રીહરિના મુખે ઉત્તર સાંભળવાની તેમની ઇચ્છા અનેક પ્રશ્નોત્તરીમાં પ્રગટ થઈ આવે છે. જે એમની મુમુક્ષુતાની દ્યોતક છે. જેમ કે –
- વરતાલ પ્રકરણ ૩માં શ્રીહરિએ પૂછ્યું કે આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યાં તે તે એકના પેટામાં આવી જાય એવું એક કયું એ ચારેમાં શ્રેષ્ઠ છે? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ, એવો તો એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે.'

હવે આ વચનામૃત પૂર્વે ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં શ્રીહરિએ વાત કરી હતી કે જ્ઞાન, વૈરાગ્ય કરતાંય ભક્તિમાં અધિક દૈવત છે. ગઢડા મધ્ય પ્રકરણ ૨૬માં પણ શ્રીહરિએ કહ્યું હતું કે ભક્તિમાં અંતરાય કરતા હોય તો જ્ઞાન, વૈરાગ્યાદિકને પણ પાછાં પાડવાં. ગઢડા મધ્ય પ્રકરણ ૩૨માં પણ શ્રીહરિએ જણાવ્યું હતું કે આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. તો શું આ સદ્‌ગુરુઓ શ્રીહરિનો આટલો સ્પષ્ટ અભિપ્રાય નહીં જાણતા હોય? જાણતા જ હોય, પણ શ્રીહરિના મુખે કંઈક વિશેષ જાણવા મળે તે હેતુસર તેમણે વરતાલ પ્રકરણ ૩માં ધર્મને બીજા ત્રણેય કરતાં અધિક બતાવ્યો.

ગઢડા પ્રથમ પ્રકરણ ૪૫માં જે રીતે એમણે પ્રશ્ન પૂછ્યો એ જોતાં જ ખ્યાલ આવે કે એમને ઉત્તર ખબર જ છે, છતાં કંઈક નવું જાણવા મળે તે હેતુસર તેમણે પ્રશ્ન પૂછ્યો: 'હે મહારાજ, કેટલાક વેદાંતી એમ કહે છે જે, 'ભગવાનને આકાર નથી' અને તેવા જ પ્રતિપાદનની શ્રુતિઓને ભણે છે અને કેટલાક જે નારદ, શુક, સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરે છે, તે એ બેમાંથી કોણ સાચા છે?' પ્રશ્નની રજૂઆતમાં જ એમણે સાકારવાદી ભક્તો માટે 'નારદ, શુક, સનકાદિક સરખા' એવા શબ્દ વાપર્યા છે, એ જ બતાવે છે કે એમનો પક્ષ જ સાચો છે. આમ, ઉત્તર અર્થાત્ શ્રીહરિનો અભિપ્રાય પોતે જાણતા હતા, છતાં કંઈક વિશેષ જાણવા મળે તે હેતુથી આ પ્રશ્ન પૂછ્યો છે. તદુપરાંત એ પ્રશ્ન કદાચ એમણે બીજા માટે પણ પૂછ્યો હોઈ શકે, જેથી બીજાના મનનું પણ સમાધાન થાય.

## પરહિતાર્થે પૂછેલા પ્રશ્નો

વચનામૃત ગ્રંથમાં ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોનું અવલોકન કરતાં તેમણે કેટલીકવાર અન્યના હિત માટે પણ પ્રશ્નો પૂછ્યા હોય, તેમ જણાય છે.

જેમ આગળ ગઢડા પ્રથમ પ્રકરણ ૪૫માં જોયું એમ એ પ્રશ્નોના શબ્દો પરથી પ્રતીતિ થાય છે કે તેઓ તો શ્રીહરિનો અભિપ્રાય જાણે છે પણ અન્યને પણ સ્પષ્ટતા થાય, તે હેતુસર પૂછી રહ્યા છે.

તેવો જ પ્રશ્ન તેમણે વરતાલ પ્રકરણ ૧૧માં પૂછ્યો છે,

'આ સંસારને વિશે જે પંડિત છે તે શાસ્ત્ર, પુરાણ સર્વે વાંચે છે પણ તેને ભગવાનનો ને સંતનો જેમ છે તેમ મહિમા કેમ સમજાતો નથી?'

આ વચનામૃતમાં આ પ્રશ્ન પછીનો જ પ્રશ્ન શ્રીહરિએ એ સમયના ગુજરાતના અગ્રગણ્ય પંડિત દીનાનાથ ભટ્ટને પૂછ્યો છે. એટલે દીનાનાથ ભટ્ટ જેવા પ્રખર પંડિત સભામાં હાજર છે. અને સાંપ્રદાયિક ઈતિહાસમાં અવગાહન કરતાં જણાય છે કે તેઓ ઘણા સમયથી શ્રીહરિના યોગમાં હતા, છતાં તેમને શ્રીહરિનો યથાર્થ મહિમા સમજાયો નહોતો. તેથી તેમને શ્રીહરિને વિશે મનુષ્યભાવ પણ આવ્યો હતો. તેથી જાણે તેમને અનુલક્ષીને ગોપાળાનંદ સ્વામી આ પ્રશ્ન પૂછી રહ્યા હોય, તેમ લાગે છે.

> "શ્રીહરિને ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતમાં પૂછેલા પ્રશ્નો પર દૃષ્ટિ કરતાં તે બુદ્ધિ નહીં, પણ હૃદયમાંથી જન્મેલા લાગે. મુમુક્ષુતામાંથી જન્મેલા લાગે. એમની સાધનાના પરિપાકરૂપે એમણે પૂછ્યા હોય, તેમ અનુભવાય."

તેવી જ રીતે ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં ગોપાળાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે, 'જેને બાળ અવસ્થા હોય અથવા યૌવન અવસ્થા હોય, તેને કેવા પુરુષનો સંગ કરવો?' આ પ્રશ્ન જ્યારે પુછાયો, ત્યારે ગોપાળાનંદ સ્વામી ૪૭ વર્ષે યૌવન વટાવીને આધેડ વયમાં પ્રવેશી રહ્યા હતા. તેથી દેખીતું છે કે આ પ્રશ્ન તેમણે પરહિતાર્થે જ પૂછ્યો છે.

## તાર્કિક, વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ

વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નો કેવળ એક શ્રદ્ધાળુ મુમુક્ષુના નહીં, પણ તાર્કિક અને શાસ્ત્રજ્ઞ વિદ્વાનના પ્રશ્નો છે. મુક્તાનંદ સ્વામીની જેમ જ ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોનો અભ્યાસ કરતાં તેઓમાં પણ સાધુતા અને વિદ્વત્તા ઉભયનો સુભગ સમન્વય થયો છે.

જીવનલક્ષી પ્રશ્નોની સાથે તાત્ત્વિક પ્રશ્નો પણ તેમણે શ્રીહરિ સમક્ષ ઉપસ્થિત કર્યા છે. કારિયાણી પ્રકરણ ૪માં શ્રીહરિએ આજ્ઞા કરી કે માંહોમાંહી પ્રશ્નોત્તર કરો. ત્યારે તેમણે ભજનાનંદ સ્વામીને પૂછ્યું, 'આ દેહને વિશે જીવનું જાણપણું કેટલું છે ને સાક્ષીનું જાણપણું કેટલું છે?'

તેમજ આગળ ગઢડા પ્રથમ પ્રકરણ ૪૫માં એમનો જે પ્રશ્ન જોયો, તેમાં તેમની શાસ્ત્રજ્ઞતા તથા વિદ્વત્તાનાં દર્શન થાય છે. સાથે તેમણે શ્રીહરિએ જે વાત કરી એ બધી મૂઢપણે સ્વીકારી લીધી હોય, એવું પણ નથી. જ્યાં જે વાત માન્યામાં ન આવે ત્યાં તાર્કિક પ્રતિપ્રશ્ન દ્વારા તેમણે શંકાનું સમાધાન પણ કર્યું છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩માં એમણે કરેલા પ્રતિપ્રશ્નોનું અવલોકન કરતાં તેમનું તર્કશીલ અને વિદ્વત્તાસભર વ્યક્તિત્વ ઊપસી આવે છે.

## નિખાલસતા - પ્રામાણિકતા

ગોપાળાનંદ સ્વામીના શ્રીહરિ સાથેના એક પ્રશ્નોત્તરમાં બહાર તરી આવતો એક ગુણ છે, તેમની નિખાલસતા - પ્રામાણિકતા. ક્યારેક શ્રીહરિએ તેમને પોતાને જ ઉદ્દેશીને વાત કરી હોય કે ઠપકો પણ આપ્યો હોય, તો પણ તેમાં કોઈ બાદબાકી કર્યા વિના સર્વ મુમુક્ષુ ભક્તોના લાભાર્થે તેમણે યથાતથા તેનું સંકલન કરી વચનામૃતમાં તે વાત સંપાદિત કરી છે. જે તેમની નિખાલસતા ને પ્રામાણિકતા સૂચવે છે.

સાંપ્રદાયિક ઈતિહાસ જોતાં ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો હતો, તે સર્વવિદિત છે. એવું પણ જાણવા મળે છે કે જ્યારે એક બાજુ સંતો દાદા ખાચરના દરબારમાં પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિનું સુખ લેતા હોય, ત્યારે તેઓ બીજી બાજુ લક્ષ્મીવાડીમાં શ્રીહરિની તે મૂર્તિનું ધ્યાન ધરીને આનંદ લેતા હતા. તેથી ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં શ્રીહરિએ તેમને જ ઉદ્દેશીને પ્રશ્ન પૂછ્યો, 'અષ્ટાંગયોગ સિદ્ધ થાય છે અથવા આત્મદર્શન થાય છે, તે તો ભગવાન ને ભગવાનના સંતની કૃપા થકી થાય છે. તે એ યોગ ને આત્મદર્શન સિદ્ધ થયાનું કારણ જે ભગવાન ને ભગવાનના સંત, તેને વિશે વૃત્તિ ગૌણ થઈ જાય છે ને અષ્ટાંગયોગ ને આત્મદર્શન એને વિશે વધુ લગની થાય છે તેનું શું કારણ હશે?' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ઉત્તર આપતાં કહ્યું, 'એ યોગીને યોગાભ્યાસ કરતે થકે યોગ સિદ્ધ થાય છે, તેનું કાંઈક માન આવે છે તેણે કરીને ભગવાનની કોરે કાંઈક વૃત્તિ ગૌણ થઈ જાય છે.'

સામે શ્રીહરિએ પ્રતિપ્રશ્ન પૂછ્યો, 'જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે એ યોગી છે તે બ્રહ્મરૂપ થાય છે. તે બ્રહ્મમાં તો કોઈ જાતનું માન હોય નહીં. માટે ઉત્તર સંભવે નહીં.' પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ, એ તો કાંઈ સમજાતું નથી, માટે કૃપા કરીને કહો.'

પછી શ્રીહરિએ પોતાની ખોટ ન સૂઝતી હોય, તો કોઈ મોટાની સાઈદી લેવાની વાત કરી. તેમજ ભગવાનને પ્રાર્થના પણ કરવાની વાત કરી.

આમ, ભલે તેમને ઉદ્દેશીને જ શ્રીહરિએ આ વાત કરી હોય, તે બધા જાણતા હોવા છતાં તેમણે વચનામૃતમાં ખૂબ પ્રામાણિકપણે જેમ છે તેમ તે વાત સંપાદિત કરી છે.

(ટૂંક સમયમાં પ્રકાશિત થનાર પુસ્તિકામાંથી ઉદ્ધૃત) ◆

## વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન સ્વામિનારાયણનો

# આચરણમય બોધ



■ સાધુ જ્ઞાનાનંદદાસ

વચનામૃત ગ્રંથના ઉપદેશક ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ હોવા છતાં તેઓએ આ પૃથ્વી પર આવીને સાધનાની આદર્શ રીત બતાવી છે. તેઓએ વચનામૃતમાં જે જે ઉપદેશ આપ્યા છે તે પ્રથમ સ્વયં જીવી બતાવ્યા છે. એટલા માટે જ આ ગ્રંથ સાધનાની દૃષ્ટિએ પણ અત્યંત પ્રમાણભૂત છે. ગ્રંથસ્થ શ્રીહરિના શબ્દો આચરણની અભિવ્યક્તિ છે. એમના શબ્દો પરમ પ્રમાણભૂત છે. શ્રીહરિ કેવી રીતે યથાર્થ જ્ઞાની છે, કેવી તેમની સાધનાઓ છે, કેવી તેમની સર્વોચ્ચ જ્ઞાનસ્થિતિ છે વગેરે મુદ્દાઓની હળવી છણાવટ સાથે આચરણયુક્ત ઉપદેશક તરીકેના શ્રીહરિના દિવ્ય વ્યક્તિત્વની એક ઝાંખી આપણે મેળવીએ.

### યથાર્થ જ્ઞાની શ્રીહરિ

'Half knowledge is dangerous.' આ ઉક્તિ પ્રમાણે લૌકિક જ્ઞાનની અધૂરપ પણ લૌકિક બાબતોને સિદ્ધ કરવામાં સફળ થતી નથી, તો પછી સ્વાભાવિક છે કે આધ્યાત્મિક માર્ગ માટે તો યથાર્થ જ્ઞાન આવશ્યક જ નહીં, અનિવાર્ય બની રહે છે. આધ્યાત્મિક ક્ષેત્રનું અલ્પ કે અધૂરું જ્ઞાન વક્તાના વક્તવ્યને અપ્રમાણભૂત બનાવી દે છે. વચનામૃતમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ભગવાન સ્વામિનારાયણ પૂર્ણ જ્ઞાની છે. તેમને આધ્યાત્મિક સત્યોનો પૂર્ણ અનુભવ છે, તે નીચેની બાબતોના આધારે સમજી શકાય છેઃ

૧. તેમને સત્શાસ્ત્રોનું ઊંડું અને અર્થપૂર્ણ જ્ઞાન છે.

૨. આધ્યાત્મિક સાધના સ્વયં પોતાના જીવનમાં આચરી છે.
૩. આ સાધનામાં સફળ થઈ સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી છે.
૪. તેઓ સ્વયં સિદ્ધ પરબ્રહ્મ તત્ત્વ છે.

**૧. શાસ્ત્રજ્ઞતા**

ભારતવર્ષની એ પરંપરા રહી છે કે કોઈ પણ જ્ઞાન જ્યાં સુધી શાસ્ત્ર-માન્ય ન હોય ત્યાં સુધી તે સંપૂર્ણપણે સ્વીકાર્ય થતું નથી. ભગવાન સ્વામિનારાયણે પણ આ પરંપરાને આદર આપ્યો છે. તેમના ઉપદેશમાં મૌલિકતાની સાથે સાથે, દરેક જગ્યાએ સત્શાસ્ત્રોનો નક્કર આધાર જોવા મળે છે. શ્રીમદ્‌-ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત, ઉપનિષદ, ઇતિહાસ, પુરાણો તેમજ સ્મૃતિશાસ્ત્રોમાંથી કોઈ સ્થાને સીધો જ સંદર્ભ ટાંકીને, તો કોઈ સ્થાને તેનો ભાવાર્થ ટાંકીને શ્રીજીમહારાજે પોતાનો મૌલિક સિદ્ધાંત સમજાવ્યો છે.

આ માટે ભગવાન સ્વામિનારાયણે સત્શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે તે એમના પોતાના જ શબ્દોમાં જોઈએઃ

‘આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.’ (ગ. મ. ૨૮)

શાસ્ત્રનું ફક્ત શ્રવણ કે વાંચન કરવું, તેના કરતાં તે શાસ્ત્રોનું અધ્યયન કરી તેનો મર્મ સમજવો, તેમાંથી સાર કાઢવો અને તેમાંથી સિદ્ધાંતને રજૂ કરવો એ ઘણું વિશેષ છે. શ્રીજીમહારાજે સત્શાસ્ત્રોમાંથી આ રીતે વિચારપૂર્વક સિદ્ધાંતનું દોહન કર્યું છે. તેમનાં વચનોમાં આ બાબત વારંવાર સંભળાય છે. જેમ કે, આવાં જ વચનો વચનામૃત ગ. પ્ર. ૭૮; લો. ૧૩; પં. ૨, ૪; ગ. મ. ૧૩, ૨૮, ૫૬, ૫૯, ૬૪; ગ. અં. ૩૯ વગેરે સ્થાનોમાં વારંવાર જોવા મળે છે.

ભગવાન સ્વામિનારાયણને સ્વયં સત્શાસ્ત્રોનાં વચનોમાં અતિ દૃઢ વિશ્વાસ છે. વિશ્વાસ અને શ્રદ્ધા વિનાનું વાંચન અને મનન ફક્ત માહિતી વધારે છે, જ્ઞાન નહીં. ભગવાન સ્વામિનારાયણને કેવો વિશ્વાસ છે તે તેમનાં વચનોમાં જણાય છે. જેમ કે,

‘મોટાપુરુષે જે શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે તે સર્વે સત્ય છે.’ (ગ. મ. ૬)

‘શ્રીમદ્‌ભાગવત આદિક જે સચ્છાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી.’ (ગ. મ. ૩૦)

**૨. સાધનામાર્ગનું અનુભવજ્ઞાન**

આધ્યાત્મિક માર્ગમાં ઉપદેશ અને આચરણ બંનેનો સમન્વય હોય તો જ વક્તાના ઉપદેશની અસર થાય છે. આચરણ કે અનુભવ વિના ઉપદેશ અર્થહીન બની જાય છે. ભગવાન સ્વામિનારાયણ પોતાના સંતોને જ્યારે ઉપદેશ આપવા માટે મોકલતા ત્યારે તેમને પણ એ જ શીખવતા કે ‘વર્તન વાતો કરશે.’

આ એમનો સિદ્ધાંત હતો. આથી જ એમણે જે ઉપદેશ આપ્યો, એ બધી જ સાધના પોતાના જીવનમાં આચરી. જોકે પોતે પરબ્રહ્મ હતા, પૂર્ણકામ હતા, તો પણ અન્યને પ્રેરણા મળે એ માટે તેઓ એ બધાં જ સોપાનોમાંથી પસાર થયા, જેમાંથી સાધકે પસાર થવાનું હોય.

**● દૈહિક સાધના**

બાળપણથી જ તેઓએ ભક્તિને પોતાના જીવનમાં પ્રધાન સ્થાન આપ્યું હતું. નવધા ભક્તિ તો આજીવન એમના જીવનનું અભિન્ન અંગ બનીને રહી હતી. વનવિચરણની કઠિન પરિસ્થિતિમાં પણ શાલિગ્રામને સાથે રાખી તેનું અર્ચનાદિ નિત્યસેવન કરતા હતા.

ભક્તિમાં પોતાની આસક્તિને વર્ણવતાં તેઓ કહે છેઃ

‘અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું.’ (ગ. મ. ૪૯)

આ જ રીતે સંયમ અને તપનું પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ પોતાના આચરણથી જ તેઓએ આપ્યું છે.

વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણી રૂપે કરેલી આકરી તપશ્ચર્યા કોઈ પણ તપસ્વીને પ્રેરણા આપવા પર્યાપ્ત છે. રામાનંદ સ્વામી પર તેઓએ લોજથી લખેલા પત્રમાં જણાવ્યું હતુંઃ

*‘તપ કરું છું કઠણ તને, નથી મોળો હું પડતો મને;*
*ચારે માસ ચોમાસાના જેહ, કરું ધારણાં-પારણાં હું તેહ.*
*વર્ષોવરસ કાર્તિક માસ, કરું છું સામટા ઉપવાસ;*
*વળી એ માસમાં કોઈ સમે, કરું કૃચ્છ્રવ્રતને તે અમે.*
*ત્યારપછી માઘ માસમાંય, કરું પારાકૃચ્છ્ર કહેવાય;*
*ચાંદ્રાયણ એકાદશી લઈ, સર્વે વ્રત કરું છું હું સઈ.’*

(ભ. ચિં. પ્ર. ૪૨/૧૧-૧૪)

લોજમાં નીલકંઠવર્ણીએ પ્રવેશ કર્યો ત્યારથી તેઓએ નાનામાં નાની સેવાને ઉત્સાહથી કરવા માંડી હતી. છાણ એકઠું કરવું, છાણાં થાપવાં, ભિક્ષા માંગવી, વાવમાંથી પાણી ભરી લાવવું વગેરે સેવા તેઓ પોતાની મહત્તાને ભૂલી જઈને કરતા. સેવા માટેની એમની ઝંખના એમનાં વચનોમાં પડઘાય છે.

**● વૈચારિક સાધના**

આધ્યાત્મિક સાધનામાં શારીરિક ક્રિયા કરતાં વૈચારિક પ્રક્રિયાનું મહત્ત્વ ઘણું વિશેષ છે. પોતાનાં ઉપદેશ-વચનોમાં પણ શ્રીજીમહારાજે મનની સાધના વિશેષ બતાવી છે. આવી

સાધના મુમુક્ષુઓની પ્રેરણા માટે તેઓએ પોતાના જીવનમાં પણ આચરી બતાવી છે. પ્રસ્તુત ગ્રંથનો અભ્યાસ કરતાં પ્રતીત થાય છે કે, ભગવાન સ્વામિનારાયણ પોતે ખૂબ વિચારશીલ છે. તેમની આ વૈચારિક વિશેષતાની નોંધ સંપાદક સંતોએ વારંવાર લીધી છે, જેમાં શ્રીજીમહારાજે ઘણી વાર સુધી વિચારમાન સ્થિતિમાં રહીને પછી ઉપદેશ આપવાનો પ્રારંભ કર્યો હોય, તેવા ઉલ્લેખો છે. ભગવાન સ્વામિનારાયણનાં પોતાનાં વચનોમાં પણ પોતાના વિચારોની વાત રજૂ થઈ છે. જેમ કે,

'...અમે પણ જ્યારે તમે રસિક કીર્તન ગાવો છો ત્યારે આંખ્યો મીંચીને વિચારીએ છીએ તે આવો જ વિચાર કરીએ છીએ. અને અમારો વિચાર થોડો જ છે પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી.' (ગ. પ્ર. ૨૬)

'...જ્યારે તમે કીર્તન ગાતા હતા, ત્યારે અમે કીર્તન સાંભળતાં જેમ વિચાર કર્યો છે તે વિચાર કહીએ છીએ જે...' (ગ. મ. ૫૭)

ભગવાનના માહાત્મ્યનો વિચાર, શરીર-આત્માના વિવેકનો વિચાર અને જગતની નશ્વરતાનો વિચાર કરવાની વાત શ્રીહરિએ વારંવાર કરી છે. આ તમામ વિચારો પોતે પણ ખૂબ દૃઢતાપૂર્વક કર્યા છે, તે વાત પણ તેઓએ જણાવી છે. જેમ કે

'...એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે અમે અમારા મનને અતિશય પ્રીતિએ કરીને જોડી રાખ્યું છે અને તે ભગવાન વિના બીજું કોઈ પદાર્થ વહાલું રાખ્યું નથી; માટે શા સારુ ભગવાનમાં પ્રીતિ રહે નહીં? અને ભગવાનનાં કથા-કીર્તનાદિક કરતા હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે જે, જાણીએ, દીવાના થઈ જવાશે.' (ગ. અં. ૧૩)

'...ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સર્વે જે બીજાં સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે, આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ? અને સ્વાભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થતો નથી, પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે અને મન અતિ ઉદાસી થઈ જાય છે... આવી રીતે અમારો વિચાર તે તમારા સર્વેના વિચાર કરતાં અમને અધિક જણાયો છે.' (પં. ૧)

પોતાનાં ઇન્દ્રિયો-અંતઃકરણ સામે સાધકે કઈ રીતે શૂરવીર થવું જોઈએ, તે પોતાના ચરિત્રથી સમજાવતાં શ્રીહરિ કહે છે:

'...અમારો વિચાર થોડો જ છે પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી. અને ભગવાનના સ્વરૂપમાં જ રસિક પ્રીતિ છે તેમાં જો કોઈ વિષય આડો આવે તો તેનું માથું ઊડી જાય એવો અમારો બળવાન વિચાર છે.' (ગ. પ્ર. ૨૬)

'...મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું; જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને પકડું છું.' (ગ. પ્ર. ૧૮)

ભગવાન વિના અન્ય પદાર્થ અંતરમાં ન પ્રવેશે તે માટેની જાગૃતિ (ગ. અં. ૯), આ દેહની નશ્વરતાનું અનુસંધાન (ગ. અં. ૩૦), ભક્તનો ભૂલમાં પણ દ્રોહ ન થઈ જાય તેનો વિચાર (વર. ૧૧) વગેરે તેઓએ પોતાના આચરણમાં સાધકના આદર્શ તરીકે દર્શાવેલા છે.

આ રીતે શ્રીહરિ પુસ્તકો વાંચીને બોલી જનાર વક્તા નથી, પણ સ્વયં સાધના કરીને માર્ગદર્શન આપનાર ઉપદેશક છે.

**૩. સદા સર્વોચ્ચ જ્ઞાનસ્થિતિ**

જ્ઞાનની સર્વોચ્ચ સ્થિતિ એટલે તેનો સાક્ષાત્કાર.

વચનામૃતમાં પોતાને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર છે તેની વાત ભગવાન સ્વામિનારાયણે બહુ સ્પષ્ટપણે કહી છે. જુઓ કેટલાંક ઉદાહરણો:

'...જ્ઞાને યુક્ત વૈરાગ્ય છે તે તો વડવાનળ અગ્નિ તથા વીજળીનો અગ્નિ તેવો છે, તે કોઈ કાળે ઓલાય નહીં અને તે વિના બીજા વૈરાગ્યનો તો વિશ્વાસ આવે નહીં. અને અમારો જે વૈરાગ્ય તે તો જેવો વીજળીનો અગ્નિ તથા વડવાનળ અગ્નિ તે સરખો છે.' (ગ. પ્ર. ૭૩)

'...આજ તો અમારું જે રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ જે, જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે અને જેમ સતી અને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે, અને જેમ શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે, તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે. અને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ, તેને વિષે મૂર્તિમાન એવા તે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે અને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી, એવું અમારે અખંડ વર્તે છે.' (ગ. મ. ૫૦)

ભગવાન સ્વામિનારાયણની આ સ્થિતિનું વર્ણન એમનો અહંકાર નથી. પોતાનું સ્વરૂપ ભક્તોને ઓળખાય તો એમનું રૂડું થાય એવી એમની ભાવના છે. આ સ્થિતિમાં પોતે વર્તે છે એમાં દંભ નથી.

ભગવાન સ્વામિનારાયણની સાથે રહેતા બુદ્ધિશાળી સંતોએ એમનું જીવન નજીકથી જોયું છે અને એમના જીવનમાંથી અધ્યાત્મના પાઠ શીખ્યા છે. ભગવાન સ્વામિનારાયણે આ સંદર્ભમાં પોતાના અંગત સેવક મૂળજી બ્રહ્મચારી(મુકુંદ બ્રહ્મચારી)ની વાત કરતાં કહ્યું છે કે 'આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, *મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઈ*

*પોતાનું પણ નથી અને પારકું પણ નથી.* અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે.' (કા. ૬)

તેમ જ 'મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે.' (ગ. પ્ર. ૭૩) આમ ભેગા રહેનારા સંતો-ભક્તો ભગવાન સ્વામિનારાયણની સર્વોચ્ચ જ્ઞાનસ્થિતિને જાણતા હતા.

એવી સર્વોચ્ચ જ્ઞાનની સ્થિતિ જેને હોય તે જ બીજાની આધ્યાત્મિક સ્થિતિ ઘડી શકે. ભગવાન સ્વામિનારાયણના યોગે ભક્તોની પણ એવી સ્થિતિ થઈ હતી.

ભગવાન સ્વામિનારાયણના યોગમાં આવનાર પ્રત્યેક સંત અને બાઈ-ભાઈ હરિભક્ત પણ સંસારના મોહબંધનથી મુક્ત થયાં હતાં. એવા સંખ્યાબંધ પ્રસંગો ઇતિહાસમાં સચવાયેલા છે. શ્રીહરિના પરમહંસો ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિના ધારક હતા. આ સંતોના સંબંધથી જેમ પારસના સ્પર્શથી લોઢું કંચન બની જાય તેમ અન્યનું હૃદય નિર્મળ બની જતું, તો જેમનાથી એમની એવી સ્થિતિ થઈ તેમની આંતરિક સ્થિતિ કેવી હશે તે સ્વયં જણાઈ આવે છે.

અગતરાઈના પર્વતભાઈ, માંગરોળના ગોરધનભાઈ, ગઢડાના દાદાખાચર, નેનપુરના દેવજી ભક્ત વગેરે ભક્તો સંસારમાં રહેવા છતાં સંસારથી નિર્લેપ વર્તતા હતા, જેમનાં નામોની યાદી ઇતિહાસ પ્રમાણે પણ ઘણી લાંબી થઈ શકે.

ગઢપુરનાં જીવુબા અને લાડુબા, ઉદયપુરના રાણીપદને છોડી નીકળી ગયેલાં ઝમકુબા, વાંકિયાનાં રાજબાઈ, ભુજનાં લાધીમા વગેરે સ્ત્રીભક્તોમાં પણ પૂર્વે શાસ્ત્રોમાં નોંધાઈ હોય એના કરતાંય મૂઠી ઊંચેરી આધ્યાત્મિકતા જોવા મળે છે.

આ બધાંના કેન્દ્ર સ્થાનમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થિતિ હતી.

આ રીતે, આધ્યાત્મિક માર્ગનો, સાધના-પથનો એમનો અનુભવ કેવળ સાધનાના માર્ગ પૂરતો જ નહોતો, પરંતુ તે સાધનોથી પ્રાપ્ય એવી સર્વોચ્ચ સ્થિતિ સુધીનો હતો.

અહીં એક વાતની સ્પષ્ટતા કરવી ઘટે કે ભગવાન સ્વામિનારાયણે આ પૃથ્વી પર આવીને સાધના કરીને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ મેળવી આ કથન માત્ર ભક્તજનને શિક્ષા અને પ્રેરણા માટે છે. વાસ્તવિક દૃષ્ટિએ તો ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હતા, જે વચનામૃતમાં બહુ જ સ્પષ્ટપણે કહ્યું છે:

'અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયા કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે... અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (ગ. અં. ૩૮)

જ્યારે સર્વોપરી ભગવાન ઉપદેષ્ટા તરીકે બોલતા હોય ત્યારે, એમનાં અધ્યાત્મ-વિષયક વચનોની પ્રમાણભૂતતા ચોક્કસપણે વિશેષ સિદ્ધ થાય છે.

### ૪. સ્વયં સર્વજ્ઞ પરબ્રહ્મ

ભગવાન સ્વામિનારાયણ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ હોવાથી તેઓ જડ અને ચેતનમાં અંતર્યામી સ્વરૂપે વ્યાપક છે એટલે કે સર્વજ્ઞ છે – આવી વાત તેમણે અનેક વાર વચનામૃતમાં પણ કરી છે. (વચ. ગ. અં. ૩૮, જે. ૫, ગ. અં. ૨૮, ગ. મ. ૧૩)

આ વાતને સાંભળનાર અને તેની નોંધ કરનાર પુરુષોની પ્રતિભા પણ નોંધપાત્ર હતી. શાસ્ત્રજ્ઞ અને અધ્યાત્મક્ષેત્રના અનુભવી સંતો પાસે ગમે તે વ્યક્તિ 'હું ભગવાન છું' એમ કહે તો સ્વીકારી લે એવા તો નહોતા જ. ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો – 'બકરાં, ગાયું, ભેંસું ને ઊંટ એ સર્વે વાડામાં રહે પણ વાઘ હોય તે વાડામાં પુરાય નહીં.' (સ્વા.વા. ૨/૨૩)

આધ્યાત્મિક સત્યોમાં સ્વયં પ્રરબ્રહ્મનાં વચન શ્રેષ્ઠ પ્રમાણ છે, કારણ કે તેમનામાં સર્વજ્ઞતા રહેલી છે.

કોઈ વ્યક્તિ પુસ્તક વાંચીને હિમાલયમાં આવેલા બદરીનાથનો રસ્તો બતાવે, એના કરતાં એક વખત સ્વયં તે રસ્તે જઈને આવ્યો હોય તો વધુ ચોક્કસપણે રસ્તો બતાવી શકે. તેમ સર્વ આધ્યાત્મિક સત્યને હસ્તામલકવત્ પ્રત્યક્ષ જોનાર પરબ્રહ્મનાં વચનો કોઈ શાસ્ત્રવિશારદ, સાધક કે સિદ્ધની સરખામણીમાં વધુ પ્રમાણભૂત છે.


ભગવાન સ્વામિનારાયણ કહે છેઃ '...હું તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિષે સર્વ ક્રિયાને જાણું છું અને આંહીં બેઠા સતાં પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને વિષે હતા તે દિવસે પણ જાણતા હતા અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતા.' (જે. ૫)

પરબ્રહ્મનું આ સર્વજ્ઞત્વ સર્વથી વિશેષ છે, કારણ કે તે સર્વેના અંતર્યામી છે. एष त आत्मा अन्तर्याम्यमृतः (बृ.उ.३/७/३) આ શ્રુતિવચન અનુસાર, પરબ્રહ્મ સર્વે જગતમાં અંતર્યામીપણે રહીને તેનું શાસન કરે છે, આથી તેને માટે કશું જ અપરોક્ષ નથી. जानाति, इच्छति, यतते એ પ્રસિદ્ધ કાર્ય-કારણ ન્યાય અનુસાર, જે જગતના કર્તા છે, તેને તો તેના સર્જન પહેલાં જ તેનું સંપૂર્ણ જ્ઞાન છે. આથી, પરમાત્માના વચનનું પ્રમાણ સર્વાધિક છે. પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનાં વચનો એવા પરમ પ્રમાણ સિદ્ધ થાય છે, તેમાં તેમની આચરણમય અનુભૂતિનો પડઘો અનુભવાય છે.

(ટૂંક સમયમાં પ્રકાશિત થનાર પુસ્તિકામાંથી ઉદ્ધૃત) ◆

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## સેલવાસ, તીથલ, નવસારી, સારંગપુર અને અબુધાબી ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભક્તો-ભાવિકોએ માણ્યો દિવ્ય સત્સંગ લાભ...

ગુણાતીત બાગમાં ખીલેલાં આધ્યાત્મિક પુષ્પોની બ્રહ્મસૌરભ પ્રસરાવવા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે સતત સત્સંગ વિચરણ કરીને સૌને સત્સંગનો દિવ્ય લાભ આપી રહ્યા છે. બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ સ્વામીશ્રી અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે. વસંતના વૈભવસમી સંતપ્રતિભાથી ઘેલું લગાડનાર સ્વામીશ્રી સૌનાં હૃદયે આધ્યાત્મિક અજવાળાં પ્રસરાવી રહ્યા છે. વિવિધ સત્સંગ કેન્દ્રોમાં બિરાજતા સ્વામીશ્રીનાં દર્શનની એક ઝલકમાત્રથી આબાલ-વૃદ્ધના રોમરોમમાં ભક્તિના કેફની મસ્તી ઊભરાઈ જાય છે. લોકકલ્યાણાર્થે વિશ્વભરમાં વિચરતા સ્વામીશ્રીની આધ્યાત્મિક સંતપ્રતિભા અને સમાજઉત્કર્ષનાં કાર્યોથી તેમના યોગમાં આવનાર સૌ કોઈ અહોભાવથી છલકાઈ ઊઠે છે.

તાજેતરમાં સ્વામીશ્રીએ દક્ષિણ ગુજરાતના સેલવાસ, તીથલ, નવસારી, સારંગપુર અને યુ.એ.ઈ.માં બિરાજીને દિવ્યાનંદ રેલાવ્યો હતો. તેની આછેરી ઝલક હવે પછીનાં પૃષ્ઠોમાં માણીએ...



# સેલવાસમાં સત્સંગની અમૃતધારા કરતા સ્વામીશ્રી...

*સેલવાસ એટલે દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રની ક્ષિતિજ પર આવેલું કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા-નગર હવેલીનું મુખ્ય મથક. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સેલવાસ પંથકના ડુંગરાળ વિસ્તારોનાં નાનાં નાનાં ગામડાંઓ ખૂંદીને અહીં સત્સંગનાં બીજ વાવ્યાં છે. સમયાંતરે અહીં પધારી વનવાસી બંધુઓમાં સત્સંગનું અમૃત સિંચ્યું છે. તેના પરિપાકરૂપે અહીં સત્સંગની જ્યોત પ્રજ્વલિત થતાં ધર્મ-ભક્તિનો ઉજાસ ચોમેર ફેલાયો છે. વિષય-વહેમ અને વ્યસનની ચુંગાલમાંથી છુટકારો મેળવી વનવાસી બંધુઓ ધર્મપરાયણ જીવન જીવી રહ્યા છે. ભક્તિપરાયણ લોકોના પ્રેમ-ભક્તિભાવને સ્વીકારી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૩-૫-૨૦૧૩ના શુભ દિને સેલવાસમાં ખળખળ વહેતી દમણગંગા નદીના તટે કલાત્મક બી.એ.પી.એસ. મંદિર સર્જી વર્ષોથી તપશ્ચર્યા કરતી આ ભૂમિ પર અધ્યાત્મનાં અજવાળાં પાથર્યાં છે.*

*સેલવાસનું ગૌરવ બની રહેલા આ મંદિરમાં તાજેતરમાં તા. ૨૬-૨-૨૦૧૯ થી ૫-૩-૨૦૧૯ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બિરાજીને સૌને અમૃતલાભ આપ્યો હતો. અહીંના સત્સંગ-ઉપવનને પોષણ આપતાં સ્વામીશ્રીએ સત્સંગ-ભક્તિની લહર પ્રસરાવી દીધી હતી. તેઓના સાંનિધ્યમાં સૌનાં હૈયે સત્સંગ-ભક્તિના સૂરો રેલાયા હતા. ગુરુહરિની પાવન નિશ્રામાં ભાવિક ભક્તોએ સત્સંગનો અમૃતલાભ માણ્યો હતો. તેની અહીં એક ઝાંખી પ્રસ્તુત છે...*

## આગમન

તા. ૨૬-૨-૨૦૧૯ના રોજ સાંકરીથી વિદાય લઈ સ્વામીશ્રી સેલવાસ પધાર્યા ત્યારે બાળકોએ ભક્તિનૃત્ય કરી હરિ અને ગુરુના શુભ-આગમનને વધાવ્યું હતું. સૌનો પ્રેમભાવ સ્વીકારતાં સ્વામીશ્રીએ મંદિરે પધારી ઠાકોરજીનાં ભક્તિભાવથી દર્શન કર્યાં. સભામાં પધારી સૌને દર્શનલાભ આપ્યો. સંતોએ હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા બાદ હરિભક્તોએ ઠાકોરજી અને સ્વામીશ્રી સમક્ષ વ્યંજનો ધરીને ભક્તિપૂર્ણ સ્વાગત કર્યું હતું.

તા. ૨૮-૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભક્તોએ સાયંસભામાં વિશિષ્ટ ભક્તિભાવ સાથે અનોખો કાર્યક્રમ રજૂ કર્યો હતો. સ્વામીશ્રી, હરિકૃષ્ણ મહારાજ સાથે હરિભક્તોનાં ઘરે પધરામણી કરે ત્યારે હરિભક્તોના અંતરમાં જે ભક્તિભાવ હોય, હરિ અને ગુરુને વધાવવાની જે તમન્ના હોય એવા જ ભક્તિભાવ સાથે ભક્તોએ સભામાં કાર્યક્રમ રજૂ કર્યો હતો. કાર્યક્રમને અનુસરતા ભક્તોના પ્રતિનિધિ રૂપે અલગ અલગ પાંચ પાંચ હરિભક્તોએ હરિ અને ગુરુ સમક્ષ આવી ભક્તિભાવ અર્પ્યો હતો.

શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રી જેના ઘરે પધારે તેના જીવનમાં આમૂલ પરિવર્તન આણતાં

હોય છે. આ પૂર્વભૂમિકા સાથે આ જ વિસ્તારમાં થયેલા વિશિષ્ટ પરિવર્તનના પ્રસંગો સંવાદ દ્વારા રજૂ થયા. વિશેષતા એ હતી કે જે હરિભક્તનો પ્રસંગ હોય એ જ હરિભક્તે સ્કિટમાં પોતાનું પાત્ર રજૂ કર્યું હતું અને અંતે સ્વામીશ્રીના આશીર્વાદ લઈ કૃતાર્થ થયા હતા.

આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે કરેલાં પરિવર્તનોની ગાથા રજૂ કરી.

સૌ પર કૃપાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'કેટલાં બધાં સાધન કર્યાં ત્યારે આ સત્સંગ મળ્યો છે! અનંત બ્રહ્માંડનો રાજા હોય તેનાથી આપણે આગળ છીએ, કારણ કે આપણને આ સત્સંગ મળ્યો છે. ગુણાતીત ગુરુઓ આપણને લાભ આપે છે, પણ સમજાતું નથી માટે હુંસા-તુંસી, માન-ઈર્ષ્યા થાય છે. એકાંતિક ભાવને પમાય ત્યારે સત્સંગ મળ્યો કહેવાય. બ્રહ્મરૂપ થઈએ, એકાંતિક થઈએ ત્યારે સાર્થકતા. શ્રીજીમહારાજે તો આ સુખ આપી દીધું. હવે વાપરીએ, ના વાપરીએ તે આપણા પર. માટે શ્રીજીમહારાજનો ફેરો અફળ જાય એવું ન કરવું. આ બધું વિચારવું કે કેવો સત્સંગ મળ્યો છે!'

## દાસત્વ દિન

તા. ૧-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં 'દાસત્વદિન' નિમિત્તે યોજાયેલી સભા 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્ર પર કેન્દ્રિત હતી. આ જ મધ્યવર્તી વિચાર સાથે સંવાદ રજૂ થયો. જેમાં દર્શાવવામાં આવ્યું કે આ મંત્રને આધારે જ જીવન જીવતા હરિભક્તો ગમે તેવી વિપરીત પરિસ્થિતિઓમાં પણ સ્થિર અને ધીર રહી શકે છે.

આ જ મધ્યવર્તી વિચારને પરિપુષ્ટ કરતાં સ્વામીશ્રીએ શુભાશિષમાં જણાવ્યું: ''અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ' મંત્ર નક્કર છે. જે કાંઈ કરવું તે આ મંત્ર સામે રાખીને કરવું. આ મંત્રને વફાદાર થઈને સેવાભક્તિ કરવી. 'અક્ષરમ્ અહં' એટલે આપણે અક્ષર છીએ, બીજું કાંઈ નથી. અનંત જન્મથી ખોટી માન્યતામાં ચઢી ગયા પણ હવે ધામ, ધામી અને મુક્તની પંક્તિમાં ભળવાનું છે. એટલે સત્સંગમાં પોલ ન ચાલે. નિયમમાં જરાક પોલ હોય તો તે ક્યારેક ઘાત કરી દે ને સાવ નીચા લેવલે આવી જાય. નિયમ કહો કે સત્સંગ કહો બંને એક જ છે. તેમાં રહીએ તો રાજીપો થતાં વાર ન લાગે. ખરો રાજીપો નિયમપાલનમાં જ છે.''

તા. ૨-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ રાજસ્થાનના જોધપુર શહેર ખાતે નૂતન નિર્માણ પામી રહેલા શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું ચંદન-પુષ્પ-અક્ષતથી વૈદિક પૂજન કર્યું હતું. સાથે ભીનમાલ ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરનું ભૂમિપૂજન, મહેસાણાના 'પ્રાર્થના સંસ્કારધામ'ની ઈષ્ટિકાઓ તથા દાવડ (હિંમતનગર) મંદિરના કળશ-ધજાદંડનું પણ પૂજન કર્યું હતું.

## બાળસંસ્કાર દિન

તા. ૩-૩-૨૦૧૯ના રોજ બાળ-સંસ્કારદિન નિમિત્તે સ્વામીશ્રીએ દીપ-પ્રાગટ્ય કરી ક્ષેત્રિય બાળ અધિવેશનનો મંગલ પ્રારંભ કર્યો હતો. વળી, શિશુઓ, બાળકો અને મુમુક્ષુઓને શ્લોક ઝિલાવી સમૂહ વર્તમાન ધરાવ્યા.

સંધ્યા સમયે યોજાયેલી બાળસંસ્કાર દિન નિમિત્તેની સભાનો મધ્યવર્તી વિચાર હતો – સંપ. આ કાર્યક્રમમાં 'ટિટોડીનાં ઈંડાં' વાર્તા રજૂ થઈ. ત્યારબાદ સંપ રાખવા શું કરવું? તે વિષયક બે ટીમો વચ્ચે એક રમત રમાઈ. રમતમાં સ્વામીશ્રી જે કાર્ડ પસંદ કરે તેમાં દર્શાવેલા વિષયને અનુરૂપ ટીમના એક બાળકે રાજીપાના વિચારને પુષ્ટ કરતો મુખપાઠ રજૂ કર્યો હતો. અંતે 'સંપ રાખવા પ્રમુખસ્વામી મહારાજ શું કહેતા?' તેનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ કહ્યું, 'ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું ને અનુકૂળ થવું.' ત્યારપછી સ્વામીશ્રીએ સંપ રાખવા પર વિશેષ ભાર મૂકતાં શુભાશિષ પાઠવ્યા હતા.

## ઇ-વિવેક દિન

તા. ૪-૩-૨૦૧૯ના રોજ ઈ-વિવેક દિન નિમિત્તે યોજાયેલી સભામાં મોબાઇલ ને ઇન્ટરનેટના અવિવેકી ઉપયોગને લીધે એક કિશોરનું પતન થયું તે સંવાદમાં દર્શાવવામાં આવ્યું. અને આવું ન થાય તે માટે ઉપાય દર્શાવવામાં આવ્યો – આજ્ઞાનું દૃઢપણે પાલન.

પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ કહ્યું: મોબાઈલ, ઈન્ટરનેટ વગેરે ચોર છે. આતંકવાદી છે. એ એવી રીતે ઘૂસી જાય કે તમને ખબર ન પડે. મા-બાપે પણ ધ્યાન રાખવું જોઈએ, તપાસ કરવી જોઈએ. નહીં તો સંવાદમાં બતાવ્યું એવું થાય. આ બધી મોહમાયા છે. ઉપરથી ધામધૂમ દેખાય, પણ અંદરખાને ઝેર જ છે. માટે ચેતી જવું. પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'આધુનિકતાને વિવેકથી વાપરે તો આશીર્વાદ, નહીં તો અભિશાપ!' આ વાક્ય યાદ રાખવું, દૃઢ કરીને રાખવું.''

તા. ૫-૩-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં પધારી વિદ્યાર્થીઓને દર્શન-આશિષ આપ્યા હતાં. આ રીતે સેલવાસમાં સતત એક સપ્તાહ સુધી સત્સંગ-ભક્તિની રસલહાણ કરી સ્વામીશ્રીએ તીથલ જવા વિદાય લીધી.



## તીર્થસ્થાન તીથલમાં સ્વામીશ્રીનો કૃપાલાભ...

*તીથલ એટલે દક્ષિણ ગુજરાતની હરિયાળી ભૂમિ પર, વલસાડ શહેરના સાગરકાંઠે વસેલું તીર્થધામ. આ પંથકના મુમુક્ષુઓ અને સાગરખેડુ ભાઈઓ માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૫-૧૨-૧૯૯૯ના શુભ દિને ભવ્ય-દિવ્ય કલામંડિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠિત કરી સત્સંગનાં ઉપવન મહોરાવ્યાં છે.*

*તાજેતરમાં તા. ૫-૩-૨૦૧૯ થી તા. ૧૨-૩-૨૦૧૯ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મંદિરમાં બિરાજી તીથલ વિસ્તારના સાગરપુત્રોને દિવ્ય સત્સંગ લાભથી લાભાન્વિત કર્યા હતા. સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમ્યાન સત્સંગ-ભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો. ગુરુહરિના આગમનથી સૌનાં અંતરે અનેરો આનંદ-ઉમંગ ઊભરાતો હતો. સેંકડો હરિભક્તોએ વ્રત-ઉપવાસ, માળાજાપ, દંડવત, પ્રદક્ષિણા દ્વારા સ્વામીશ્રી પ્રત્યે પોતાની ગુરુભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીના અત્રેના રોકાણ દરમ્યાન આસપાસનાં ગામો તેમજ દૂર-સુદૂરથી ઊમટેલા હજારો હરિભક્તો-ભાવિકોએ સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વચનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં અહીં યોજાયેલા કાર્યક્રમોની ઝાંખી અત્રે પ્રસ્તુત છે...*

### આગમન

તા. ૫-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી તીર્થસ્થાન તીથલ પધાર્યા અને મંદિર પરિસરમાં વિધવિધ રંગી પુષ્પો સાથે ફુગ્ગા, રંગબેરંગી લાઈટોની રોશની, ફટાકડાની આતશબાજીથી ગગન ઝળહળી ઊઠ્યું. સ્વામીશ્રીએ ઠાકોરજીનાં ભાવથી દર્શન કર્યાં. યુવાનોએ સ્વાગતનૃત્ય કરી ગુરુહરિને આવકાર્યા. સૌની ભક્તિ સ્વીકારતાં સ્વામીશ્રી દરિયાકિનારે બંધાયેલા સભામંડપમાં પધાર્યા. સૌને દર્શનલાભ આપી કૃતાર્થ કર્યા. સંતોએ હારતોરા વડે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

અહીં ઉપસ્થિત ચાર હજાર જેટલા ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ માટે પેન - નાડાછડી વગેરે પ્રસાદીભૂત કરી, આશિષ અર્પ્યા: ‘બધાને સ્વામીબાપાના આશીર્વાદ છે. આવી રીતે ખૂબ અભ્યાસ કરતા રહેજો. ભવિષ્યમાંય કરતા રહેજો અને આનાથી સવાયો, દોઢો અભ્યાસ કરજો. ગુજરાત બોર્ડમાં ને બીજે બધે આગળ રહો એ જ પ્રાર્થના.’’

તા. ૬-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ મંદિર સમક્ષ રચવામાં આવેલા ભગવાન શ્રી સ્વામિ-નારાયણનાં ચરણારવિંદનું પૂજન કરી, તેને દર્શન માટે ઉદ્‌ઘાટિત કર્યાં હતાં. વળી, આજે સ્વામીશ્રીએ દરિયાકિનારે પધારી સૌને વૉકિંગદર્શનનો અદ્‌ભુત લાભ આપ્યો હતો. તા. ૭-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ

નવીનીકરણ પામેલી શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનું પૂજન કરી, અભિષેક કર્યો હતો.

## પ્રતીક પુષ્પદોલોત્સવ

તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ તીથલ વિસ્તારના હરિભક્તોને સ્વામીશ્રીની પાવન નિશ્રામાં પ્રતીક પુષ્પદોલોત્સવનો લાભ પ્રાપ્ત થયો હતો. નૈમિષારણ્ય તરીકે ઓળખાતી ભૂમિ પર રચાયેલી આજની ઉત્સવસભામાં યુવાવૃંદે *'જય હો જય હો વચનામૃત કી...'* કીર્તન પર ઉત્સાહસભર ભક્તિનૃત્ય કર્યું હતું.

આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજે વાત કરી છે, 'અમારું ધામ સર્વોપરી છે તેના આ હરિજનો નિવાસી છે.' કેટલી મોટી વાત! આપણે તો આ લોકમાં છીએ તોય શ્રીજીમહારાજે આ વાત કરી. આ દૃષ્ટિએ બધા હરિભક્તોને જોવાના છે.

યોગીબાપાએ પ્રાર્થનામાં કહ્યું, 'હે શાસ્ત્રીજી મહારાજ તમારા સંબંધવાળો ગમે તેવો હોય તેને માથાનો મુગટ માનીએ.' આ દૃષ્ટિ રાખીએ તો ભયોભયો. તમે અક્ષરધામમાં જ બેઠા છો અને આ શ્રીજીમહારાજ બોલે છે એટલે એમાં ફેર ન પડે.''

આશીર્વચનની સમાપ્તિ બાદ ઉત્સવનો શુભારંભ કરતાં સ્વામીશ્રીએ શ્રી હરિકૃષ્ણ મહારાજ પર ગુલાબની પુષ્પપાંદડીઓ વરસાવી. ત્યારપછી વડીલ સંતો અને સ્વામીશ્રીએ એકમેક પર પાંદડીઓ વરસાવી. અન્ય સંતોએ હરિ અને ગુરુનાં ચરણોમાં પાંદડીઓ પધરાવી. સ્વામીશ્રીએ પણ ઉમંગ અને ઉત્સાહથી સંતો પર ખોબલે ને ખોબલે પાંદડીઓ વરસાવી. બાદ સ્વામીશ્રીનાં પ્રાસાદિક પુષ્પોથી રંગાવાનો વારો આવ્યો - હરિભક્તોનો. હરિભક્તો કતારબદ્ધ સ્વામીશ્રીની સમીપે આવવા લાગ્યા. બંને બાજુ સુશોભિત નળાકારમાંથી પુષ્પપાંદડીઓ વરસી. સ્વામીશ્રીનાં સમીપદર્શન પામતાં તેઓનાં પ્રાસાદિક પુષ્પોથી રંગાતા સૌના હૈયે ઉમંગ સમાતો નહોતો. સ્વામીશ્રી પણ સૌ મુક્તો પર અમીદૃષ્ટિ કરતાં આનંદિત થઈ હાસ્ય રેલાવતા હતા. પચ્ચીસ હજાર જેટલા ભક્તોએ તેનો દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો.

તીથલ નિવાસ દરમ્યાન તા. ૭, ૮, ૯ અને ૧૧ માર્ચ એમ ચાર ચરણમાં યોજાયેલા સમીપદર્શનના કાર્યક્રમમાં સ્વામીશ્રીએ અહીંના ચીખલી, ડુંગરી, ધરમપુર, અબ્રામા, પારડી, કોસંબા વિસ્તારના ભક્તો-ભાવિકો તેમજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયના છાત્રોને દર્શનલાભ આપી કૃતકૃત્ય કર્યા હતા.

તા. ૧૧-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ તીથલ વિસ્તારનાં ૮ ગામોમાં રચાયેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં સ્થાપિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. જેમાં, રૂમલા, મોગરાવાડી, વાંકલ, કેળવણી, ભેંસધરા, બિગરી, બરવાડી, સાદકપોર વગેરે ગામોની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સાથે આ મંદિરોના કળશ અને ધજાદંડોનું પણ પૂજન કર્યું હતું. વળી, મોટા સુરવાડા અને પાલણ ગામોનાં બી.એ.પી.એસ. મંદિરનાં ખાતમુહૂર્ત સ્વામીશ્રીએ કર્યા હતા. આ પ્રસંગે ઉપરોક્ત ગામોમાંથી પધારેલા હરિભક્તો પર આશીર્દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ રાજીપો વરસાવ્યો હતો.

તા. ૧૨-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ સંતસભામાં સંતોને તથા વિદ્યામંદિરમાં પધારી વિદ્યાર્થીઓને અવિસ્મરણીય દર્શન-આશિષ અર્પી નવસારી તરફ પ્રયાણ કર્યું હતું.

## પ્રેરક પ્રસંગ

ભાવનગરમાં સાંજે ભ્રમણ પૂર્ણ કરીને સ્વામીશ્રી નિજનિવાસ તરફ આગળ વધતા હતા તે દરમ્યાન સભામંડપ અને પ્રદક્ષિણાને જોડતા લોખંડના બ્રિજ પર તેઓ આવ્યા. અહીં ઘણા હરિભક્તો દર્શન માટે ઊભા હતા. તેઓને પોતાની ખાસિયત મુજબ હાથ જોડીને વંદન કરતાં સ્વામીશ્રી દૃષ્ટિ દ્વારા મળ્યા. પછી આગળ વધ્યા ત્યારે યોગવિજયદાસ સ્વામીએ કહ્યું કે 'સ્વામી! સૌ એના એ જ છે.'

'એના એ જ હોય તોય શું છે?' સ્વામીશ્રી સહેજ અકળાઈને બોલ્યા. પછી ઉમેર્યું, 'આમનાં દર્શન તો હજાર વાર કરીએ તોય ઓછું છે!'

ખરેખર, સ્વામીશ્રીની મહિમાદૃષ્ટિ સરહદમાં ન બંધાય તેવી અનહદ છે.

•

નડિયાદ ખાતે બી.એ.પી.એસ. છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વામીશ્રીનાં ભોજન-દર્શનનો લાભ લઈ રહેલા. આ ભોજનસત્રની પૂર્ણાહુતિમાં તેઓએ કહ્યું, 'સ્વામી! આજે એક ઇતિહાસનું પુનરાવર્તન કરવું છે.' એમ કહી તેઓએ સ્વામીબાપાની હાજરીમાં ગવાયેલ કવ્વાલી - 'પ્રમુખસ્વામી શું છે?' રજૂ કરી. રજૂઆતના અંતે વિદ્યાર્થીઓએ કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજે તો આ કવ્વાલી પછી પોતાની ઓળખ આપીને ઇતિહાસ રચી દીધો છે. આપ હવે આપની ઓળખ આપો કે મહંત સ્વામી શું છે?' (તે સમયે પ્રમુખસ્વામી મહારાજે પોતાની ઓળખ આપતાં જણાવેલું કે 'પ્રમુખસ્વામી સાધુ છે, ભગવાન સ્વામિનારાયણના ભક્ત છે, યોગીજી મહારાજના શિષ્ય છે.')

સ્વામીશ્રી ક્ષણનાય વિલંબ વિના બોલી ઊઠ્યા: 'દાસના દાસ.'




# ગુરુહરિના સાંનિધ્યમાં સત્સંગલાભ માણતું નવસારી સત્સંગમંડળ...

*દક્ષિણ ગુજરાતનાં સત્સંગ કેન્દ્રો પૈકીનું એક ચેતનવંતું કેન્દ્ર એટલે નવસારી સત્સંગ કેન્દ્ર. તીથલમાં સત્સંગલાભ આપી તા. ૧૨-૩-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અહીંના સત્સંગીઓને આધ્યાત્મિક લાભ આપવા માટે નવસારી સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. બાળકો-યુવકો-કાર્યકરોએ ઊર્જાભેર સ્વામીશ્રીના આગમનને વધાવ્યું હતું. સંતોએ હારતોરા વડે ગુરુહરિને નવાજ્યા હતા.*

*તા. ૧૨-૩-૨૦૧૯ થી તા. ૧૮-૩-૨૦૧૯ દરમિયાન નવસારી ખાતે બિરાજીને સ્વામીશ્રીએ સત્સંગનો અમૃતલાભ આપ્યો હતો. અહીંના એક સપ્તાહના રોકાણ દરમ્યાન હરિભક્તોના હૈયે ભક્તિની હેલી ઊભરી હતી. સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન મંદિરના અગ્ર ભાગે, પૂર્વે આંબાવાડિયું હતું ત્યાં બિરાજીને પ્રમુખસ્વામી મહારાજે ઘણીવાર પૂજાદર્શનનો લાભ આપ્યો હતો, એ જ પ્રાસાદિક સ્થાન પર સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સંધ્યા સત્સંગ સભાઓ યોજાતી હતી. વહેલી સવારે યોજાયેલી પ્રાતઃપૂજા તેમજ સભાઓમાં ગુરુહરિનાં દર્શન-આશીર્વચનનો લાભ પ્રાપ્ત કરી હજારો ભક્તો-ભાવિકોએ કૃતાર્થતા અનુભવી હતી. અહીંના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ આપેલા સત્સંગ લાભને અહીં માણીએ...*

## વિવિધ પ્રસંગોએ સત્સંગલાભ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સવા બે વર્ષ જેટલા અંતરાલ બાદ નવસારીના આંગણે પધાર્યા હતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૪-૪-૧૯૮૫ના રોજ પ્રસ્થાપિત થયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં તેઓના જ સંકલ્પે સંગેમરમરનું શિખરબદ્ધ મંદિર નિર્માણ પામી રહ્યું છે. આ મંદિરનિર્માણ નિમિત્તે હાથ ધરાયેલા ‘અક્ષરપત્રિકા’ પ્રોજેક્ટનું તા. ૧૨-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટમાં સહાયભૂત સાહિત્યનું પણ વિમોચન કર્યું. વળી, નૂતન નિર્માણ પામી રહેલા સંત-આશ્રમનું હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવતાં ઉદ્‌ઘાટન કર્યું હતું.

તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ આ નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણકાર્ય નિહાળી, તેના મુખ્ય ઘુમ્મટના આમલસારાનું વૈદિક પૂજન કર્યું હતું. વળી, ૧૮મી માર્ચે સ્વામીશ્રીએ આ મંદિરના કળશ-ધજાદંડનું તેમજ શ્રી સીતા-રામ અને શ્રી શિવ-પાર્વતીજીની મૂર્તિઓનું પણ વૈદિક પૂજન કર્યું હતું.

તા. ૧૪ અને ૧૫ માર્ચના રોજ નવસારી ગ્રામ્ય અને શહેરના ભક્તો ગુરુહરિનાં સમીપ દર્શનનો લાભ પ્રાપ્ત કરી અહોભાગી બન્યા હતા.

## સમર્પણ દિન

તા. ૧૬-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં નવસારી સત્સંગ મંડળે 'સમર્પણ દિન'ની ઉજવણી કરી વિશેષ ભક્તિભાવ શ્રીહરિનાં ચરણે ધર્યો હતો. આ નિમિત્તે યોજાયેલી સભામાં 'આ દેહથી શું ન થાય!' સંવાદ રજૂ થયો હતો. વચનામૃત લોયા-૩ના આધારે ભગવાન અને સંતને અર્થે સમર્પિત હરિભક્તની ગાથા તેમાં રજૂ થઈ હતી. સત્ય પ્રસંગોના આધારે લખાયેલી આ ગાથા સૌને સમર્પણની વિશેષ પ્રેરણા આપી ગઈ હતી.

સંવાદની સમાપ્તિ બાદ શ્રી હરિકૃષ્ણ મહારાજનો તુલાવિધિ કરી અહીંના ભક્તો-ભાવિકોએ સમર્પણ-ભક્તિ અદા કરી હતી. ત્યારબાદ બાળ-યુવાવૃંદે આ અવસરને વધાવતાં *'શરણાયુંના સૂર રેલે, બાજે રે મૃદંગ...'* કીર્તન પર સુંદર ભક્તિનૃત્ય કર્યું હતું.

આજના પ્રસંગને અનુરૂપ શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: "શ્રીજીમહારાજ પ્રગટ હોય ત્યાં જ આ શક્ય બને! અહીં પ્રમુખસ્વામી મહારાજે કેટલું બધું કાર્ય કર્યું છે! તો તેઓ માટે શું ન થાય? ભગવાનના કામમાં વપરાય તેની મહત્તા છે. નાના-મોટા દાનની વાત નથી, ભાવની વાત છે. ભાવથી ભગવાન તોળાય છે. આખા બ્રહ્માંડના પૈસા મૂકે તોય ભગવાન તોળાય એમ નથી, પણ હૃદયનો ભાવ હોય તો તેનાથી જોખાય છે. ભક્તિનો અંત જ નથી. તમે આ સેવાકાર્ય કર્યું એટલે તમને બધાને ધન્યવાદ!'

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ આગામી ડિસેમ્બર માસમાં યોજાનારા નવસારી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ સ્વીકારી, બી.એ.પી.એસ.ની ધજા ફરકાવીને નવસારી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો ઉદ્‌ઘોષ કર્યો હતો.

અહીં એક સપ્તાહના રોકાણ દરમ્યાન નવસારીના ભક્તો-ભાવિકોમાં સત્સંગ-ભક્તિની ઊર્જાનો સંચાર કરી સ્વામીશ્રીએ સારંગપુર પ્રતિ પ્રયાણ કર્યું હતું.



# નૈમિષારણ્ય ક્ષેત્ર સારંગપુરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં રેલાયો સત્સંગ-ભક્તિનો રંગ

*પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય લીલાચરિત્રોની સાક્ષી રહેલી પવિત્ર ભૂમિ એટલે સારંગપુર. સારંગપુરમાં ગહેકતા મોરલાઓના ટહુકાર અને અક્ષરપુરુષોત્તમ મંદિરનું દિવ્ય વાતાવરણ સંતો-ભક્તોમાં ભક્તિની અનેરી ઊર્જા ભરી દે છે. એમાં વળી, પ્રગટ સત્પુરુષનું સાંનિધ્ય મળતાં વાતાવરણમાં સત્સંગ-ભક્તિનો ઉજાસ ઓર નીખરી ઊઠે છે.*

*તાજેતરમાં તા. ૧૮-૩-૨૦૧૯ થી તા. ૧૫-૪-૨૦૧૯ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સારંગપુર ખાતે બિરાજીને સંતો-પાર્ષદો-સાધકોને દિવ્ય આધ્યાત્મિક લાભથી અલંકૃત કર્યા હતા. નિત્ય ગુરુહરિનાં દર્શને ઊમટતા હજારો*

*ભક્તો-ભાવિકોથી મંદિરનું પ્રાંગણ છલકાતું હતું. વહેલી સવારે પ્રાતઃપૂજાનાં દર્શન અને સાંજે પ્રમુખ દર્શનવાટિકામાં આરતીનાં દર્શનનો વિરલ લાભ સૌને પ્રાપ્ત થયો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગુરુહરિનાં દર્શનની એક ઝલક મળતાં સૌના હૈયે ટાઢક પ્રસરી ગઈ હતી. સારંગપુર ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ વિવિધ ઉત્સવ-પ્રસંગોએ આપેલા દિવ્ય સત્સંગલાભની સ્મૃતિ કરીએ...*

*તા. ૨૬ થી ૨૮ માર્ચ અને તા. ૨ થી ૪ એપ્રિલ દરમ્યાન બે ચરણમાં યોજાયેલી સંતશિબિરમાં સ્વામીશ્રીએ તમામ સંતોને દર્શન-પ્રેરણાશિષ અર્પી સત્સંગનું અણમોલ ભાથું બાંધી આપ્યું હતું. વળી, રવિસભામાં સ્વામીશ્રીએ દર્શન-આશિષથી સૌને અલંકૃત કર્યા હતા.*

*તા. ૨૩-૩-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ વિશ્વકર્માનગર(જૂનાગઢ) મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. એ જ રીતે તા. ૨૯-૩-૨૦૧૯ના રોજ ડોડિયાળા(ગોંડલ) અને તુવેર (હિંમતનગર) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરી હતી. સાથે મંદિરના ધજાદંડ અને કળશોનું પૂજન કરી આશિષ પાઠવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણના પ્રાસાદિક સ્થાન નેપાળના બુટવલ (બુટોલ) નગરમાં રચાયેલા શ્રી સ્વામિનારાયણ મુકુન્દધામમાં પ્રતિષ્ઠિત થનાર નીલકંઠવર્ણી મહારાજનો પ્રતિષ્ઠાવિધિ સ્વામીશ્રીએ કર્યો હતો. તા. ૬-૪-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ અત્રે 'અક્ષર સ્વર મંદિર' નામાભિધાન સાથે નૂતન ઓડિયો સ્ટુડિયોનું ઉદ્‌ઘાટન કર્યું હતું.*

*તા. ૮-૪-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ બોટાદ પધારીને ત્યાંના ભક્તોને રવિસભામાં દિવ્ય સત્સંગ લાભ આપ્યો હતો. બોટાદની જનતાએ સ્વામીશ્રીને ઉમળકાભેર વધાવ્યા હતા.*

*તા. ૯-૪-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ કોવેન્ટ્રી (યુ.કે.), વીસાવદર (જૂનાગઢ), ઉમેદપુરા (હિંમતનગર) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરી, આરતી ઉતારી હતી. સાથે પોશિના-હિંમતનગર ક્ષેત્રના હિંગટિયા, પીપળિયા અને ધોળી ગામમાં રચાનાર બી.એ.પી.એસ. મંદિરોની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું. તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ શિરોહી (રાજસ્થાન), સેજકપર (લીમડી) (મહિલાભક્તો માટેના મંદિરની પુનઃ પ્રતિષ્ઠા) અને નિર્ભય મંડળ (ભાવનગર) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરી, આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.*

*તા. ૧૩-૪-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ જંબુસર ક્ષેત્રના અમનપુર ગામમાં પ્રતિષ્ઠિત થનારી ચતુર્ભુજ નારાયણની મૂર્તિનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણની ૨૩૮મી જન્મજયંતીના પાવન અવસરે સારંગપુર ખાતે પાંચ દિવસીય 'શ્રીહરિ પર્વ' યોજાયું હતું. જે અંતર્ગત શ્રીહરિનું સ્મરણ કરતાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમો બાળકો-યુવકો-કિશોરોએ પ્રસ્તુત કર્યા હતા.*

*સ્વામીશ્રીએ સારંગપુર ખાતે વિવિધ ઉત્સવોમાં આપેલા અમૃતલાભનો આસ્વાદ હવે પછીનાં પૃષ્ઠોમાં કરીએ...*

સારંગપુર તીર્થધામમાં પ્રગટ ગુરુહરિના દિવ્ય સાંનિધ્યમાં પ્રતિવર્ષે ઊજવાતા પુષ્પદોલોત્સવનો માહોલ આ વર્ષે પણ અવિસ્મરણીય બની રહ્યો હતો. તા. ૧૮-૩-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સારંગપુર ખાતે પધાર્યા ત્યારથી જ પુષ્પદોલોત્સવનો જાણે પ્રારંભ થઈ ચૂક્યો હતો !

પુષ્પદોલોત્સવે સેવા-ભક્તિનો લહાવો લેવા ગુજરાતના ખૂણે ખૂણેથી પધારેલા સ્વયંસેવકોને તા. ૧૯-૩-૨૦૧૯ના રોજ યોજાયેલી પુષ્પોત્સવની પૂર્વસભામાં સંતોનાં પ્રેરકવચનો અને સ્વામીશ્રીના આશીર્વાદ મળ્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ સૌને પુષ્પવર્ષા કરી ભક્તિ-રંગથી રંગી દીધા હતા.

તા. ૨૦-૩-૨૦૧૯, ફાગણ સુદ પૂર્ણિમાના દિને ઊજવાયેલા બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તના જન્મજયંતી અવસરે તેઓના જીવન અને કાર્યને રજૂ કરી ભક્તિઅંજલિ અર્પવામાં આવી હતી. સ્વામીશ્રીએ ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહી સૌને જ્ઞાનબોધ આપ્યો હતો.

તા. ૨૧-૩-૨૦૧૯, ધુળેટીના પવિત્ર દિને સારંગપુરમાં દિવ્યતાસભર અને મેઘધનુષી પુષ્પદોલોત્સવની રંગત સૂર્યોદયથી જ ખીલી ઊઠી હતી. વહેલી સવારે ઠાકોરજીની આરતી બાદ ઉત્સવનો મંગલ પ્રારંભ કરતા સ્વામીશ્રીએ લાલજી મહારાજ અને ઠાકોરજીને પિચકારી વડે કેસરિયા રંગથી રંગ્યા. સંતોને પણ કેસરી રંગના પ્રેમરંગોથી ભીંજવ્યા.

સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા ત્યારે આખોય સભામંડપ દેશ-વિદેશના ભક્તોથી ખીચોખીચ ભરાયેલો હતો. સંતોએ પ્રાસંગિક કીર્તનોનું ગાન કરી આજના ઉત્સવને વધાવ્યો હતો.

બી.એ.પી.એસ. વિદ્યામંદિરની બાજુના વિશાળ પ્રાંગણમાં અપરાહ્‌ને યોજાયેલી ઉત્સવ સભાનો મધ્યવર્તી વિચાર હતો 'વચનામૃતના રંગો!' આ વિચારને અનુરૂપ મંચનું સુશોભન કરવામાં આવ્યું હતું. મંચની સામે વિશાળ ભક્તગણ આજના ઉત્સવને મન ભરીને માણવા માટે બેઠો હતો. સભાના વિશિષ્ટ કાર્યક્રમો સમીપથી સૌ નિહાળી શકે તે માટે ઠેર ઠેર એલ.ઈ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિયત સમયે ધૂન-કીર્તનગાનથી સભાની શરૂઆત થઈ. નારાયણમુનિ સ્વામીએ પૂર્વભૂમિકા અને ઉત્સવમર્મ સમજાવતું પ્રવચન કર્યું. ત્યારપછીનો સમગ્ર કાર્યક્રમ વચનામૃતનાં વાક્યો પર આધારિત હતો. વરિષ્ઠ સંતોનાં પ્રવચનો અને તેને પરિપુષ્ટ કરતાં પંક્તિનૃત્યોના પ્રવાહમાં સમગ્ર કાર્યક્રમ રજૂ થયો હતો. પંક્તિનૃત્યના શબ્દો હતાઃ *'વરસી હરિની કૃપા અપાર, વચનામૃત રૂપે આ વાર.'* વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ તથા બોટાદના બાળ-યુવા વૃંદે નૃત્યો પ્રસ્તુત કર્યાં હતાં. વરિષ્ઠ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કરી વચનામૃતનાં દિવ્ય વાક્યોને વિસ્તારપૂર્વક સમજાવ્યાં હતાં.

આશિષ-ગંગામાં આજના ઉત્સવ મર્મને વહાવતાં ગુરુહરિએ જણાવ્યું: ''આજે રંગોત્સવ છે. તેમાં આપણે દિવ્યતાના રંગે રંગાવાનું છે. શ્રીજીમહારાજે કહ્યું, 'આ સંતો-ભક્તો બધા દિવ્ય છે.' આ શ્રીજીમહારાજનાં વાક્યો છે. એમાં સંશય ન હોય. સંશય કરે તે પામર કહેવાય. શ્રીજીમહારાજે આગળ કહ્યું, 'આ મર્મની વાત જે ધારે, વિચારે તે મગ્ન થઈ જાય છે. જગ જીતી જાય છે અને આઠે પહોર તેને આનંદ માતો નથી.' માટે બધા એકબીજાને દિવ્ય માને.

જેને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થઈ તેના ભાગ્યનો પાર નથી. તે કાળ, કર્મ, માયાથી પર થઈ ગયો. આ જેવી તેવી વાત નથી. આખા બ્રહ્માંડમાં જે તંત્ર ચાલે છે તે કાળ, કર્મ, માયાની હેઠળ ચાલે છે. ધામ, ધામી ને મુક્ત ત્રણ જ માયાથી પર છે. બાકી બધા માયાના ઝપાટામાં, પંજામાં છે. અનંત બ્રહ્માંડમાં આ દશા છે. એટલે મહારાજ-સ્વામીની નિષ્ઠા એવી દૃઢ કરવી કે ટોચો ન વાગે, ને કોઈ ગાબડું ન પડે. આવી દૃઢતા કરવી તે વચનામૃતનો સાર છે.''

આજના શુભ પ્રસંગે પધારેલા મહાનુભાવોએ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગુરુવર્યો સાથે પોતાની પેઢીઓનો નાતો વર્ણવ્યો અને આ વખતે પાણીની તંગી હોવાથી સ્વામીશ્રીએ પુષ્પ-પાંદડીઓથી રંગોત્સવ ઊજવ્યો તે બદલ સ્વામીશ્રીનો આભાર માન્યો.

હવે સૌની ઝંખનાનો ઉત્સવ પ્રારંભાયો. સ્વામીશ્રીએ સૌપ્રથમ શ્રી હરિકૃષ્ણ મહારાજનું વિધિવત્ પૂજન કર્યું. પૂજન બાદ બ્રહ્મ અને પરબ્રહ્મે



અરસપરસ એકમેકને કેસરિયા રંગે રંગ્યા! વરિષ્ઠ સંતો પણ હરિકૃષ્ણ મહારાજ સંગે રંગે રમ્યા. ત્યારપછી સ્વામીશ્રીએ આરતીઅર્ઘ્ય અર્પ્યું અને સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત નૂતન પ્રકાશનોનું ઉદ્‌ઘાટન કર્યું. બાદ વરિષ્ઠ સંતો, મહાનુભાવો તથા અન્ય સંતોએ વૈવિધ્યસભર હારતોરા અને ચાદર વડે ગુરુહરિને વધાવ્યા. સાથે સ્વામીશ્રી પર સતત થઈ રહેલી પુષ્પપાંદડીઓની વર્ષાથી તેઓ તેમાં ગરકાવ થઈ ગયા.

હવે સૌની આતુરતાનો અંત આવ્યો. ફટાકડાઓની આતશબાજીથી ગગનમાં પ્રકાશના રંગો રેલાયા. આજના ઉત્સવનો અદ્વિતીય લાભ આપવા માટે સ્વામીશ્રીએ ઉપમંચ પર પધારી સુવર્ણરંગી કુંભમાં પ્રાસાદિક પુષ્પો પધરાવ્યાં તે સાથે જ બે વિશાળ નળાકારમાંથી પુષ્પપાંદડીઓ વરસવા લાગી. ઉપમંચની બંને તરફથી વહેતા ભક્તપ્રવાહ પર વરસતી પુષ્પ-પાંદડીઓએ સૌનાં તન-મનને ભક્તિ-રંગોથી ભરી દીધાં. સૌ સ્વામીશ્રીની અમૂલ્ય કૃપાદૃષ્ટિથી ભીંજાયા. ઉત્સવને અનુરૂપ વાગી રહેલાં કીર્તનોની રમઝટ સાથે વાતાવરણ ઉમંગ, ઉત્સાહ, રંગ અને પુષ્પોથી ભર્યું ભર્યું થયું હતું. અંતે સંતો પર પણ સ્વામીશ્રીની પ્રાસાદિક પુષ્પપાંદડીઓ વરસી. સતત સાત-આઠ મિનિટ સુધી સ્વામીશ્રીએ સંતો પર ખૂબ વર્ષા કરી ત્યારે સૌ કોઈ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પૂર્વે આપેલા રંગોત્સવના ભાવપ્રવાહમાં સરી પડ્યા હતા.

પુષ્પદોલોત્સવને સફળ બનાવવામાં ખડે પગે સેવામાં તૈનાત સંતો તથા સ્વયંસેવકોની ઉદાત્ત સેવાભાવનાને બિરદાવતા સ્વામીશ્રીના અંતરનો રાજીપો સૌ પર વરસી રહ્યો હતો.

# સારંગપુરમાં ઊજવાયો ભગવાન સ્વામિનારાયણનો ૨૩૮મો પ્રાકટ્યોત્સવ



તા. ૧૪-૪-૨૦૧૯ના રોજ તીર્થધામ સારંગપુરમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો ૨૩૮મો પ્રાગટ્યોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો. આ પ્રસંગે દેશ-વિદેશથી પધારેલા હરિભક્તોનાં હૈયે દિવ્ય આનંદની ભરતી ઊમટી હતી. વહેલી સવારથી જ મંદિરમાં સર્વત્ર ઉત્સવનું વાતાવરણ રચાયું હતું. શ્રીહરિને અંગોઅંગમાં ધરનાર પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં ઊજવાયેલા આ ઉત્સવમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી.

'શ્રીહરિ પ્રાગટ્યોત્સવ'નો આરંભ સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી થયો. યજ્ઞપુરુષ મંડપના પોડિયમ પર ઉત્સવને અનુરૂપ સુંદર મંચ શોભી રહ્યો હતો. શ્રીજીમહારાજનાં ચરણોમાં અભિવંદના કરતાં સ્વામીશ્રીએ પૂજા આરંભી. સંતોએ શ્રીહરિની દિવ્યલીલા કીર્તનો દ્વારા વર્ણવી.

આજના ઐતિહાસિક દિને સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના આશ્રિત તરીકે પ્રાપ્ત કરવાનો નૂતન આશ્રયમંત્ર સૌને આપ્યો -

*'ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ*
*નિષ્પાપો નિર્ભયઃ સુખી।*
*અક્ષર - ગુરુ - યોગેન*
*સ્વામિનારાયણ - આશ્રયાત્॥'*

આ દીક્ષામંત્ર સ્વામીશ્રીએ સૌને ઝિલાવ્યો. સંતો-હરિભક્તોએ બુલંદ તાળીનાદથી આ ક્ષણને વધાવી હતી.

આ પ્રસંગે સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ નૂતન મંત્રનો મહિમા કહેતાં કહ્યું: ''આ અનાદિ-કાળથી જ છે. આ મંત્રમાં આપણે ભય પર નહીં, આશરા પર ગયા.

**ધન્યોસ્મિઃ** જેમનાથી ઉપર કોઈ સત્તા નથી એવા પુરુષોત્તમ નારાયણના શરણે આપણે ગયા. ધન્ય ધન્ય થઈ ગયા. ધન્યતાનો પાર નથી. અનંત બ્રહ્માંડમાં આવી ધન્યતા પામી શકીએ નહીં, એવા આપણે ભાગ્યશાળી થયા. ધન્ય થયા.

**પૂર્ણકામોસ્મિઃ** શ્રીજીમહારાજનો આશરો થયો એટલે શું બાકી રહે? માયા સંબંધી તો હવે કાંઈ હોય નહીં, ભગવાન સંબંધી જ હોય. પણ ભગવાનના સંબંધમાંય ટોપમાં ટોપ વસ્તુ આપણે પામી ગયા. એક ભગવાન સિવાય કાંઈ ઇચ્છા ન રહે, ત્યાં સુધી આપણે પહોંચવાનું છે.

**નિષ્પાપોઃ** હવે અનંત જન્મોનાં પાપોથી આપણે મુક્ત થઈ ગયા, આશરો કરવાથી. શ્રીજીમહારાજનો આશરો કરવાથી જ આ બધું થાય, નહીં તો કાંઈ ન થાય.

**નિર્ભયઃ** શ્રીજીમહારાજના આશરે ગયા પછી ભય રહે? ને આપણને ભય રહેતો હોય તો આશરો કર્યો જ નથી.

**સુખીઃ** અક્ષરરૂપ થઈને જે સુખ પ્રાપ્ત થવાનું છે તે સુખની અહીં વાત છે. બાકી પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધી બધા દેહભાવમાં છે. તે દેહનું સુખ તો કાંઈ નથી. તે સુખની અહીં વાત નથી. *'અક્ષરમ્ અહં પુરુષોત્તમ -દાસોસ્મિ'* એ અક્ષરરૂપ થવાની અહીં વાત છે. તેનાથી આપણે પરમ સુખી થઈ ગયા.

**અક્ષર-ગુરુ-યોગેનઃ** અક્ષરગુરુના સંબંધે. અક્ષર ન હોય તો આ સંબંધ થાય જ નહીં. અક્ષર વિના પુરુષોત્તમનો યથાર્થ સંબંધ થાય જ નહીં. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજના સંબંધે આપણે શ્રીજીમહારાજનાં ચરણે બેસી ગયા. *'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ'* આ મંત્રમાં આ બધાનો ઉકેલ આવી જાય છે. આપણે અક્ષરરૂપ થવાનું છે. તેના માટે અક્ષર જ જોઈએ. અક્ષરરૂપ થાય તો જ પુરુષોત્તમનો સંબંધ થાય.

આ રીતે બધા વર્તમાન ધરાવશે. આપણે ધન્ય થયા. કેફમાં ને બળમાં રહીને આ મંત્ર આપણે બધાને આપવો. આશ્રય કરાવવો.''

આશીર્વચન બાદ સૌ ભક્તસમુદાય વતી સંતોએ સુંદર હારતોરા વડે પ્રગટ ગુરુહરિને વધાવ્યા. ગુરુહરિના સુસ્વાસ્થ્યની મંગલ કામના સાથે પદયાત્રા કરીને આવેલા ભક્તો પર સ્વામીશ્રીના અંતરના આશિષ વરસ્યા.

આજના ઉત્સવની મુખ્ય સભા સંધ્યાકાળે યોજાઈ હતી. આ અવસરે મંદિરમાં ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટ સાથે ઠાકોરજીની સંધ્યાઆરતી ઉતારી. આરતી બાદ યજ્ઞપુરુષ મંડપના પોડિયમ પર આરંભાયેલી શ્રીહરિ-જન્મોત્સવની મુખ્ય સભામાં સ્વામીશ્રી પધાર્યા. રોશનીના ઝળહળાટથી મંચ વધુ દેદીપ્યમાન ને સુંદર લાગી રહ્યો હતો. સ્વામીશ્રીએ સવારે આપેલો નૂતન સ્વામિનારાયણ આશ્રય દીક્ષામંત્ર સભાનો કેન્દ્રવર્તી વિચાર હતો. વિદ્વાન સંતોએ આ મંત્રના એક એક પદને સમજાવતાં પ્રવચનનો લાભ આપ્યો હતો. સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધનો બાદ ડૉક્ટર સ્વામીએ સૌને પ્રેરણાવચનો કહ્યાં હતાં.

આજના શુભ પ્રસંગે સત્સંગ શિક્ષણ પરીક્ષાનાં બંગાળી ભાષાનાં પુસ્તકોનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું. ત્યારબાદ સંતોએ વિવિધ કલાત્મક હારતોરા વડે સ્વામીશ્રીને વધાવ્યા.

અંતમાં શ્રીહરિનો મહિમા વર્ણવતાં ગુરુહરિએ અમૃતવચનો કહ્યાં : ''શ્રીજી -મહારાજ મનુષ્યરૂપે પૃથ્વી પર આવ્યા તે બહુ મોટી કૃપા. શ્રીજીમહારાજે કહ્યું 'હરિભક્તના યોગમાં કોઈ આવે, પછી તેના યોગમાં, તેના યોગમાં, તેના યોગમાં ને તેના યોગમાં આવે તોય અક્ષરધામમાં જાય. હરિભક્તનો અવગુણ ન લે તો તે અક્ષરધામમાં જ બેઠો છે. આપણે એવા સમર્થ મહાપુરુષના યોગમાં આવ્યા છીએ! તે પ્રાપ્તિનું સુખ લેવાનું છે.

આ સત્સંગ મળ્યો છે તેને જાળવી રાખવો. ગમે એવાં સુખદુઃખ આવે તોપણ ગમે એમ કરીને સત્સંગ સાચવવો. સુખમાં તો સૌ સત્સંગ કરે, પણ દુઃખમાં કરે તેને શ્રીજીમહારાજ શાબાશી આપે છે. અનંત જન્મ વીત્યા, હાથમાં કાંઈ આવ્યું નથી. આ સત્સંગ મળ્યો તેનાં ભાગ્યનો પાર નથી.''


આશીર્વચન બાદ આજના મુખ્ય ઉત્સવનો પ્રારંભ થયો. સ્વામીશ્રીના સિંહાસનની પાછળ રહેલું વાદળ ખસતાં જ સુંદર સુવર્ણરંગી હીંડોળો દૃશ્યમાન થયો! હરિકૃષ્ણ મહારાજને તેમાં પધરાવવામાં આવ્યા. અન્નકૂટ ગોઠવાયો. સ્વામીશ્રીએ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને આરતીથી વધાવ્યા. આરતી બાદ પ્રાકટ્યોત્સવનાં કીર્તનોના ગાન સાથે સ્વામીશ્રીએ ઠાકોરજીને પ્રેમથી પારણે ઝુલાવ્યા.

આમ, ૨૩૮મો શ્રીહરિ પ્રાગટ્યોત્સવ ખૂબ ધામધૂમથી ઊજવાઈ ગયો. આ અવસરે ઉપસ્થિત હજારો હરિભક્તો પોતાના હૈયામાં ભગવાન સ્વામિનારાયણનો જન્મોત્સવ તેમના પ્રગટ સ્વરૂપસમા સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવ્યાના અવિસ્મરણીય આનંદ સાથે વિદાય થયા હતા.

આમ, સતત ૨૯ દિવસ સુધી સારંગપુરમાં સાધકો-પાર્ષદો-સંતો-હરિભક્તોને સત્સંગલાભથી તરબતર કરીને સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા.

બે દિવસ સુધી ગાંધીનગરમાં વિશ્રામ લઈને તા. ૧૮-૪-૨૦૧૯ના રોજ હવાઈમાર્ગે દુબઈ જવા વિદાય થયા. તા. ૨૯-૪-૨૦૧૯ સુધી દુબઈ અને અબુધાબીના શાનદાર કાર્યક્રમો અને બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શિલાન્યાસ વિધિ સંપન્ન કરીને સ્વામીશ્રી પુનઃ ભારત પધાર્યા હતા. મધરાતે આણંદ ખાતે એલિકોન કંપનીના માલિક શ્રી પ્રયાસવીનભાઈના સ્નેહપૂર્ણ નિમંત્રણથી તેમને ત્યાં પધાર્યા હતા. છ દિવસ અહીં સૌને આધ્યાત્મિક લાભ આપીને સ્વામીશ્રી તા. ૬-૫-૨૦૧૯ના રોજ સુરત ખાતે શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના શિલાન્યાસ વિધિ પ્રસંગે પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆




## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે
## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં

# દુબઈમાં યોજાયા ભક્તિમય કાર્યક્રમો

**પૂર્વકથા યુ.એ.ઈના બી.એ.પી.એસ. સત્સંગ ઇતિહાસની**

'રણ તો લીલાં છમ...' ઉક્તિ યુ.એ.ઈ.ના દુબઈ, અબુધાબી, શારજાહ વગેરે રજવાડાંઓ માટે સાચી ઠરી છે. રણની ઊડતી રેતી વચ્ચે અહીં લીલાં છમ વન પાંગર્યાં છે. જ્યાં માત્ર ઊંટના સહારે રણના ઢૂવા વચ્ચે વાહનવ્યવહાર ચાલતો હતો ત્યાં આજે મલ્ટિટ્રેક રોડ અને ગગનચુંબી ઈમારતોની આકાશરેખા સૌને ચકાચૌંધ કરી દે છે. ખનીજ તેલના કૂવાઓએ દિવસ-રાત ખનીજ તેલ બહાર ઠાલવીને અહીંની રોનક બદલી નાંખી છે.

પરંતુ આ બધી ઝાકમઝોળ વચ્ચે ધંધા-વ્યવસાય અર્થે અહીં આવી પહોંચેલા ભારતીયો પોતાની સંસ્કૃતિ અને ધર્મના શ્વાસ લેવા ઝંખતા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સન ૧૯૭૦-૮૦ના દાયકામાં અહીં બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ શરૂ થઈ અને મુમુક્ષુઓ માટે એ રણમાં મીઠી વીરડી સમાન પુરવાર થઈ.

વાત હતી સન ૧૯૭૫ના અરસાની. બ્રિટિશ શાસન હેઠળથી આઝાદ થઈને સાત રજવાડાંઓમાંથી બનેલા સંયુક્ત સંઘ દેશ યુ.એ.ઈ.ને હજુ ત્રણ-ચાર વર્ષ થયાં હતાં. દિનેશભાઈ ઠક્કર, રાજેન્દ્રભાઈ દવે, હરિકૃષ્ણભાઈ અમીન, હસમુખભાઈ પટેલ, ગંગારામભાઈ, પંકજભાઈ ઠાકર, રમણભાઈ સોલંકી, વિનોદભાઈ જેઠવા, મહેન્દ્રભાઈ દવે, રસિકભાઈ ધકાણ, બચુભાઈ ત્રિવેદી, રમણિકભાઈ લુહાર, ગુણવંતભાઈ કવિ, જયનારાયણ વગેરે યુવાનો ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએથી અહીં વ્યવસાય અર્થે આવ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આ યુવાનો એકત્રિત થયા અને અહીં સત્સંગ સભા શરૂ કરી. શરૂઆતમાં અલજાફલાના એક ગોડાઉનના એક રૂમમાં સભા કરવાનું રાખ્યું. પછી ઈસ્ટર્ન વુડવર્ક્સમાં શુક્રવારની સભા ચાલુ થઈ. મંડળ વધ્યું એટલે સાફિયા કૉલોનીમાં બાબુભાઈ કે. પટેલને ત્યાં સભા યોજાતી રહી. ત્યારબાદ હસમુખભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ અને હરિકૃષ્ણભાઈના સહિયારા વીલામાં અઢી વરસ સભા યોજાતી રહી. બીજી તરફ એડનથી અબુધાબીમાં વસેલા ખીમજીભાઈ, નંદલાલભાઈ,

યોગેશભાઈ, શશિકાંતભાઈ વગેરે દેપાળા પરિવાર પણ સત્સંગરંગથી રંગાઈને સક્રિય બન્યા હતા. તો વળી રાસ-અલ-ખેમા ખાતે વલસાડ અને નવસારીના ભાવિકો એકત્રિત થતા હતા. તેમણે પણ લલ્લુભાઈ નામના એક ભાવિકને ત્યાં સભા શરૂ કરી દીધી હતી.

યુવાનોનું આ મંડળ સાવ નાનું, પરંતુ ઉત્સાહ આભ સમો. તેમણે સંકલ્પ કર્યો કે પ્રમુખસ્વામી મહારાજને આ આરબ ધરતી પર પધરાવવા છે. પરંતુ એક હિન્દુ ધર્મગુરુ તરીકે સ્વામીશ્રીને અહીં આવવાના વિઝા મળશે? એ પ્રશ્ન સૌથી મોટો હતો. ધાર્મિક ચુસ્તતાથી લઈને બીજા અનેક પ્રશ્નો એવા હતા કે પ્રમુખસ્વામી મહારાજનું આગમન અહીં શક્ય જ ન હતું. કદાચ સ્વામીશ્રી અહીં પધારે તો તેમનો ઉતારો ક્યાં કરવો? એ પણ મોટી સમસ્યા હતી, પરંતુ સૌની હિંમત આભ સમી હતી એટલે એક પછી એક બારણાં ખૂલતાં ગયાં.

દિનેશભાઈ ઠક્કર અને પંકજભાઈ ઠાકરના પરિચયમાં શારજાહના ભગવાનદાસ જેઠાનંદ ભાટિયા નામના એક પ્રસિદ્ધ ગુજરાતી વૈષ્ણવ વેપારી હતા. તેઓ દાયકાઓથી અહીં ધંધો જમાવીને બેઠા હતા. શારજાહના શેખ સાથે તેમનો અંગત ઘરોબો. રાજેન્દ્રભાઈ અને અન્ય યુવાનોએ તેમને પ્રમુખસ્વામી મહારાજના મહિમાની વાત કરી. સ્વામીશ્રીનો મહિમા સાંભળતાં જ જાણે તેમનામાં બ્રહ્મનો પ્રવેશ થયો. તેમણે પ્રમુખસ્વામી મહારાજને અહીં બોલાવવા માટેના વિઝા માટે શારજાહના તે સમયના રાજા શેખ સાકર બિન સુલતાન અલ કાસીમીને(Sheikh Saqr bin Sultan Al Qasimi) કહ્યું અને તેમણે સ્વામીશ્રી અને દસ સંતોના સંતમંડળ માટે વિઝા આપી દીધા.

સ્વામીશ્રીનું આગમન નિશ્ચિત થયું અને માત્ર એક જ અઠવાડિયામાં અહીં ડેરા દુબઈ ખાતે હોરલેન્સમાં એક નાના એવા સ્થાનમાં અહીંના સત્સંગ મંડળે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કારધામ ઊભું કરી દીધું!

૧૮-૩-૧૯૮૨ના ઐતિહાસિક દિવસે સ્વામીશ્રીએ શારજાહ ઍરપોર્ટ પર શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સાથે આરબભૂમિ પર સર્વપ્રથમ પદાર્પણ કર્યું ત્યારે સ્વામીશ્રીને સત્કારતાં ભગવાનદાસ ભાટિયા, સત્સંગીબંધુઓ અને ભારતીય મહાનુભાવો સહિત સૌ કોઈના હરખનો પાર નહોતો. કોઈને કલ્પના નહોતી કે સ્વામીશ્રીનું આ પ્રથમ આગમન કેટલા શાનદાર ઇતિહાસનો શિલાન્યાસ બની રહેવાનું છે!

સ્વામીશ્રીના ઉતારા માટે દુબઈમાં એક ઉદ્યોગપતિ તરીકે પ્રગતિ કરી રહેલા પુરુષોત્તમદાસભાઈ ડી. પટેલ તૈયાર હતા. તેમણે અને તેમના સુપુત્ર રોહિતભાઈ પટેલે પોતાના બંગલે સ્વામીશ્રીને પધરાવીને સેવાનો લહાવો લઈ લીધો.

તા. ૧૯-૩-૧૯૮૨ના રોજ ડેરા દુબઈ ખાતે હોરલેન્સમાં સ્વામીશ્રીના હસ્તે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની પટપ્રતિમાની પ્રતિષ્ઠા થઈ અને જાણે અહીં ભાવિ શિખરબદ્ધ મંદિરનાં બીજ રોપાઈ ગયાં! ભલે આ મંદિર વિધિવત્ સ્થપાયેલું મંદિર નહોતું, પરંતુ આ અવસરે સ્વામીશ્રીના આ પ્રથમ આગમનને દુબઈની ધરતી પર ચિરંતન બનાવી દીધું. સ્વામીશ્રીએ ખાસ સંકલ્પપૂર્વક પ્રાર્થના કરી હતી કે 'આ દેશનો ખૂબ વિકાસ થાય, અહીંના રાજાઓને સુખ-શાંતિ થાય, ધર્મનાં કાર્યો થાય અને બધાને સુખ થાય....'

અબુધાબીમાં ઇન્ડિયા સોશ્યિલ સેન્ટરમાં સભા યોજાઈ ત્યારે રાજદૂત લલિત માનસિંહે યુ.એ.ઈ.માં સ્વામીશ્રીના આ આગમનને વધાવ્યું હતું. આ સમયે દુબઈના ગુરુદ્વારામાં તથા દુબઈની વૈષ્ણવ હવેલીમાં પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ કાર્યક્રમો યોજાયા હતા. સ્વામીશ્રીની સાધુતા અને દિવ્યતાનો એક અનોખો પ્રભાવ સૌ ભારતીયોમાં છવાયો હતો.

શારજાહ, દુબઈ અને અબુધાબીમાં સ્વામીશ્રી અને સંતમંડળે પગલાં કર્યાં, ભરપૂર સત્સંગલાભ આપ્યો, ભક્તિ-સંગીતની હેલી વરસાવી, ભક્તોનાં ઘરોમાં પધરામણીઓ કરી, સૌને સત્સંગની અનોખી આબોહવામાં તરબતર કરી દીધા. એક અઠવાડિયામાં સ્વામીશ્રીએ અહીં સૌને પોતાની મોહિનીમાં ઘેલા કરી દીધા.

ત્યાર પછી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે સન ૧૯૮૫ના માર્ચ મહિનામાં પુનઃ સ્વામીશ્રીનું અહીં આગમન થયું ત્યારે દુબઈ-શારજાહના રાજ પરિવારના એક માનવંતા અતિથિ તરીકે પધરાવ્યા હતા. શ્રી ભગવાનદાસ ભાટિયાએ સ્વામીશ્રીને અહીં પધરાવવાની સેવા કરી હતી. આ યાત્રા દરમ્યાન શેઠ શ્રી લખાલૂલા પણ સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવમાં રંગાઈ ગયા. તેમની ફાઇવ સ્ટાર એસ્ટોરિયા હોટેલમાં સભાઓ યોજાતી રહી. આ વખતે પણ ભારતીય કોન્સ્યુલેટ જનરલ અરુણકુમાર અને વાઇસ જનરલ શ્રીવાસ્તવે સ્વામીશ્રીના કાર્યક્રમોમાં ખૂબ ભાવપૂર્વક ભાગ લીધો. સ્વામીશ્રીએ દુબઈ, શારજાહ, અબુધાબી અને રાસ-અલ-ખેમામાં સત્સંગની હેલી વરસાવી દીધી. શેઠ લખાલૂલાની આસ્ટોરિયા ફાઇવ સ્ટાર હોટેલ, ભીખુભાઈ ધાનકની ફેક્ટરી તથા કોન્સ્યુલેટમાં શાનદાર કાર્યક્રમો યોજાયા. ધર્માચાર્ય પુષ્પરાજ મુનિ પણ સ્વામીશ્રીના પ્રભાવમાં રંગાયા. ભગવાન સ્વામિનારાયણનો ૨૦૫મો જન્મજયંતી ઉત્સવ શાનદાર રીતે ઊજવાયો ત્યારે કોન્સ્યુલેટ જનરલ બોલી ઊઠ્યા હતાઃ 'આજે તો અહીં હિંદુસ્તાન ખડું થઈ ગયું છે.'

આ યાત્રા દરમ્યાન સ્વામીશ્રીએ મસ્કત અને બાહરીનમાં પણ સત્સંગની હેલી વરસાવી હતી.

ત્યારબાદ સન ૧૯૯૭ અને ૨૦૦૧માં સ્વામીશ્રીએ પુનઃ આરબ દેશોની ધરતીને પાવન કરી હતી, જેમાં પૂર્વોક્ત દેશો ઉપરાંત કુવૈતમાં પણ સ્વામીશ્રીના સત્સંગ કાર્યક્રમો શાનદાર રીતે યોજાઈ ગયા. સન ૧૯૮૨થી શરૂ થયેલી સ્વામીશ્રીની આ ધર્મયાત્રાઓ ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રભાવક બનતી રહી. વધુ ને વધુ ભારતીય ધુરંધરો સ્વામીશ્રીના પ્રભાવમાં રંગાતા રહ્યા. આરબ રાજવીઓ અને આરબ ઉમરાવો પણ સ્વામીશ્રીના આધ્યાત્મિક પ્રભાવમાં રંગાયા. બાહરીનના રાજા શેખ ઈસા બિન સલમાને તો પોતાના રાજમહેલમાં પ્રમુખસ્વામી મહારાજની પધરામણી કરાવી ધન્યતા અનુભવી. આ દેશોના વડાપ્રધાનોએ પણ સ્વામીશ્રીને વધાવ્યા. ભારતીય રાજદૂતોએ રાજદૂતાવાસમાં સ્વામીશ્રીના સત્સંગ અને સન્માન કાર્યક્રમો યોજ્યા. સન ૧૯૯૭ ઉપરાંત સમયે સમયે સ્વામીશ્રીએ યુ.એ.ઈ.માં મંદિર થાય તે માટે પ્રાર્થના પણ કરી હતી.

અને તેના પ્રતાપે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શાનદાર શિલાન્યાસ સમારોહ તા. ૨૦-૪-૨૦૧૯ના રોજ યોજાઈ ગયો. બે દિવસ અબુધાબીમાં લાભ આપીને સ્વામીશ્રી પુનઃ દુબઈ પધાર્યા. તા. ૨૨ એપ્રિલથી દુબઈ ખાતે શ્રી રોહિતભાઈ પટેલના નિવાસસ્થાનની સામે વિશાળ શમિયાણામાં સતત પાંચ દિવસ સુધી સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિશિષ્ટ કાર્યક્રમો મહાનુભાવો અને હજારો ભક્તોની ઉપસ્થિતિમાં યોજાતા રહ્યા.

### દુબઈમાં પંચદિવસીય વિશિષ્ટ કાર્યક્રમો

તા. ૨૨ એપ્રિલનો દિવસ 'વેલ્યૂ ઑફ હાર્મની' એટલે કે સંવાદિતા દિન તરીકે ઊજવાયો. પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ આ વિષય પર અંગ્રેજીમાં મનનીય પ્રવચન કર્યું. આજે યુ.એ.ઈ.ના પ્રસિદ્ધ ભારતીય ઉદ્યોગપતિ અને બિઝનેસમેન મંચ પર અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત હતા.

પ્રસિદ્ધ ભારતીય ઉદ્યોગપતિ શ્રી એસ. એમ. રાવ શાર્ક સોહાર સ્ટીલ રોલિંગ મિલ્સ ગ્રૂપ નામની કંપનીના સ્થાપક અને ડિરેક્ટર છે. પરમ પૂજ્ય સ્વામીશ્રીના પ્રભાવથી તેમણે મંદિરના નિર્માણમાં વપરાશમાં આવનાર તમામ સ્ટીલની સેવા નોંધાવી છે. તેમણે સંબોધન કરીને મંદિરના આ પ્રોજેક્ટને યુ.એ.ઈ.ને એક વિશિષ્ટ પ્રદાન તરીકે ગણાવ્યો.

વિખ્યાત શીપીંગ અને લોજિસ્ટિક્સ કંપનીના ચૅરમેન શ્રી રમેશ રામક્રિષ્ણન્ પણ આ મંદિરના નિર્માણમાં ભાવપૂર્વક જોડાયા છે. તેમણે સમગ્ર મંદિરનિર્માણ દરમ્યાન થનાર લોજિસ્ટિક્સ તેમજ શિપિંગની સેવા ઉપાડી લીધી છે. તેમણે સંબોધનમાં આ પ્રોજેક્ટમાં જોડાવા બદલ પોતાનું સદ્ભાગ્ય વ્યક્ત કર્યું.


તેમણે જણાવ્યુંઃ 'મને પ્રમુખસ્વામી મહારાજને રૂબરૂ મળી શકવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત નહોતું થયું, પણ તેઓને ન મળી શકવા છતાં તેમની સાથે મારે એક જુદો જ નાતો હતો.

અહીં મંદિર હોવાનું સ્વપ્ન સૌ જોઈ રહ્યા હતા, તે સ્વપ્ન હવે સાકાર થયું છે. મંદિરનો શિલાન્યાસ મહોત્સવ આપણા સૌ માટે યાદગાર રહેશે. મંદિરનિર્માણનો આ પ્રોજેક્ટ આપણા વિસ્તારમાં વધુ ને વધુ શાંતિ, સંવાદિતા અને આનંદ લાવતો રહેશે.'

'ડાયમંડ કિંગ' તરીકે ઓળખાતા અને રોઝી બ્લૂ ગ્રૂપની કંપનીઓના સ્થાપક, માલિક, પ્રખ્યાત બિઝનેસમેન શ્રી હર્ષદભાઈ મહેતાએ આ સમગ્ર પ્રોજેક્ટમાં સંપૂર્ણ આરસની સેવા ઉપાડી લીધી છે. તેમણે જણાવ્યુંઃ 'તમારામાંથી કેટલા એવું સ્વપ્ન પણ જોઈ શકેલા કે યુ.એ.ઈ.માં મંદિર થશે? હું એવા લોકોને પણ મળ્યો છું જેઓ ૫૦ વર્ષથી પણ વધારે સમયથી અહીં છે, છતાં મંદિરનું સ્વપ્ન જોયું નથી. છેલ્લા થોડા મહિનામાં સ્વામીજીની કૃપાથી આ એક ભેટ મળી છે. આ તો કોઈક ચમત્કાર જેવું છે. સંતો સાથે વાત કરતાં જાણ્યું કે લોકોના જીવનમાં મૂલ્યો દૃઢ થાય તે આ મંદિર બાંધવાનો આપણો હેતુ છે. તેમાંનું એક મૂલ્ય છે સંવાદિતા. દુબઈ અને યુ.એ.ઈ. આ મૂલ્યો માટે જાણીતાં છે. યુ.એ.ઈ.માં આ રામરાજ્યનો અનુભવ કરી રહ્યો છું.'

અંતે આશીર્વાદ આપતાં મહંત સ્વામી મહારાજે જણાવ્યુંઃ ''Harmony (સંવાદિતા) અહીં પ્રત્યક્ષ દેખાય છે. કલ્પના કરવાની નથી. આ મંદિર જે કરે છે, તેમાં બહુધા આ સંપ્રદાયના સત્સંગી નથી. આને harmony (સંવાદિતા) ન કહેવાય તો શું કહેવાય! અને સહાયમાં કોઈ શરત નહીં. જેની પાસે જે હોય તે donate (દાન) કરે છે. બધા એકદમ પ્રેમથી આ પ્રોજેક્ટમાં જોડાયા છે. આ ચમત્કાર જ કહેવાય. કોઈએ એક વર્ષ પહેલાં કલ્પના પણ નહીં કરી હોય કે આ મંદિર થશે. અમને પણ આશ્ચર્ય લાગે છે! મંદિર જાણે કે જમીનમાંથી નીકળે છે એવો અનુભવ થાય છે. આ અકલ્પ્ય છે. ભગવાન ને મોટાપુરુષ જ જાણે કે 'શું થઈ રહ્યું છે!' અહીંથી (મંદિરમાંથી) love (પ્રેમ), peace (શાંતિ), અને harmony (સંવાદિતા)નો વિશેષ અનુભવ થશે. આ પથ્થર અને ઈંટનું મંદિર નથી. આ love, peace અને harmonyનું મંદિર છે. એમાંથી જે સ્થિરતા આવશે તેનાથી ભવ્ય કાર્ય થશે ને તે બધાને અનુભવાશે. આ પ્રોજેક્ટ બધાને પોતાનો લાગશે. મારુંતારું એવો કોઈ ભાવ રહેશે નહીં.''

સ્વામીશ્રીએ હર્ષદભાઈની સાથે તેમના સુપુત્ર રિહાનને ખાસ યાદ કર્યો. માત્ર ૧૩ વર્ષની ઉંમરે રિહાને બ્રિટિશ ચેનલનો સમુદ્ર તરીને ઓળંગ્યો હતો. સ્વામીશ્રી વર્ષોથી



**શ્રી એસ. એમ. રાવ**
સોહાર સ્ટીલ રોલિંગ મિલ્સ ગ્રૂપ, ચેરમેન


**શ્રી રમેશ રામક્રિષ્ણન્**
ચેરમેન, ટ્રાન્સ વર્લ્ડ ગ્રૂપ


**શ્રી હર્ષદભાઈ મહેતા**
રોઝી બ્લૂ ગ્રૂપ, માલિક


**શ્રી સુરેન્દ્ર કંધારીજી**
બિઝનેસમેન, શીખ અગ્રણી


**શ્રી રાજેશ બેંગાની**
બિઝનેસમેન, જૈન અગ્રણી



**શ્રી યોગેશભાઈ મહેતા**
બિઝનેસમેન, ભારતીય અગ્રણી


**શ્રી પારસ શાહદાદપુરી**
પૂર્વ ભારતીય ડિપ્લોમેટ, બિઝનેસમેન


**શ્રી આદેલ અલ અલી**
આરબ ઉમરાવ, અગ્રણી એડવોકેટ


**શ્રી પંકજભાઈ ગુપ્તા**
બિઝનેસમેન, ભારતીય અગ્રણી


**શ્રી પી. વી. શેહીન**
અગ્રણી કાનૂનવિદ, બિઝનેસમેન


**શ્રી નઝીમ અલ કુદસી**
પ્રસિદ્ધ બેંકર, પૌત્ર-સિરિયન રાષ્ટ્રપ્રમુખ


**શ્રી વિપુલ**
કોન્સલ જનરલ ઓફ ઇન્ડિયા, યુ.એ.ઈ.


**શ્રી મહેન્દ્રભાઈ આશર**
પ્રસિદ્ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ


**શ્રી જિતેન્દ્રભાઈ વૈદ્ય**
સી.ઈ.ઓ., પ્રાઈમ 4 ઇન્સ્પેક્શન

પ્રવચનોમાં તેની વાત કરી રહ્યા હતા. આજે અચાનક જ અહીં હર્ષદભાઈના પુત્ર તરીકે રિહાનનો પરિચય થતાં સ્વામીશ્રીએ તેના પર ખૂબ વાત્સલ્ય વરસાવ્યું. આશીર્વચન ઉચ્ચારતા હતા તે દરમ્યાન જ સ્વામીશ્રીએ ફરીથી રિહાનને મંચ પર બોલાવ્યો. આશીર્વચનમાં સ્વામીશ્રી કહે, 'એમના દીકરા રિહાનને મળવાની મને ઘણી ઇચ્છા હતી... આવો... આવો...' રિહાન ઉપર આવતાં જ સ્વામીશ્રી પોતાના આસન ઉપરથી ઊભા થઈ ગયા અને માઇક સોતા એકદમ આનંદથી ભેટ્યા! આ જોઈને હર્ષદભાઈ મહેતાની આંખો ભીની થઈ ગઈ!

આ નિઃસ્વાર્થ પ્રેમ સૌનાં હૃદયોએ પણ અનુભવ્યો.

તા. ૨૩ એપ્રિલનો દિવસ 'વેલ્યૂ ઑફ સર્વિસ' એટલે કે સેવાદિન તરીકે ઊજવાયો. પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામીએ આ વિષય પર પ્રવચન આપ્યું. આજના દિવસે અતિથિવિશેષ તરીકે યુ.એ.ઈ.ના વિખ્યાત બિઝનેસમેન અને સર્વપ્રથમ શીખ ગુરુદ્વારા - ગુરુનાનક દરબારના અધ્યક્ષ શ્રી સુરેન્દ્રસિંઘજી કંધારી હતા. અન્ય મહાનુભાવોમાં જૈન સેન્ટરના સ્થાપક સભ્ય અને જનરલ સેક્રેટરી શ્રી રાજેન્દ્ર બેંગાની હતા. તેઓ સંસ્કૃતમાં લખાયેલાં જૈન શાસ્ત્રોના પણ વિદ્વાન છે. પ્રાઇમ ફોર ઈન્સ્પેક્શન નામની કંપનીના સીઈઓ શ્રી જિતેન્દ્રભાઈ વૈદ્ય પણ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત હતા.

ગુરુદ્વારાના અધ્યક્ષ અને વિખ્યાત બિઝનેસમેન શ્રી સુરેન્દ્રસિંઘ કંધારીજીએ જણાવ્યું: 'ઇતિહાસ સર્જવા બદલ હું આ સંસ્થાનો આભાર માનું છું. મુસ્લિમ રાષ્ટ્ર યુ.એ.ઈ.માં પ્રથમ હિન્દુ મંદિર બાંધીને ઇતિહાસ રચનાર સંસ્થાનું કાર્ય પ્રશંસાપાત્ર અને અભિનંદનીય છે.'

શ્રી રાજેન્દ્ર બેંગાનીએ કહ્યું: 'અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના શિલાન્યાસમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ બધા જ લોકો સામેલ હતા. અલગ અલગ પ્રાંત અને અલગ અલગ ભૂમિકા હોવા છતાં, મહંત સ્વામી મહારાજે કહ્યું તેમ, સૌ સંવાદિતાથી જોડાયા હતા. શાસ્ત્રોમાં મણિકાંચન યોગનો ઉલ્લેખ આવે છે. મણિ અને સોનું બંને ભેગા થાય ત્યારે બંનેની કિંમત વધી જાય છે. તેમ, ભગવાન સ્વામિનારાયણે અબુધાબીની સોના જેવી જમીન ઉપર મણિ જેવું મંદિર રચીને મણિકાંચન યોગ કરી દીધો છે. આ મંદિરમાં સૌને લાગે છે કે આ અમારું મંદિર છે. એ જ તેની વિશેષતા છે.'

શ્રી જિતેન્દ્રભાઈ વૈદ્યે જણાવ્યું કે 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ યુ.એ.ઈ.માં મંદિર લાવીને જે કાર્ય કર્યું છે તેને એક-બે વર્ષ કે સદીઓ નહીં, પરંતુ યુગો યુગો સુધી સૌ યાદ કરશે. યુ.એ.ઈ.ની ધરતી પર ક્યારેય આપણે આવા મંદિરની કલ્પના કરી નહોતી.'

સ્વામીશ્રીએ આ ત્રણેય મહાનુભાવોને શાલ ઓઢાડીને સન્માન્યા.

તા. ૨૪ એપ્રિલનો દિવસ 'વેલ્યૂ ઑફ ફેઇથ' એટલે કે શ્રદ્ધાદિન તરીકે ઊજવાયો. વિવેકજીવનદાસ સ્વામીએ આ વિષય પર પ્રવચન આપ્યું. આજના દિવસે અતિથિવિશેષ તરીકે પેટ્રોકેમ કંપનીના માલિક અને સુવિખ્યાત બિઝનેસમેન શ્રી યોગેશભાઈ મહેતા હતા. સાથે વિખ્યાત લાઇટિંગ કંપનીના માલિક ધર્મેન્દ્રભાઈ પટેલ પણ હતા. શ્રી યોગેશભાઈએ જણાવ્યું: 'ત્રણ દિવસ પહેલાં મહંત સ્વામીજી મારા ઘરે પધાર્યા અને મારું ઘર હવે ભગવાનનું ઘર બની ગયું છે. મારું ખરું નામ યોગી છે, જે મારા પિતાશ્રી તરફથી મળ્યું છે. જેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના એક ચુસ્ત ભક્ત હતા. તેઓ મને યોગીજી મહારાજ પાસે લઈ ગયા હતા. યોગીજી મહારાજે બીજા કોઈ વિકલ્પ આપ્યા વિના કહ્યું કે, 'એમને આપણું નામ



આપી દો.' એટલે યોગીજી મહારાજે મને તેમનું નામ આપ્યું માટે મારું નામ યોગી છે. અને ત્યારપછી કોઈ કારણસર, હું મારો રસ્તો ભૂલ્યો અને ભૂલી ગયો હતો કે હું ભગવાન સ્વામિનારાયણનો ભક્ત છું. પરંતુ હું અહીં ઘણી નમ્રતા સાથે અત્યંત ગૌરવ અનુભવું છે કે હું સ્વામિનારાયણ સંપ્રદાયનો છું. આપણી પાસે આ કંઠી છે એ એક જાદુ છડી છે. તમે જ્યારે પણ તકલીફમાં હો અને તમે આ કંઠી પર હાથ ફેરવો, તમે જય સ્વામિનારાયણ કરો અને પછી તમે જુઓ કે કેવી શાંતિ પ્રવર્તે છે અને તમારી પ્રાર્થનાનો જવાબ મળે છે. લોકો મંદિરમાં મોક્ષ મેળવવા જાય છે, આધ્યાત્મિકતા મેળવવા જાય છે, શાંતિ અને સુખ મેળવવા જાય છે. અને એટલે જ આ સ્વામિનારાયણ મંદિર યુ.એ.ઈ.માં આવ્યું છે.'

વિખ્યાત લાઈટિંગ કંપનીના માલિક અને આર્ટ ઑફ લિવિંગના અગ્રણી સૂત્રધાર શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ પણ મંદિરના સેવાકાર્યમાં જોડાયા છે. તેમણે કહ્યુંઃ 'શિલાન્યાસ કાર્યક્રમમાં એક વ્યાવસાયિકની દૃષ્ટિએ હું કલ્પના કરી શકતો નથી કે આ આખો કાર્યક્રમ કેટલો ચોક્સાઈપૂર્વક આયોજિત હતો! ઘણુંબધું આયોજન થયું. ઘણા બધા પુનરાવર્તન (રિહર્સલ), ચર્ચાઓ વગેરે થયાં, પણ એ બધામાં એક ગુણવત્તા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સતત દેખાતી હતી અને એ છે મહંત સ્વામી મહારાજના આશીર્વાદ. જેમનું નામ કદાચ ન લેવાયું હોય પણ આ સ્વયંસેવકો બી.એ.પી.એસ.નું આગવું લક્ષણ છે. આ સૌ સ્વયંસેવકોને આપણે ખૂબ ધન્યવાદ આપીએ.

શિલાન્યાસ સમારંભ પછી મારા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર મહારાજે મને ફોન કર્યોઃ 'वहाँ कैसा चल रहा है?' અને મેં કહ્યું, 'ગુરુદેવ આ એક જબરજસ્ત અનુભવ હતો, મને બહુ સારું લાગ્યું. કારણ કે આપણે એક ઇતિહાસ રચી રહ્યા છીએ અને હું એનો એક ભાગ બની શક્યો.' ગુરુદેવ કહેઃ 'इसको बहुत आगे लेकर जाना है। यह सिर्फ इन्डियन के लिए ही नहीं है मगर यह समग्र विश्व के लिए है।'

અંતે સ્વામીશ્રીએ કહ્યુંઃ 'આ બધું જે આપણે બોલીએ છીએ તે બધું પ્રમુખસ્વામી મહારાજ જીવતા હતા. તેઓ ખાલી બોલતા નહોતા, બધું જીવતા હતા.'

તા. ૨૫ એપ્રિલનો દિવસ 'વેલ્યૂ ઑફ હ્યુમિલિટી' એટલે કે વિનમ્રતા દિન તરીકે ઊજવાયો. આ વિષય પર પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીએ મનનીય પ્રવચન આપ્યું.

આજના અતિથિવિશેષ શ્રી પારસ શાહદાદપુરી પૂર્વે ચીન, અમેરિકા, સાઉદી અરેબિયા અને લીબિયામાં ભારતીય રાજદૂત તરીકે સેવા આપી ચૂક્યા છે અને વર્તમાન સમયે વિખ્યાત નિકાઈ ઇલેક્ટ્રોનિક્સના માલિક છે. તેઓ ભારતીય ઉદ્યોગપતિ અને બિઝનેસમેનના એસોસિયેશનના પ્રમુખ પણ છે. અનેક સિદ્ધિ-પ્રસિદ્ધિ મેળવનાર તેઓ આ મંદિર સાથે ભાવનાપૂર્વક જોડાયેલા છે. તેમણે સંબોધન કરતાં કહ્યુંઃ 'પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અહીં મંદિરને સાકાર કરવા માટે જે પુરુષાર્થ કરવામાં આવ્યો છે તે મેં મારી જિંદગીમાં ક્યારેય જોયો નથી. આ મંદિર માત્ર આપણી આસ્થાનું નહીં, પરંતુ સમગ્ર સંસ્કૃતિનું પ્રતીક બનશે. મેં ક્યારેય આટલા ઉત્સાહ અને ભક્તિથી સેવા કરતા સ્વયંસેવકોને જોયા નથી, જેઓ અહીં આખો દિવસ સેવારત રહે છે.'

યુ.એ.ઈ.ના સ્વાસ્થ્ય અને સલામતી તેમજ સુરક્ષા વ્યવસ્થામાં કાર્યરત અને નિષ્ણાત ઍડવોકેટ આરબ ઉમરાવ શ્રી આદેલ અલ અલી તો જાણે મંદિરના એક અદના સેવક તરીકે સેવા આપી રહ્યા છે! 'જય સ્વામિનારાયણ' ઉચ્ચારીને તેમણે સભાને સંબોધતાં કહ્યુંઃ 'આપે મને કાર્યકર તરીકે

સ્વીકાર્યો તે બદલ હું વિશેષ આનંદ અનુભવું છું. હું મારી જાતને અહીંનો મહેમાન માનતો નથી, હું બી.એ.પી.એસ.નો જ સભ્ય છું. મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિથી આપણે પવિત્ર થયા છીએ. જો આપણે નમ્ર થઈશું તો ભગવાન આપણને ઊર્ધ્વગતિ આપશે. આ મંદિર પૂરું થવાની હું આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.'

ગલ્ફ ઇસ્લામિક ઇન્વેસ્ટમેન્ટ કંપનીના સ્થાપક અને સીઈઓ શ્રી પંકજભાઈ ગુપ્તાએ પણ અનેક સિદ્ધિઓ મેળવી છે. આજે અતિથિવિશેષ તરીકે સંબોધન કરતાં તેમણે જણાવ્યું: 'મેં મારાં છેલ્લાં ૨૦ વર્ષ યુ.એ.ઈ.માં ગાળ્યા છે અને હું અતિશયોક્તિ નથી કરતો પણ આજે મેં જે જોયું છે તે અશક્ય છે. આ મંદિર બી.એ.પી.એસ.ના અથાક પ્રયત્નોનું ફળ છે. શિલાન્યાસના દિવસે મારા ૧૩ વર્ષના બાળકે મને પૂછ્યું, 'આ શિલાન્યાસમાં જવું તે શા માટે વિશેષ છે? જે સંસ્થા વિષે આપ વાતો કરી રહ્યા છો તે સંસ્થામાં શું વિશેષતા છે? મેં મારા બાળકને કહ્યું: ક્યારેય પણ તને નિઃસ્વાર્થપણાના, આત્મીયતાના અને પ્રતિબદ્ધતાનાં દર્શન કરવાની ઇચ્છા થાય ત્યારે બી.એ.પી.એસ.ના કોઈ એક પ્રસંગમાં કે કોઈ એક કેન્દ્રમાં જજે અને પોતાને સ્વયંસેવક તરીકે ઓળખાવતા લોકોને મળજે, જેઓ હૃદયથી કામ કરતા હશે. તેઓ કઈ પદવીના છે, કયા પરિવારમાંથી આવે છે તેનો વિચાર કર્યા વિના સંપૂર્ણ નિર્માનિતાથી સેવા કરે છે. આપણો ધર્મ આપણને આ શીખવે છે. આપણી આસ્થા આપણને આ શીખવે છે.

તમે બી.એ.પી.એસ.માં જે જુઓ છો તે ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. તેઓ સંવાદિતામાં માને છે, શાંતિમાં માને છે, પ્રેમમાં માને છે. કોઈ ભેદભાવ નથી. તેઓ સહઅસ્તિત્વમાં માને છે. મેં તેમની આંખોમાં અને શબ્દોમાં આદરભાવ જોયો છે, જે મને બી.એ.પી.એસ. સાથે સંકળાયેલો હોવાનું ગૌરવ પ્રદાન કરે છે.

હું આ મંદિરને બી.એ.પી.એસ. કે હિન્દુ મંદિર તરીકે જોતો નથી, પણ વૈશ્વિક મંદિર તરીકે જોઉં છું.'

સુવિખ્યાત ગુડવિન્સ લૉ કોર્પોરેશનના સૂત્રધાર શ્રી શેહીન મંદિરનિર્માણના કાર્યમાં કાનૂન અને કાયદાની દૃષ્ટિએ ખૂબ આત્મીયતાથી સેવા આપી રહ્યા છે. તેઓ FLI Netના ડિરેક્ટર છે, જેમાં ૮૦ દેશોના ૧૪,૦૦૦ વકીલોનો સમાવેશ થાય છે.

તેમણે સંબોધન કરતાં પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામની આતંકવાદી ઘટના વેળાએ ક્ષમાનું સર્વોત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું તે વિગતે વર્ણવી જણાવ્યું: 'પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'આ હુમલાના નામ પર એક ટીપા જેટલું લોહી પણ વહેવું ન જોઈએ. અમારે બદલાની કોઈ ભાવના નથી. આવા અદ્ભુત દિવ્ય શબ્દો માત્ર પવિત્ર આત્મામાંથી જ આવી શકે, જેઓના રોમ રોમમાં માનવતા વરેલી હોય. પ્રમુખસ્વામી મહારાજના શબ્દો આજે ક્રિમિનોલોજી અને ક્રિમિનલ એડમિનિસ્ટ્રેશન માટે એક ઉદાહરણરૂપ છે જે બધી જ કાયદાકીય શાખાઓમાં શીખવવામાં આવે છે. આજ દિન સુધી આ ઉદાત્ત સંસ્કૃતિ સાથે સંકળાયેલા હોવાનું મારું ગૌરવ અને અહોભાગ્ય રહ્યું છે. જ્યાં સુધી મારામાં પ્રાણ છે, ત્યાં સુધી મારી સેવા ચાલુ રહેશે.'

તા. ૨૬ એપ્રિલના રોજ યુ.એ.ઈ. ખાતેના સ્વામીશ્રીના જાહેર કાર્યક્રમોનો છેલ્લો સમારોહ હતો. આ સમારોહ એક કૃતજ્ઞતા સમારોહ તરીકે ઊજવાયો. યુ.એ.ઈ.ના આ મંદિરના નિર્માણનું સૂત્ર સંભાળી રહેલા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કરેલા મંદિરના સંકલ્પની વાત કરીને તેમાં જોડાયેલા સૌ કોઈનો કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

આજના સમારોહમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત વિખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપનીના સૂત્રધાર અને વરિષ્ઠ ભારતીય અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ આશરે જણાવ્યું: 'મને આનંદ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે શબ્દો જડતા નથી, પણ એટલું જરૂર કહીશ કે આ સમયમાં જીવી રહેલા આપણે સૌ ભાગ્યશાળી છીએ કે અહીં આ મંદિર બંધાઈ રહ્યું છે. અહીંયાં અમે પૂજા-પાઠ કરતા, પણ અંદરથી ઇચ્છા થતી કે મોટી જગ્યા હોય તો કેવું સારું? પણ હવે આપણે કહી શકીએ કે જે આપણા જીવનકાળમાં ક્યારેય પણ વિચાર્યું ન હોય તેવું સંપૂર્ણ મંદિર બની રહ્યું છે. મારે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનવો જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા હતા ત્યારે મને તેમનાં દર્શનની તક મળી હતી. ભગવાનની ઇચ્છા છે અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ છે એટલે આ મંદિર ચોક્કસ થશે જ.'

સિરિયાના પૂર્વ રાજા તથા રાષ્ટ્રપ્રમુખના પૌત્ર અને યુ.એ.ઈ.ના પ્રસિદ્ધ બિઝનેસમેન શ્રી નઝીમ અલ કુદસીએ 'જય સ્વામિનારાયણ' ઉચ્ચારીને સંબોધન કરતાં જણાવ્યું: 'મારા ગુરુ પ્રમુખસ્વામીની કૃપા અને મહંત સ્વામી મહારાજની કૃપાથી તમારી સાથે કૃતજ્ઞતા અંગે થોડા વિચારો વ્યક્ત કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. સ્વામિનારાયણ સંતો-ભક્તો પાસેથી એક મોટો પાઠ શીખવાનો છે કે ગમે તેટલી ટેક્નિકલ મુશ્કેલીઓ હોય અને કોઈપણ અવળું પરિણામ આવે એવું દેખાય છતાં પણ તેઓ કેવા સંપથી કાર્ય કરે છે! અને સમગ્ર પ્રક્રિયામાં દરેક સેકંડે પ્રમુખસ્વામીની કૃપા તેમની સાથે રહે છે. મારી ઇચ્છા છે કે એક સામાન્ય સેવક તરીકે આ મંદિરને સાફ કરવાની સેવા હું કરી શકું. આ મંદિરનો વર્તમાન એક શક્તિશાળી ભવિષ્યમાં પરિણમશે.'

દુબઈના ભારતીય ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

પૂર્વપ્રમુખ શ્રી એસ. વેંકટેશે સંબોધન કરતાં કહ્યું: 'લાખો લોકોનું સ્વપ્ન મંદિર રૂપે સાકાર બની રહ્યું છે. કોઈએ અહીં આવી રણભૂમિમાં મંદિર બનાવ્યું હોય એવી કલ્પના કરવી અશક્ય છે. મંદિર એ યુ.એ.ઈ.ના શાસકોએ આપણને આપેલી એક કીંમતી ભેટ છે. અને આ અરબસ્તાનની ધરતી ઉપર મંદિર બાંધવાનું પગલું ભરનાર મહંત સ્વામી મહારાજનો આભાર માનવો જોઈએ. આ મંદિર આવનારી પેઢીઓ માટે એક મહાન સ્થાન બનશે.'

મધ્ય-પૂર્વના દેશોના અન્ય જાણીતા ઉદ્યોગપતિ અને સ્કોર્પિયન ઇન્ટરનેશનલ કંપનીના સૂત્રધાર શ્રી લવેશ દાસવાણી ચિન્મય મિશનના પણ સ્થાનિક અગ્રણી છે. તેમણે આ મંદિરના કાર્યને એક અદ્વિતીય સિદ્ધિ તરીકે ગણાવ્યું.

આજના પ્રસંગે યુ.એ.ઈ. ખાતેના ભારતીય કોન્સલ જનરલ શ્રી વિપુલ પણ ઉપસ્થિત હતા. તેમણે કહ્યું: 'અબુધાબી ખાતે આકાર લઈ રહેલા ખૂબ સુંદર મંદિર માટે અહીં પધારવા માટે હું મહંત સ્વામી મહારાજનું આનંદભર્યું સ્વાગત કરું છું અને તેમનો આભારી છું. મારે કહેવું પડશે કે બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો સર્વોત્કૃષ્ટ છે. તેઓ જે કાર્ય કરે છે અને કાર્યને સફળ બનાવવા માટે ઝીણામાં ઝીણી વિગતોમાં જાય છે તે શ્રેષ્ઠ છે. આ મંદિર સમગ્ર વિશ્વમાં શાંતિ અને સદ્‌ભાવનાનું એક મોટું પ્રતીક બનશે. આ મંદિર ભારત અને યુ.એ.ઈ.ની મૈત્રીનું એક દૃઢ પ્રતીક બનશે અને ભારતીયોના યુ.એ.ઈ.માં બંધાયેલી ઈમારતોના હિસ્સાનું પ્રતીક બની રહેશે. આ મંદિર ભારતીય સમુદાયનો ચહેરો બની રહેશે.'

ત્યારબાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કર્યું.

અંતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું: 'બધા મહાનુભાવોએ સ્વયંસેવકોની વાત કરી. ખરેખર સ્વયંસેવકોએ રાતદિવસ કામ કર્યું છે અને શોભાવ્યું છે. હૃદયથી ખૂબ સારી રીતે કાર્ય કર્યું.

બીજી વાત, જેટલા મહાનુભાવો સ્ટેજ ઉપર આવ્યા તે બધાએ હૃદયથી વાત કરી, બનાવટ નહીં. એટલી બધી સચ્ચાઈ ભરી છે કે આપણા હૃદયમાં તે વાત ઠરે. હજી તો મંદિર થવાનું છે તે પહેલાં આપણને મંદિર દેખાયું!

ત્રીજી વાત, આપણા સંતો. આપણે વખાણ ન થાય. પણ સંતો જે બોલ્યા છે તે બધાના વર્તનમાં છે, ખાલી બોલી ગયા નથી. અને ઈશ્વરચરણ સ્વામી! એ તો અમારા પ્રાણ કહેવાય એવા છે, તે બધી એક્ટિવિટી અને બધું હેન્ડલ કરે છે. તેમને સંપૂર્ણ જ્ઞાન છે. તેમના પર સ્વામીબાપાનો સંપૂર્ણ રાજીપો છે અને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પણ જેમ બધા તાંતણા હોય ને તેને ગૂંથે તેમ તે બધાને ભેગા કર્યા છે ને એવી સંપની ભાવના ઊભી કરી છે કે આ બધા જ એકબીજાની સાથે ગૂંથાઈ ગયા છે. યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજનું સૂત્ર જ છે – સંપ, સુહૃદભાવ અને એકતા. જે આ કાર્યમાં મૂર્તિમાન દેખાય છે. માટે બધાને ખૂબ ધન્યવાદ આપવામાં આવે છે. બસ, આવી રીતે મંદિર થઈ જશે.'

સ્વામીશ્રીએ ખૂબ અદ્‌ભુત આશીર્વાદ અર્પ્યા. અંતે સૌએ પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીને વિવિધ પુષ્પહારથી વધાવ્યા. ઠાકોરજી, સ્વામીશ્રી અને સંતો માટે આટલા દિવસ સુધી જે પરિવારે પોતાનાં ઘર ખુલ્લાં મૂકી દીધાં હતાં તેવા રોહિતભાઈ પટેલ અને મનુભાઈના પરિવારે ૧૫ ફૂટ લાંબો ગુલાબહાર પહેરાવીને સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું.

આજથી બે દિવસ સુધી સ્વામીશ્રીએ યુ.કે.ના સંનિષ્ઠ હરિભક્ત શ્રી અમિતભાઈ પટેલના પામ જુમેરા ખાતે સમુદ્ર તટે આવેલા નિવાસસ્થાને નિવાસ કરીને સત્સંગ લાભ આપ્યો હતો. ત્યારબાદ સ્વામીશ્રી સૌની વિદાય લઈને દુબઈથી ભારત પધારીને આણંદ ખાતે બિરાજ્યા હતા. ◆


**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, બારડોલી** — **પ્રવેશ અંગે**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, બારડોલીમાં જૂન ૨૦૧૯થી શરૂ થતા નવા સત્રમાં ધોરણ ૯ થી ૧૨ તેમજ કૉલેજના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ ઓફિસ સમય સવારે ૯ થી સાંજે ૬ વાગ્યા દરમ્યાન પિતા/વાલી સાથે રૂબરૂ મળવાનું રહેશે.

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, બારડોલી. મો. ૯૯૯ ૮૯૯ ૨૩૯૯ ◆

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, અટલાદરા** — **પ્રવેશ અંગે**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, અટલાદરામાં જૂન ૨૦૧૯થી શરૂ થતા નવા સત્રમાં કૉલેજના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ ઓફિસ સમયમાં પિતા/વાલી સાથે રૂબરૂ મળવાનું રહેશે.

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલની બાજુમાં, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માર્ગ, અટલાદરા, વડોદરા. મો. ૯૯૯ ૮૯૯ ૧૦૩૬ ◆

# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો




કંથરાજ ખાતે મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા ત્યાગવલ્લભ સ્વામી, પ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલ મહાયજ્ઞમાં આહુતિ અર્પતા ભક્તો...

## કંથરાજ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દક્ષિણ ગુજરાતના ઓલપાડ તાલુકાના કંથરાજ ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

બહુધા રાજપૂત-દરબારોની વસ્તી ધરાવતા કંથરાજમાં સત્સંગની શરૂઆત સન ૧૯૮૧થી થઈ હતી. સંનિષ્ઠ હરિભક્ત શ્રી પ્રતાપસિંહ સોલંકી, શ્રી બહાદુરસિંહ સોલંકી, શ્રી નરપતસિંહ સોલંકી અને શ્રી ઈશ્વરસિંહ સોલંકીના ઉત્સાહથી અહીં બી.એ.પી.એસ. સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામ્યો છે. સન ૧૯૯૦થી શ્રીજીનંદનદાસ સ્વામી અને સંતોના નિયમિત વિચરણની સાથે સાથે સમયાંતરે વરિષ્ઠ સંતવર્યોના વિચરણથી સત્સંગનો ખૂબ વિકાસ થયો, પરિણામે સંયુક્ત મંડળ ઉપરાંત બાલ-યુવા -મહિલા સત્સંગમંડળો પ્રગતિશીલ બનીને વિકસવા લાગ્યા. હરિભક્તો ને કાર્યકરો શિબિરો-અધિવેશનોમાં ભાગ લેતા થયા અને સત્સંગનું ઊંડાણ પણ વધતું ગયું. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે દૃઢાવેલા સંપ, સુહૃદભાવ અને એકતાના પાઠો આ હરિભક્તોએ ખરેખર દૃઢ કર્યા છે. આમ, સત્સંગનો વિકાસ થતાં અહીં મંદિરની આવશ્યકતા જણાઈ.

નિષ્ઠાવાન હરિભક્ત શ્રી પ્રફુલ્લસિંહ ચંદ્રસિંહ સોલંકીએ પોતાની જમીન મંદિર-નિર્માણ માટે અર્પણ કરતા તા. ૧૮-૧૦-૨૦૧૮ના રોજ મંદિરનો ખાતવિધિ યોજાયો. શ્રી મહેન્દ્રસિંહ સોલંકી, જનકસિંહ સોલંકી, મનોજસિંહ ઠાકોર, જનકસિંહ આઈ. સોલંકી, રણજિતસિંહ સોલંકી, બળવંતસિંહ દેલાડા, હિતેન્દ્રસિંહ સોલંકી, મહેન્દ્રસિંહ ઠાકોર, ધર્મેન્દ્રસિંહ સોલંકી વગેરે હરિભક્તોના પુરુષાર્થ અને ઉત્સાહથી માત્ર પાંચ જ મહિનામાં બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચતાં સમગ્ર ગામ ઉત્સવમય બની ગયું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૯-૪-૨૦૧૯ના રોજ 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, જેમાં ૨૫૦થી વધુ યજમાનોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ ઢળતી બપોરે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા નીકળી હતી. સંધ્યા સભામાં કીર્તનભક્તિ યોજાઈ હતી.

તા. ૨૮-૧-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્તવિધિપૂર્વક મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ. તેનો સ્થાપનવિધિ તા. ૧૦-૪-૨૦૧૯ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. મૂર્તિપ્રતિષ્ઠા સમારોહ સભા યોજાઈ, જેમાં

‘વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ’ને વધાવતાં ભક્તિનૃત્ય અને ઉત્તમપ્રકાશદાસ સ્વામીના પ્રાસંગિક વક્તવ્ય બાદ ત્યાગવલ્લભદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં.

અહીં વિચરણ કરતાં શ્રીજીનંદનદાસ સ્વામી તથા ભગવદ્જીવનદાસ સ્વામી તથા અગ્રેસર કાર્યકરોના માર્ગદર્શન મુજબ સ્વયંસેવકોની અજોડ સેવાથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો.

સર્વાંગ સુંદર તૈયાર થઈ ગયું.

આ બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૪-૧-૨૦૧૯ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓની સુશોભિત રથોમાં શોભાયાત્રા યોજાઈ. આ શોભાયાત્રામાં હરિભક્તો પરંપરાગત પરિવેશમાં વાજિંત્રો, તીર-કામઠાં ધારણ કરીને અનેરા આનંદ સાથે જોડાયા હતા. શોભાયાત્રાના વિરામ






કોલ-બોકડિયા ખાતે શોભાયાત્રામાં ઉત્સાહભેર સામેલ સ્થાનિક પરિવેશમાં ભક્ત સમુદાય, વિજોલ ખાતે શોભાયાત્રા...

## કોલ-બોકડિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુજરાત-મધ્યપ્રદેશની સરહદ નજીક વસેલું કોલ બોકડિયા ગામ એટલે છોટાઉદેપુર જિલ્લાનું છેવાડાનું ગામ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ ગામમાં રચાયેલા નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

આ ગામમાં સન ૧૯૯૭માં પૂજ્ય મહાપુરુષદાસ સ્વામીએ શ્રી ઝેન્દુભાઈ રાઠવાના ઘરે સત્સંગ સભા શરૂ કરી હતી ત્યારથી અહીં સત્સંગની ભાગીરથી વહેવા લાગી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી આ વિસ્તારમાં દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને સંતોએ અવિરત વિચરણ કરીને સત્સંગ વિકાસને વેગ આપ્યો, પરિણામે વ્યસન, માંસાહાર અને અંધશ્રદ્ધામાં ગુલતાન ગ્રામજનોમાં જીવન-પરિવર્તનના અધ્યાય શરૂ થયા. કોલ-બોકડિયામાં સત્સંગનો સૂર્યોદય થતાં અજ્ઞાનનો અંધકાર દૂર થયો. આ વિસ્તારમાં ગુનાટા તથા ધયાણા(મધ્યપ્રદેશ) વગેરે અનેક ગામોમાં સત્સંગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી રહ્યો છે. તેને વિશેષ પુષ્ટિ આપવા નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ.

શ્રી ખુરબાનભાઈ રાઠવાએ પોતાની જમીન મંદિર માટે અર્પણ કરી. સંતોના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણકાર્ય આરંભાયું. હરિભક્તોના ભક્તિમય પુરુષાર્થથી મંદિર બાદ સંધ્યાસભામાં સંતોએ કીર્તનભક્તિ દ્વારા સૌને ભક્તિભીના કર્યા હતા.

તા. ૨૫-૧-૨૦૧૯ના રોજ માંગલિક મુહૂર્તમાં મહાપૂજાવિધિ યોજાયો હતો. ત્યારબાદ બોડેલી ખાતે તા. ૮-૮-૨૦૧૮ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય દિવ્યસ્વરૂપદાસ સ્વામી તથા સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સ્થાપનવિધિ બાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ પ્રેરણાવચનો પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

## વિજોલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી વિસ્તારમાં વિજોલ ગામે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બોડેલી મંદિરથી વિચરણ અર્થે પધારતા સંતોની કથાવાર્તાથી અહીંના ગામજનોને સત્સંગનો રંગ લાગ્યો, પરિણામે ધીરે ધીરે સૌ મેલી વિદ્યા, વહેમ, અજ્ઞાન અને વ્યસનોની ગુલામીમાંથી મુક્ત થયા. ગામમાં અનેક ચૈતન્ય મંદિરો નિર્માણ પામવાં માંડ્યાં ને સત્સંગથી જીવનધોરણ ઊંચાં

આવ્યાં. આમ સત્સંગની અભિવૃદ્ધિ થતાં મંદિરની આવશ્યકતા જણાઈ. મંદિર નિર્માણકાર્યના શ્રમયજ્ઞમાં સૌ હરિભક્તો સંપ, સુહૃદભાવ અને એકતાથી જોડાઈ ગયા. સૌના અપાર ઉત્સાહ વચ્ચે મંદિરનું નિર્માણ થયું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૨-૨૦૧૯ના રોજ મંદિરમાં સ્થાપિત થનાર ભગવત્સ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ૨૦૦૦થી વધુ ભક્તો-ભાવિકો અપૂર્વ ઉત્સાહથી જોડાયા હતા. શોભાયાત્રાના વિરામ બાદ યોજાયેલી સંધ્યા સભામાં દિવ્યસ્વરૂપદાસ સ્વામી તથા ભક્તવત્સલદાસ સ્વામીએ પ્રેરણાવચનોનો લાભ આપ્યો હતો.

તા. ૨૨-૨-૨૦૧૯ના રોજ વિવેકસાગરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો હતો. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા મહેળાવ ખાતે તા. ૨-૨-૨૦૧૯ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની પ્રાસંગિક સભામાં દાહોદ યુવકમંડળે ભક્તિનૃત્યની પ્રસ્તુતિ કર્યા બાદ વિવેકસાગરદાસ સ્વામીએ પ્રેરણાવચનો પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

અહીં વિચરણ કરતા પ્રયાગપ્રિયદાસ સ્વામી અને સંતોના માર્ગદર્શન હેઠળ કાર્યકર શ્રી વેચાતસિંહ રાઠવા તથા સ્વયંસેવકોની સેવાથી ઉત્સવ શોભી ઊઠ્યો હતો.

## રાજુપુરા(જંત્રાલ) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી બોરસદ તાલુકાના રાજુપુરા(જંત્રાલ) ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી તીર્થધામ બોચાસણથી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા સંતોના વિચરણથી અહીં સત્સંગ સતત અભિવૃદ્ધિ પામ્યો છે. સન ૨૦૦૫થી સત્સંગમંડળનો શુભારંભ થયો. બોચાસણ મંદિરમાં અહીંના આબાલવૃદ્ધ હરિભક્તો નિયમિત સેવામાં જોડાય છે. વિશેષ કરીને મહિલામંડળ રસોડા વિભાગની સેવામાં સતત જોડાયેલું રહે છે. રાજુપુરામાં મહિલામંડળ, સંયુક્તમંડળ, બાલ-બાલિકા મંડળ, યુવકમંડળ સક્રિય થતાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. સંનિષ્ઠ હરિભક્ત અ.નિ. લલ્લુભાઈ રેવાભાઈ પરમારના સુપુત્ર શ્રી રામભાઈ, જીવાભાઈ, રાજેન્દ્રભાઈ, કમલેશભાઈ તથા મહેન્દ્રભાઈએ મુખ્યમાર્ગ પરની ભૂમિ મંદિર માટે સહર્ષ અર્પણ કરી અને સન ૨૦૧૭માં ખાતમુહૂર્ત સાથે નિર્માણકાર્ય આરંભાયું.

બોચાસણ મંદિરના કોઠારી વેદજ્ઞદાસ સ્વામી તથા નિર્દેશક શ્રી સુરેશભાઈ પ્રજાપતિ તથા ભરતભાઈ ગરાસિયાના માર્ગદર્શન હેઠળ સર્વે હરિભક્તોએ પાયાથી માંડીને ઘુમ્મટ સુધીની સેવામાં શ્રમયજ્ઞ કર્યો. ભાદરણના વતની શ્રી રાજેશભાઈ પટેલ(હ્યુસ્ટન), મનહરભાઈ પટેલ(અડાસ), સુરેશભાઈ(નાવલી)ના વિશેષ યોગદાનથી, શ્રી શરદભાઈ ઢોલરિયા(ગોંડલ) તેમજ સૌનાં સેવા, સમર્પણ ને સહકારથી સુંદર મંદિર નિર્માણ પામ્યું.

આ નૂતન મંદિર-મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા રચાઈ. તા. ૨૮-૧-૨૦૧૯ના રોજ સુશોભિત રથમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ. ભાવિક-ભક્તોએ શેરી શેરીએ ભગવાનની મૂર્તિઓને વધાવી હતી.





રાજુપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં રત ત્યાગવલ્લભદાસ સ્વામી, જૂનાગઢના ઉપનગરમાં રચાયેલ નવપ્રતિષ્ઠિત સંસ્કારધામ...

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૬-૧૧-૨૦૧૭ના રોજ બોચાસણ ખાતે વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની સ્થાપનવિધિ તા. ૨૯-૧-૨૦૧૯ના રોજ ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ. આ પ્રસંગે આજુબાજુનાં ૨૦ ગામોના હરિભક્તોએ પણ પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ પ્રાપ્ત કરવા પધાર્યા હતા.

અહીં વિચરણ કરતા યોગીરાજદાસ સ્વામી અને બ્રહ્મસાગરદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ યુવકમંડળના અદમ્ય ઉત્સાહથી અને સ્વયંસેવકોના પુરુષાર્થથી ઉત્સવની દિવ્યતાપૂર્વક ઉજવણી થઈ હતી.

## વિશ્વકર્માનગર(જૂનાગઢ) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની પ્રાસાદિક ભૂમિ જૂનાગઢમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કલામંડિત બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરની ભેટ આપી છે. મંદિરના નિર્માણથી અહીં દિન-પ્રતિદિન સત્સંગની અભિવૃદ્ધિ થતી રહી છે. તેને લક્ષ્યમાં રાખીને જૂનાગઢ શહેરના પરાવિસ્તાર મધુરમ અને જોષીપુરામાં સંસ્કારધામો નિર્માણ થયાં છે. તે જ શૃંખલામાં વિશ્વકર્મા નગરમાં પણ નૂતન બી.એ.પી.એસ. સંસ્કારધામ નિર્માણ પામ્યું છે. એ નૂતન સંસ્કારધામનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તાજેતરમાં યોજાઈ ગયો.

વિશ્વકર્મા નગર સંસ્કારધામ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૬-૪-૨૦૧૯ના રોજ શોભાયાત્રા યોજાઈ હતી. કલાત્મક રથોમાં વિરાજિત થનાર ભગવત્સ્વરૂપો દર્શન આપી રહ્યાં હતાં. જૂનાગઢના માર્ગો પર નીસરેલી આ શોભાયાત્રા સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

તા. ૨૩-૩-૨૦૧૯ના શનિવારના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલાં ભગવત્સ્વરૂપોનો સ્થાપનવિધિ તા. ૭-૪-૨૦૧૯ના રોજ વિશ્વકર્મા સંસ્કારધામ ખાતે યોજાયો હતો. આ અવસરે યોગીસ્વરૂપદાસ સ્વામી, જ્ઞાનપ્રિયદાસ સ્વામી, સંતસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો હતો. જેમાં ૬૦૦ કરતાં વધારે ભક્તોએ લાભ લીધો હતો. મૂર્તિપ્રતિષ્ઠાવિધિ બાદ મુખ્ય સમારોહ જૂનાગઢ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે બી.એ.પી.એસ. છાત્રાલય, જૂનાગઢના યુવકોએ નૃત્ય પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ આત્મતૃપ્તદાસ સ્વામીએ સંબોધનનો લાભ આપ્યો હતો.

આ અવસરે નિર્માણકાર્યમાં વિશેષ યોગદાન આપનાર શ્રી જે. બી. સવાણી, શ્રી દિલીપભાઈ ડઢાણિયા, શ્રી અશ્વિનભાઈ ડઢાણિયા તથા શ્રી ધીરુભાઈ જોષી તથા અન્ય સેવાધારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આમ, કોઠારી ધર્મવિનય સ્વામી, હરિનારાયણ સ્વામી વગેરે સંતો તથા અગ્રેસર કાર્યકરોના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ સેવા કરીને ઉત્સવને સફળ બનાવ્યો હતો. ◆

## વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અંગે... શિક્ષણ સેવા...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની શિક્ષણસેવાઓના ઉપક્રમે પ્રતિવર્ષે આર્થિક સહાયની જરૂરિયાતવાળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ફંડની મર્યાદામાં રહીને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. જરૂરિયાતવાળી વ્યક્તિઓએ આ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજી કરવા વિનંતીઃ **૧.** સહાય માટેનું અરજીપત્ર મેળવવા માટે જે તે વિસ્તારમાં મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી અથવા પૂજ્ય સંતનિર્દેશકને રૂબરૂ મળી અરજીપત્ર મેળવી લેવું. **૨.** જૂનાં અરજીપત્રો સ્વીકારવામાં આવશે નહીં. માટે નવાં જ અરજીપત્રોમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં અરજી કરવી. **૩.** વિદ્યાર્થીઓએ તા. ૧૫-૭-૨૦૧૯ સુધીમાં માહિતી ભરી અરજીપત્ર તેમના વિસ્તારના પૂજ્ય સંતનિર્દેશકને મોકલી આપવું. **૪.** અરજીપત્રકો પ્રમાણિત કરનાર સંતો-કાર્યકરોએ બધી વિગતો ચકાસ્યા બાદ જ ભલામણ કરવી. **૫.** જે વિસ્તારમાં સંતોનું વિચરણ ન હોય તેમણે પોતાનાં નામ-સરનામાં લખેલા રૂ. ૫/-ના સ્ટેમ્પવાળા કવર સાથે સંપર્ક કાર્યાલયમાંથી અરજીપત્ર મંગાવવું. **૬.** તા. ૧૫-૭-૨૦૧૯ પછી અરજીપત્રો મોકલવામાં આવશે નહીં. **૭.** પૂજ્ય સંત-નિર્દેશકોએ તમામ અરજીપત્રો તા. ૨૯-૭-૨૦૧૯ સુધીમાં અમદાવાદ શિક્ષણ વિભાગમાં મોકલી આપવાનાં રહેશે.

**નોંધઃ પ્લે ગ્રૂપ, નર્સરી - કે. જી. માટે સહાય આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો.**

**સંત નિર્દેશકશ્રીને ખાસ વિનંતીથી જણાવવાનું કે વિગતો ભરીને આવેલ ફોર્મની ચકાસણી કરી પછી જ આપનો અભિપ્રાય જણાવવો. માર્કશીટ અને ફી ભરેલ પહોંચની ઝેરોક્ષ સાથે બીડવી ફરજિયાત છે.**

**સંપર્કઃ શિક્ષણ વિભાગ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ધર્મસદન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪** ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ પરથી)

**(૨) સૂક્ષ્મ ભક્તિઃ**

સૂક્ષ્મ ભક્તિ એટલે પરમેશ્વરના કલ્યાણકારી ગુણોને જાણીને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું નામ સૂક્ષ્મ ભક્તિ.

શ્રીહરિ કહે છેઃ 'જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં. પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, 'વરવા યોગ્ય કોણ છે ? તેને હું વરું.' પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહીં ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહીં. એવી રીતે ઘણાકને વિષે મોટાં મોટાં કલંક દીઠાં. પછી દેવતામાત્ર તથા દૈત્યમાત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વ ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દૃઢ ભક્તિ થઈ. પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં. માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.' (ગઢડા મધ્ય પ્રકરણ ૧૦)

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી લક્ષ્મીજીનાં ચરિત્રનું રહસ્ય સમજાવતાં કહે છેઃ

'ભક્તિનું સ્વરૂપ ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં કહ્યું છે, તે મુજબ આપણે પણ સંસારરૂપી સમુદ્રમાંથી નીસરીને વિચાર કરવોઃ 'હું આત્મા છું, માટે મારે વરવા યોગ્ય કોણ છે?' પછી ઈશ્વરકોટિ, અવતારકોટિ અને પુરુષકોટિ એ આદિ પ્રકૃતિપુરુષ પર્યંત સર્વેને કાળમાયાના સંબંધે યુક્ત જાણી, એ સર્વથી પર, સર્વના પ્રેરક, નિયંતા, સ્વામી અને અક્ષરધામના ધામી પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીના સ્વરૂપને સર્વપ્રકારે સુખરાશિ સમજી તેમને વરમાળા પહેરાવવી, એ ભક્તિનું અતિ ઉત્તમસ્વરૂપ સમજવું.' (સ્વામીની વાતોઃ ૮-૧૯)

**(૩) હૃદયની ભક્તિઃ**

હૃદયની ભક્તિ એટલે જ્ઞાનની સ્થિતિ, અંતરસન્મુખ દૃષ્ટિ, પરમાત્મામાં સ્વમનની વૃત્તિ.

આ ભક્તિનું વિશદ નિરૂપણ શ્રીહરિએ અદ્‌ભુત ઉપમા આપીને કર્યું છે.

શ્રીજીમહારાજે સર્વ હરિભક્તને કહ્યું જે, 'જે અમારા મોટા મોટા પરમહંસ છે તેની જેવી સ્થિતિ છે ને સમજણ છે તે અમે તમને બાઈ-ભાઈ સર્વેને કહીએ... અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિષે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે. જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે, 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહીં.' એવી રીતે હિંમત સહિત ઢાલ, તરવાર બાંધીને ઊભા રહે છે. તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે અને જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન-સ્ત્રીઆદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાંખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ-વૃદ્ધિ, સુખ-દુઃખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી... આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી.' (ગઢડા અંત્ય પ્રકરણ ૯)

આ ત્રિવિધ ભક્તિમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠતા છે. સ્થૂળ ભક્તિ કરતાં સૂક્ષ્મ ભક્તિ ચડિયાતી છે. સૂક્ષ્મ ભક્તિ કરતાં હૃદયની ભક્તિ શ્રેષ્ઠ છે.

સ્થૂળ ભક્તિ એટલે ત્રણ પૈડાંવાળી સાઇકલ ચલાવવા જેવી સહેલી છે. સૂક્ષ્મ ભક્તિ એટલે બે પૈડાંવાળી સાઇકલ ચલાવવા જેવું થોડું મુશ્કેલ છે. તેમાં વારે વારે લક્ષ્ય ચૂકી જવાય છે. આ મધ્યમ અવસ્થા છે. હૃદયની ભક્તિ એટલે એક પૈડાવાળી સાઇકલ ચલાવવા જેવું છે. એક પૈડાવાળી સાઇકલ સર્કસવાળા ચલાવે છે. આખા સર્કસમાં માત્ર પાંચ-સાત લોકો જ એક પૈડાવાળી સાઇકલ ચલાવી શકે છે. એક પૈડાવાળી સાઇકલ જૂજ લોકોને જ ચલાવતાં આવડે છે.

ભક્તિના આ સર્વે પ્રકારોમાં અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી એ ભક્તિનું સર્વોત્તમ સ્વરૂપ છે. ભક્તિની આ પરાકાષ્ઠા છે. ભગવાન સ્વામિનારાયણે બ્રહ્મરૂપ કે અક્ષરરૂપ થાય તેને જ ભક્તિનો અધિકારી કહ્યો છે. બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરનાર જ આત્યંતિક કલ્યાણ પામ્યો છે, એમ શ્રીહરિ ભારપૂર્વક કહે છે. (વચનામૃત લોયા પ્રકરણ ૭)

આપણે એવી પરાકાષ્ઠાની ભક્તિ કરી શકીએ એ જ પ્રાર્થના! ◆

# નેપાળમાં ભગવાન સ્વામિનારાયણના પ્રાસાદિક બુટવલ નગરમાં નીલકંઠવર્ણીના પ્રાસાદિક સ્મૃતિસ્થાનનું થયું ઉદ્‌ઘાટન





ભગવાન શ્રી સ્વામિનારાયણે કિશોરાવસ્થામાં શ્રી નીલકંઠવર્ણી તરીકે અખિલ ભારતની પદયાત્રા કરી હતી, તેમાં નેપાળ સ્થિત બુટોલનગર એક વિશેષ સ્થાન આરક્ષિત રાખે છે. બુટોલનગર એટલે કે હાલ નેપાળના બુટવલ તરીકે પ્રસિદ્ધ આ નગરમાં અહીંના તત્કાલીન મહારાજા મહાદત્ત અને તેમનાં બહેન માયારાણીની ભક્તિથી શ્રી નીલકંઠવર્ણીએ પાંચ મહિના સુધી રોકાણ કર્યું હતું. એ સ્થાન હાલ મણિમુકુંદસેન ઉદ્યાન નામથી પ્રસિદ્ધ છે.

તાજેતરમાં મણિમુકુંદસેન ઉદ્યાન સંરક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ સભ્યો અક્ષરધામ દિલ્હીની મુલાકાત બાદ બી.એ.પી.એસ. સંસ્થાનાં કાર્યોથી વિશેષ પ્રભાવિત થયા હતા. તેથી તેઓએ બી.એ.પી.એસ. સંસ્થાને અહીં સ્મૃતિ મંદિરનિર્માણ માટે ૪૩૬૦૮.૭૭ ચોરસ ફૂટ જમીન નીલકંઠવર્ણીના પ્રસાદીભૂત શિવ મંદિરની પાસે સ્મૃતિસ્થાન રચવા માટે આપી હતી. અહીં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સ્મૃતિસ્થાનનું આયોજન થયું. તેના નિર્માણ માટે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મકરાણા નિવાસી શ્રી અખિલભાઈ તથા શ્રી ઘનશ્યામભાઈ સોમપુરાએ ખૂબ જહેમત ઉઠાવી. સૌના પુરુષાર્થથી થોડા જ સમયમાં અહીં સુંદર સ્મૃતિસ્થાનનું નિર્માણ થયું.

શ્રી નીલકંઠપ્રભુની પ્રાસાદિક ભૂમિ પર રચાયેલા સ્મૃતિ-સ્થાનમાં તેઓની જ મૂર્તિ પધરાવવાનું નિર્ધારિત થયું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સારંગપુર ખાતે તા. ૨૯-૩-૨૦૧૯ના રોજ શ્રી નીલકંઠવર્ણી મહારાજની પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કરી. વૃંદાવનમાં ધર્મદેવ અને ભક્તિમાતાને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે અવતરવાનું વચન આપ્યું હતું તે પવિત્ર વૈશાખ સુદ એકાદશીના દિવસે બુટોલનગરમાં એ મૂર્તિને સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો.

બુટવલ ખાતે તા. ૧૫-૫-૨૦૧૯ના પવિત્ર દિને ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિસ્થાપનવિધિ પ્રસંગે શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ મહાપૂજાવિધિ કરાવ્યો. મણિમુકુંદસેન ઉદ્યાન સંરક્ષણ સમિતિના સભ્યો, શ્રી સ્વામિનારાયણ મુક્તિનાથ ધામ ટ્રસ્ટના સભ્યો, નજીકમાં નિવાસ કરનાર નેપાળ લશ્કરના અધિકારીઓ તેમ જ ૫૦૦ જેટલાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. મુક્તિનાથ સ્વામિનારાયણ ધામની પાઠશાળાના વિદ્યાર્થીઓ પણ મહાપૂજામાં જોડાયા હતા.

મહાપૂજા વિધિ બાદ અહીંના ઉદ્યોગ, પર્યટન અને વનસંરક્ષણમંત્રી શ્રીલીલાગિરિજીના હસ્તે નાડાછડી ખોલીને સ્મૃતિસ્થાનને અનાવૃત્ત કરવામાં આવ્યું. ત્યારબાદ ઉદ્યાનના આ ભાગને 'શ્રી સ્વામિનારાયણ મુકુન્દધામ' નામથી જાહેર કરતા બોર્ડનું અનાવરણ પૂજ્ય ત્યાગ-વલ્લભદાસ સ્વામી તથા મંત્રીશ્રીઓએ કર્યું હતું.






આ પ્રસંગે યોજાયેલી પ્રાસંગિક સભામાં પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ શ્રી નીલકંઠવર્ણીએ આ નગરમાં કરેલી દિવ્યલીલાઓની સ્મૃતિઓ કરાવીને બી.એ.પી.એસ. સંસ્થા વિશે સૌને માહિતગાર કર્યા હતા. આ અવસરે ઉપસ્થિત બ્રહ્મનિષ્ઠ લોકાનંદ સ્વામી (પીઠાધીશ, શ્રી સ્વામિનારાયણ મુક્તિનાથ), ડૉ. રવીન્દ્રદાસજી (મહંત, જનકપુર મરિયાની ધામ), સ્વામી સોમરામજી (સંસ્થાપક, કામધેનુ ગૌશાળા, ત્રિવેણી), સંવિધાન સભાના સાંસદ શ્રી નેત્રપ્રસાદ પન્થી, મણિમુકુંદસેન ઉદ્યાન વિકાસ સમિતિના સ્થાપક અને સાંસદ ભોજપ્રસાદ શ્રેષ્ઠ, મુસ્લિમ આગેવાન તથા સાંસદ શ્રી નજીરમિયાં પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ ઉદ્‌બોધન કરીને બી.એ.પી.એસ. સંસ્થાનાં વૈશ્વિક સેવાકાર્યોની પ્રશંસા કરી હતી. પ્રેરણાવચનો ઉચ્ચારતાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ, બે શતાબ્દી પહેલાં અહીં પધારેલા શ્રી નીલકંઠપ્રભુ આજે અહીં મૂર્તિ સ્વરૂપે સ્મૃતિ મંદિરમાં સ્થાપિત થઈ ગયા.

(અહેવાલઃ સાધુ શ્રુતિપ્રકાશદાસ) ◆

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી સંત-હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### પૂજ્ય જ્ઞાનવિહારીદાસ સ્વામી, સુરત, ઉં.વ. ૪૭, અક્ષરવાસ તા. ૨૫-૦૪-૨૦૧૯



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સુરતમાં રહીને સત્સંગ સેવા કરતા સેવાભાવી સંત પૂજ્ય જ્ઞાનવિહારીદાસ સ્વામી પૂર્વાશ્રમમાં ચરોતર પ્રદેશના નાર ગામના વતની હતા. તેઓએ સન ૧૯૯૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે સારંગપુરમાં દીક્ષા ગ્રહણ કરી હતી. સારંગપુર સંત તાલીમ કેન્દ્રમાં તાલીમ લીધા બાદ સન ૧૯૯૬માં પ્રમુખસ્વામી મહારાજે તેઓને સુરત ખાતે બાળપ્રવૃત્તિ વિભાગમાં સેવા કરવાની આજ્ઞા આપી હતી. ત્યારબાદ પૂજારી તથા સહાયક સંતની સેવા વર્ષો સુધી કરી હતી. સેવાભાવી તથા સરળ પ્રકૃતિ ધરાવતા આ સંત બીમાર સંતોની સેવા, હરિભક્તોની સરભરા તથા ઉતારા વિભાગની સેવા ઉત્સાહ અને મહિમાથી કરતા હતા. સંસ્થા દ્વારા ઊજવાતા નાના-મોટા ઉત્સવ-સમૈયામાં તેઓ ટેલિફોન તથા સલામતી વિભાગમાં પણ ઉત્સાહથી જોડાઈ જતા હતા. છેલ્લા શ્વાસ સુધી સુરત મંદિરમાં રહી વિવિધ વિભાગોમાં સેવા કરીને સર્વે સંતો-હરિભક્તોનાં દિલ જીતી પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજનો અઢળક રાજીપો પ્રાપ્ત કરનાર પૂજ્ય જ્ઞાનવિહારીદાસ સ્વામીના અક્ષરવાસથી સંસ્થાને એક સેવાભાવી સંતની અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી નટવરભાઈ પુરુષોત્તમદાસ પટેલ, સાઉથ લંડન, ઉં.વ. ૮૭, અક્ષરવાસ તા. ૬-૦૪-૨૦૧૯



ચરોતરના પીપળાવ ગામના વતની ભક્તરાજ શ્રી નટવરભાઈ પટેલ વર્ષોથી લંડનમાં વસીને બી.એ.પી.એસ.ના એક સંનિષ્ઠ ભક્તરાજ તરીકે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને વિવિધ સેવાઓથી રાજી કરી રહ્યા હતા. સ્વભાવે અત્યંત વિનમ્ર અને સેવા-સમર્પણમાં સદા અગ્રેસર એવા શ્રી નટવરભાઈએ પ્રમુખસ્વામી મહારાજના વચને સંસ્થાના અનેક પ્રોજેક્ટ્સમાં ઉદાર દિલે આર્થિક સેવાઓ કરી હતી. લંડન મંદિરમાં પણ તેઓએ વર્ષો સુધી સેવાઓ આપી હતી. મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર આ સેવાનિષ્ઠ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ કાંતિભાઈ મણિભાઈ પટેલ, કેનેડા, ઉં.વ. ૮૬, અક્ષરવાસ તા. ૯-૩-૨૦૧૯



મૂળ પલાણાના વતની અને વર્ષોથી કેનેડા સ્થાયી થયેલા શ્રી કાંતિભાઈ પટેલને સન ૧૯૫૫માં કંપાલામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં દર્શન થયાં ને સત્સંગનો રંગ લાગ્યો હતો. કંપાલાથી સન ૧૯૭૧માં ઇંગ્લેન્ડ અને ત્યારબાદ કેનેડામાં સ્થાયી થયા. અહીં ભક્તરાજ ભગવાનજીભાઈ માંડવિયાની સાથે સત્સંગ સેવાકાર્યમાં જોડાયા. સન ૧૯૭૦ થી ૧૯૯૦ સુધી સંતો સાથે વિચરણમાં જોડાઈને તથા મહોત્સવોમાં પણ સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સેવા, સત્સંગ, સદ્‌વાંચન, તપ વગેરેમાં શ્રદ્ધાપૂર્ણ આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ઇન્ડોનેશિયામાં યોજાઈ અસ્મિતા શિબિર



તાજેતરમાં સૌપ્રથમ વખત પૂર્વીય એશિયાના હરિભક્તો માટે 'અસ્મિતા' શીર્ષક હેઠળ ૧૯-૪-૨૦૧૯થી ઈન્ડોનેશિયામાં જોગજકાર્તા ખાતે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ત્રિદિવસીય શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં પૂર્વીય એશિયાના હોંગકોંગ, ઈન્ડોનેશિયા, જાપાન, મલેશિયા, ફિલિપિન્સ, સિંગાપોર, થાઈલેન્ડનાં બી.એ.પી.એસ. કેન્દ્રોના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આધ્યાત્મિક અસ્મિતાનાં વિવિધ પાસાંઓ પર સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો. વ્યાખ્યાનો ઉપરાંત વિવિધ માધ્યમો દ્વારા સૌએ અસ્મિતાના પાઠો હૃદયમાં દૃઢ કર્યા હતા. મહંત સ્વામી મહારાજે વીડિયો આશીર્વાદ પાઠવીને સૌને કૃતાર્થ કર્યા હતા. ◆

## એડિલેડમાં યોજાઈ બીએપીએસ વોકેથોન-૨૦૧૯




પ્રતિવર્ષ ઑસ્ટ્રેલિયામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાતી વોકેથોન આ વર્ષે પણ તા. ૬-૪-૨૦૧૯ના રોજ 'બિલ્ડિંગ એ બેટર કોમ્યુનિટી' શીર્ષક હેઠળ યોજાઈ ગઈ. એડિલેડ ખાતે આ વોકેથોન રમણીય ટોરેન્સ નદીના તટ પર યોજાઈ હતી. ૭ કિલોમીટર લાંબી આ વોકેથોનમાં સેંકડો વ્યક્તિઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. બી.એ.પી.એસ. મંદિરના સમર્પિત હરિભક્તોએ આ દોડ દ્વારા ૧૩,૩૦૧ ડોલરનું ભંડોળ એકત્ર કરીને વીમેન્સ એન્ડ ચિલ્ડ્રન્સ હૉસ્પિટલને દાનમાં આપ્યું હતું. સ્થાનિક કાઉન્સિલર શ્રી સુરેન્દર પાર અને 'વીમેન્સ એન્ડ ચિલ્ડ્રન્સ ફાઉન્ડેશન'ના અધિકારી શ્રી હેઈડી વોલ્ફ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ◆

## યુવા તાલીમ કેન્દ્ર દ્વારા યોજાયું 'અંતર જાગૃતિ પર્વ'



બી.એ.પી.એસ. યુવા તાલીમ કેન્દ્ર એટલે યુવાનોના સર્વાંગી ઘડતરનું કેન્દ્ર. તાલીમાર્થી યુવાનોનું જીવનઘડતર થાય અને ગામડાંઓમાં મૂલ્યો પ્રેરિત કાર્યક્રમો થાય તે હેતુથી પ્રતિવર્ષે આ પર્વ યોજાય છે. આ વર્ષે ૯૫ તાલીમાર્થીઓએ ગુજરાતનાં ૧૮૭ ગામોમાં વિચરણ કરીને ૨,૬૭૩ ઘરોમાં સંપર્ક કરીને ભાવિકો-ભક્તોને અઠવાડિક સભા, નિત્યપૂજા, મંદિર દર્શન, વચનામૃત વાંચન, ઘરસભા વગેરે નિયમો ગ્રહણ કરાવ્યા હતા. સાથે સાથે ૮૩૦ વ્યસનીઓને વ્યસનમુક્ત કર્યા હતા. આ પર્વ દરમ્યાન ૧૮૭ સંયુક્ત સભા, ૧૨૫ બાળસભા, ૨૮ શાળાઓમાં પ્રેરક સભાઓ યોજાઈ, જેમાં હજારો આબાલવૃદ્ધોએ પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત



## કુવૈતમાં યોજાઈ યુવા સત્સંગ શિબિર

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી કુવૈત ખાતે બી.એ.પી.એસ. સત્સંગ મંડળ ગતિમાન છે. જેમાં નિયમિત યોજાતી સત્સંગસભા અને સત્સંગ શિબિરો દ્વારા મુમુક્ષુઓ આધ્યાત્મિક પંથે વિશેષ ગતિ સાધી રહ્યા છે. 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ' ઉપક્રમે કુવૈત ખાતે તા. ૪ અને ૫ એપ્રિલ, ૨૦૧૯ના રોજ 'વચનામૃત - આપણો આદર્શ' શીર્ષક સાથે યુવા સત્સંગ શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે પૂજ્ય સંતોએ ભારતથી ઈન્ટરનેટના માધ્યમથી પ્રેરક સંબોધનોનો લાભ આપ્યો હતો. સાથે સાથે વર્કશોપ, દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ, સ્કિટ વગેરે દ્વારા પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ◆



## દક્ષિણ અમેરિકાના ગયાના ખાતે સંત વિચરણ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે તાજેતરમાં દક્ષિણ અમેરિકાના ગયાના દેશ ખાતે સૌપ્રથમ વખત બી.એ.પી.એસ. સંસ્થાના સંતોનું વિચરણ યોજાયું હતું. તા. ૯થી ૧૩ માર્ચ, ૨૦૧૯ દરમ્યાન યોજાયેલા આ સંત વિચરણમાં સૌપ્રથમ જ્યોર્જટાઉનમાં સત્સંગસભા યોજાઈ હતી. આ પ્રસંગે ગયાના ખાતેના ભારતીય રાજદૂત શ્રી વી. મહાલિંગમ્ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ બી.એ.પી.એસ. સંસ્થાના સેવાકાર્યની ખૂબ પ્રશંસા કરી હતી. ઠેર ઠેર સત્સંગસભાઓની સાથે પૂજ્ય સંતોએ અહીં વસતા ભાવિકો-ભક્તોના ઘરે પધરામણીઓ પણ કરી હતી. સંતોના આગમનથી અહીં મુમુક્ષુઓમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી.◆




## નેપાળમાં પ્રાસાદિક સ્થાનોની યાત્રાએ સંતવૃંદ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તાજેતરમાં ૪૮ સંતો નેપાળમાં દર્શનયાત્રાએ પધાર્યા હતા. અહીં શ્રીનીલકંઠવર્ણીનાં પ્રાસાદિક સ્થાન પોખરા, કાઠમંડુ, પુલહાશ્રમ વગેરેનાં દર્શન કરીને સૌએ વિશેષ મહિમા દૃઢ કર્યો. ઉપરાંત જે-તે સ્થળે સત્સંગસભાઓ યોજીને સ્થાનિકોને બી.એ.પી.એસ. સંસ્થાથી પરિચિત કરાયા હતા. કાઠમંડુ ખાતે યોજાયેલી સભામાં નેપાળના ઉદ્યોગમંત્રી, નિવૃત્ત ન્યાયાધીશ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સિક્કિમના પાટનગર ગેંગટોકના રાજભવનમાં ગવર્નર શ્રી ગંગાપ્રસાદજીએ ઠાકોરજી અને સંતોને આવકાર્યા હતા. સત્સંગસભાઓથી અનેક નેપાળીજનોને સત્સંગનો ગુણ આવ્યો હતો. ◆

# સ્વામિનારાયણ અક્ષરપીઠ


ધાર્મિક સામગ્રી, પ્રેરક પુસ્તકો,
દૃશ્ય-શ્રાવ્ય રજૂઆતોનું
વિરલ પ્રકાશનગૃહ



**પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય જીવન-સંદેશની અનુભૂતિ કરાવતાં કુલ ૬૫ કરતાંય વધુ પ્રકાશનોનો આ સંપુટ આપે વાંચ્યો છે?**

## માણો, ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન-સંદેશની આ શ્રેણી...


ભગવાન શ્રી સ્વામિનારાયણે તરુણ વયે નીલકંઠવર્ણી તરીકે કરેલી ભારતયાત્રાના અદ્‌ભુત મર્મસભર ચિત્રચરિત્રો...
**શ્રી નીલકંઠ**
હૃદયને સ્પર્શી જાય, શ્રી નીલકંઠ હૈયે વસી જાય એવો અપૂર્વ ચિત્રસંપુટ









ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવનની અદ્વિતીય તૈલચિત્રો દ્વારા ઝાંખી...
**ભગવાન શ્રી સ્વામિનારાયણ**
તૈલચિત્રો દ્વારા ચરિત્રચિત્ર ગાથા




**ભગવાન શ્રી સ્વામિનારાયણ**
એક દિવ્ય જીવનગાથા





**વચનામૃત**
આધ્યાત્મિક પ્રશ્નોનું સમાધાન





**વચનામૃત સાર-સિંધુ**
પ્રબોધેલાં વચનામૃતોમાંથી સાર-સંક્ષેપ




**અક્ષરપુરુષોત્તમ માહાત્મ્યમ્**
(ભાગ : ૧-૫)




**ભગવાન શ્રી સ્વામિનારાયણ**
વિસ્તૃત જીવન ચરિત્ર (ભાગ : ૧ થી ૫)




**ભગવાન શ્રી સ્વામિનારાયણ**
જીવન અને કાર્ય



**સ્વામિનારાયણ કથામંગલ**





**ભગવાન સ્વામિનારાયણનું વ્યક્તિત્વ**





**શ્રીજીચરિત્ર વિહાર**
ભાગ : ૧ થી ૬



**ભગવાન સ્વામિનારાયણનું**
સમકાલીન લોકજીવન





**ઘનશ્યામ ચરિત્ર**





**નીલકંઠ ચરિત્ર**





**સહજાનંદ ચરિત્ર**




**પુરુષોત્તમ બોલ્યા પ્રીતે**
ભગવાન સ્વામિનારાયણના ઉપદેશનું દોહન




**ભગવાન સ્વામિનારાયણ**
જીવન અને કાર્ય - સચિત્ર



**અક્ષરપુરુષોત્તમ દર્શન**
પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત

Swaminarayan Prakash Gujarati, June-2019, Published on 1-6-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.









## ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૩૮મો જન્મોત્સવ બી.એ.પી.એસ.નાં વિશ્વભરનાં કેન્દ્રોમાં ઊજવાયો

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સારંગપુર ખાતે ભગવાન સ્વામિનારાયણનો ૨૩૮મો જન્મોત્સવ ભવ્યતાપૂર્વક ઊજવાયો. શ્રીહરિના આ જન્મોત્સવની ઉજવણી વિશ્વભરનાં બી.એ.પી.એસ. કેન્દ્રોમાં ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી. ઠેરઠેર શ્રીહરિની શોભાયાત્રાઓ, શ્રીહરિનાં જીવન અને સંદેશ પર રચનાત્મક કાર્યક્રમો, વિદ્વાન સંતોનાં મનનીય વ્યાખ્યાનો, શ્રીહરિનાં પ્રાસાદિક સ્થળોની યાત્રાઓ વગેરે અનેકવિધ પાસાંઓ સાથે આ જન્મોત્સવ સૌને શ્રીહરિમય બનાવી રહ્યો. એટલાન્ટા, હ્યુસ્ટન, ટોરન્ટો વગેરે શહેરોમાં ઊજવાયેલા શ્રીહરિ જન્મોત્સવોની છબિઓની કેટલીક ઝાંખી...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas